| | |
|---|---|
| દાખલ તારીખ | ૧૮/૧૦/૨૦૨૫ |
| રજીસ્ટર તારીખ | ૧૮/૧૦/૨૦૨૫ |
| નિકાલ તારીખ | ૨૪/૦૩/૨૦૨૬ |
| સમય અવધિ | વર્ષ:૦૦ માસ:૦૫ દિવસ:૦૬ |

---

**દેવભૂમિ દ્વારકા જિલ્લાના મ્હે.બીજા એડીશ્નલ સેશન્સ જજ સાહેબની કોર્ટમાં, મુ.ખંભાળીયા, જી.દેવભૂમિ દ્વારકા**

---

**સ્પે.પોકસો કેસ નં.૧૫/૨૦૨૫**
**આંક : ૭૮**

**<u>ફોર્મ – એ</u>**

| | | |
|---|---|---|
| **દેવભૂમિ દ્વારકા જિલ્લાના મુ.ખંભાળીયાની કોર્ટમાં,<br>મ્હે.બીજા એડીશ્નલ સેશન્સ જજ સાહેબ,<br>જજમેન્ટની તા.૨૪/૦૩/૨૦૨૬<br>'એ' પાર્ટ ગુ.ર.નં.૧૧૧૮૫૦૦૪૨૫૧૩૫૮/૨૦૨૫,<br>બી.એન.એસ.ની કલમ–૧૩૭(૧), ૮૭, ૬૪(૧), ૫૪ તથા<br>પોકસો. એકટ–૨૦૧૨ ની કલમ–૪, ૬, ૧૭ મુજબ,<br>ખંભાળીયા પોલીસ સ્ટેશન** | | |
| ફરીયાદી | :– | **શ્રી સરકાર** |
| ફરીયાદપક્ષ તરફે વિ.વ.શ્રી | :– | **શ્રી એલ.આર.ચાવડા, પી.પી.** |
| આરોપીઓ | :– | **૧.સુજલ ઉર્ફે ટકો પ્રવિણભાઈ વસંતભાઈ રાઠોડ,** ઉ.વ.૧૯, ધંધો–મજુરી કામ, રહે.ગાયત્રીનગર, હનુમાન ડેરીની નજીક, શકિતનગર, તા.ખંભાળીયા, જી.દેવભૂમિ દ્વારકા. |

| | | |
|---|---|---|
| | | **૨.સંજય ઉર્ફે ભમો કિશોરભાઈ વસંતભાઈ રાઠોડ,** ઉ.વ.૧૮, ધંધો–મજુરી કામ, રહે.સેન્ટર જેલની પાછળ, રૂખડીયાપરા હનુમાન મંદીરની પાસે, શેરી નં.૮, રાજકોટ. |
| આરોપીઓ તરફે વિ.વ.શ્રી | :– | **ટી.જે.વિઠ્ઠલાણી**<br>**ચીફ એલ.એ.ડી.સી. શ્રી ટી.એમ.સાતા** |

## <u>ફોર્મ – બી</u>

| | | |
|---|---|---|
| ગુનાની તારીખ | :– | **૦૪/૦૯/૨૦૨૫** |
| એફ.આઈ.આર.ની તારીખ | :– | **૦૪/૦૯/૨૦૨૫** |
| આખરી અહેવાલની તારીખ | :– | **૧૩/૧૦/૨૦૨૫** |
| તહોમતનામાની તારીખ | :– | **૧૮/૧૨/૨૦૨૫** |
| પુરાવો શરૂ થયાની તારીખ | :– | **૦૧/૦૧/૨૦૨૬** |
| ચુકાદા માટે રાખવાની તારીખ | :– | **૨૪/૦૩/૨૦૨૬** |
| ચુકાદાની તારીખ | :– | **૨૪/૦૩/૨૦૨૬** |
| સજા હુકમની તારીખ (લાગુ પડે તો) | :– | – |

## –:: <u>આરોપીઓની વિગત</u> :–

| ક્રમ | આરોપીઓનું નામ | અટક કર્યા તારીખ | જામીન પર છોડયા તારીખ | કલમ | નિર્દોષ કે સજા | સજા લાદવામાં આવી | સી.આર.પી.સી. કલમ–૪૨૮ મુજબ ટ્રાયલ દરમ્યાન જેલમાં રહયાનો સમય |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | સુજલ ઉર્ફે ટકો પ્રવિણભાઈ વસંતભાઈ રાઠોડ | ૪/૯/૨૫ | યુ.ટી.પી. | બી.એન.એસ.ની કલમ–૧૩૭(૧), ૮૭, ૬૪(૧), ૫૪ તથા પોકસો. એકટ–૨૦૧૨ ની કલમ– ૪, ૬, ૧૭ | સજા | – | – |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૨ | સંજય ઉર્ફે ભમો કિશોરભાઈ વસંતભાઈ રાઠોડ | ૪/૯/૨૫ | યુ.ટી.પી. | --//-- | સજા | – | – |

## ફોર્મ – સી

## ફરીયાદપક્ષ / બચાવપક્ષ / અદાલતના સાહેદોનું લીસ્ટ

### એ. ફરીયાદપક્ષ.

| ક્રમ | સાક્ષીનું નામ | પુરાવાનો પ્રકાર (નજરે જોનાર સાહેદ, પોલીસ સાહેદ, નિષ્ણાંત સાહેદ, મેડીકલ સાહેદ, પંચસાહેદ અને બીજા સાહેદો) | આંક |
|---|---|---|---|
| PW-1 | દિપેશભાઈ જયેન્દ્રભાઈ ગોકાણી | આરોપી અટક પંચનામાના પંચ | ૧૨ |
| PW-2 | ડો. અર્જુન મુન્નાલાલ ડોડીયા | રેડીયોલોજીસ્ટ | ૧૪ |
| PW-3 | ડો.મીત ભાયાભાઈ કંડોરીયા | ભોગ બનનાર તથા આરોપીની મેડીકલ તપાસણી તથા નમુના લેનાર | ૧૬ |
| PW-4 | કંચનબેન જગમાલભાઈ પટાટ | દાસુ ગર્લ્સ હાઈસ્કુલના આચાર્ય | ૨૭ |
| PW-5 | જીવણલાલ ભીખાભાઈ ડગરા | હેડ કલાર્ક, ખંભાળીયા નગરપાલીકા | ૨૯ |
| PW-6 | ભોગ બનનાર | પોતે | ૩૪ |
| PW-7 | ભોગબનનારના માતા | ફરીયાદી | ૩૭ |
| PW-8 | સબ્બીરભાઈ ઓસમાણ ભટ્ટી | આરોપીના કપડા તથા મો.સા. કબજે કર્યાના પંચ | ૩૯ |
| PW-9 | ડો.ચાત્રી નવનીતભાઈ શ્ચારા | ગાયનેકોલોજીસ્ટ | ૪૩ |
| PW-10 | ભદ્રેશભાઈ કાનજીભાઈ ચાવડા | પી.એસ.ઓ. | ૪૬ |
| PW-11 | મજીદભાઈ મામદભાઈ શેખ | આરોપીના કપડા તથા મો.સા. કબજે કર્યાના પંચ | ૫૧ |
| PW-12 | નાનજીભાઈ ગીગાભાઈ સોઢા | આરોપી અટક પંચનામાના પંચ | ૫૨ |
| PW-13 | કિશોરભાઈ ધનજીભાઈ સરેણા | ગુન્હાવાળી સ્થાનીક જગ્યાના પંચ | ૫૪ |
| PW-14 | ભુપેન્દ્રસિંહ જયવંતસિંહ સરવૈયા | તપાસ કરનાર અમલદાર | ૬૧ |

## બી. બચાવપક્ષ.

| ક્રમ | નામ | પુરાવાનો પ્રકાર (નજરે જોનાર સાહેદ, પોલીસ સાહેદ, નિષ્ણાંત સાહેદ, મેડીકલ સાહેદ, પંચસાહેદ અને બીજા સાહેદો) |
|---|---|---|
| -- નીલ -- | | |

## સી. અદાલતના સાહેદોનું લીસ્ટ.

| ક્રમ | નામ | પુરાવાનો પ્રકાર (નજરે જોનાર સાહદ, પોલીસ સાહેદ, નિષ્ણાંત સાહેદ, મેડીકલ સાહેદ, પંચસાહેદ અને બીજા સાહેદો) |
|---|---|---|
| -- નીલ -- | | |

## ફરીયાદપક્ષ / બચાવપક્ષ / અદાલતના દસ્તાવેજી પુરાવાઓ

## એ. ફરીયાદપક્ષ.

| ક્રમ | આંક | વિગત |
|---|---|---|
| ૧ | P-13/PW-1 | આરોપી અટક પંચનામુ |
| ૨ | P-15/PW-2 | ભોગ બનનારનો યુ.એસ.જી. એબ્ડોમેન એન્ડ પેલ્વીસના રીપોટ |
| ૩ | P-17/PW-3 | ભોગબનનારની શારીરીક તપાસ કરવા તથા નમુના લેવા કરેલ યાદી |
| ૪ | P-18/PW-3 | સેમ્પલ કલેકશન ફોર્મ |
| ૫ | P-19, 20/ PW-3 | ભોગ બનનારના મેડીકલ પેપર્સ |
| ૬ | P-21 to 26/ PW-3 | આરોપીના મેડીકલ પેપર્સ |
| ૭ | P-28/PW-4 | ભોગ બનનારનું જન્મ તારીખનું પ્રમાણપત્ર |
| ૮ | P-30/PW-5 | ભોગ બનનારના જન્મ પ્રમાણપત્ર |
| ૯ | P-35/PW-6 | ભોગ બનનારનું બી.એન.એસ.એસ.કલમ.૧૮૩ મુજબના નિવેદન |
| ૧૦ | P-36/PW-6 | ડી.વી.ડી. |
| ૧૧ | P-38/PW-7 | બી.એન.એસ.એસ.ની કલમ-૧૭૩ હેઠળની ફરીયાદ |

| | | |
|---|---|---|
| ૧૨ | P-40/PW-8 | આરોપીના કપડા તથા મો.સા.કબ્જે કર્યા અંગેના પંચનામા |
| ૧૩ | P-41, 42/ PW-8 | મુદામાલ પંચસ્લીપો |
| ૧૪ | P-44, 45/ PW-9 | ભોગ બનનારના મેડીકલ પેપર્સ |
| ૧૫ | P-47/PW-10 | સ્ટેશન ડાયરીની ખરી નકલ |
| ૧૬ | P-48/PW-10 | તપાસના કાગળો સંભાળી લેવા કરેલ યાદી |
| ૧૭ | P-49/PW-10 | વાયરલેસ મેસેજ |
| ૧૮ | P-50/PW-10 | ભારે ગુનાના સ્પેશ્યલ રિપોર્ટ |
| ૧૯ | P-55/PW-13 | ગુન્હાવાળી સ્થાનીક જગ્યાનુ પંચનામુ |
| ૨૦ | P-56 to 59/ PW-13 | મુદામાલ પંચસ્લીપ |
| ૨૧ | P-60/PW-13 | સરકારી પંચ તરીકે હાજર રહેવા કરેલ હુકમ |
| ૨૨ | P-62 to 74/ PW-14 | રજુ થયેલ જુદા–જુદા દસ્તાવેજી પુરાવાઓ |

## <u>બી. બચાવપક્ષ.</u>

| |
|---|
| **–– નીલ ––** |

## <u>સી. અદાલતના સાહેદોનું લીસ્ટ.</u>

| |
|---|
| **–– નીલ ––** |

## <u>ડી. મુદ્દામાલનું વર્ણન.</u>

| ક્રમ | મટીરીયલ્સ નંબર | વિગત | કિંમત |
|---|---|---|---|
| ૧ | આર્ટી.–૫ માર્ક–પી | મુદ્દામાલ પાવતી નં.૧૨૯, તા.૦૫/૦૯/૨૦૨૫ આરોપી સુજલ પ્રવિણભાઈ રાઠોડ પાસેથી પંચો રૂબરૂ એક કવરમાં ડાર્ક ગ્રે કલરનુ જીન્સનુ પેન્ટ કબજે કરેલ છે તે | ૦૦/૦૦ |
| | આર્ટી.–૬ માર્ક–ઓ | મુદ્દામાલ પાવતી નં.૧૨૯, તા.૦૫/૦૯/૨૦૨૫ આરોપી સુજલ પ્રવિણભાઈ રાઠોડ પાસેથી પંચો રૂબરૂ એક કવરમાં લાલ, કાળા, સફેદ કલર ની લાઈનીંગ વાળો શર્ટ કબજે કરેલ છે તે | ૦૦/૦૦ |
| | અત્રે રજુ | મુદ્દામાલ પાવતી નં.૧૨૯, તા.૦૫/૦૯/૨૦૨૫ | ૫૦,૦૦૦/– |

| | | | |
|---|---|---|---|
| | થયેલ નથી | આરોપી સુજલ પ્રવિણભાઈ રાઠોડ પાસેથી પંચો રૂબરૂ એક બજાજ કંપનીનુ પલ્સર મો.સા. નં.જી.જે.૩૭. એન.૪૧૦૮ કબજે કરેલ છે તે | |
| ૨ | આર્ટી.–૩ માર્ક–આર | મુદ્દામાલ પાવતી નં.૧૩૦, તા.૦૬/૦૯/૨૦૨૫ ભોગ બનનાર પાસેથી બનાવવાળી જગ્યાએથી પંચો રૂબરૂ એક કાપડની બેગીમાં ઓછાડ કબજે કરેલ છે તે | ૦૦/૦૦ |
| | આર્ટી.–૨ માર્ક–એમ | મુદ્દામાલ પાવતી નં.૧૩૦, તા.૦૬/૦૯/૨૦૨૫ ભોગ બનનાર પાસેથી બનાવવાળી જગ્યાએથી પંચો રૂબરૂ એક કવરમાં લીલા, પીળા કલરની ઉભી આડી લાઈનીંગવાળી કુર્તી કબજે કરેલ છે તે | ૦૦/૦૦ |
| | આર્ટી.–૧ માર્ક–એલ | મુદ્દામાલ પાવતી નં.૧૩૦, તા.૦૬/૦૯/૨૦૨૫ ભોગ બનનાર પાસેથી બનાવવાળી જગ્યાએથી પંચો રૂબરૂ એક કવરમાં બ્રાઉન કલરની લેગીસ કબજે કરેલ છે તે | ૦૦/૦૦ |
| | આર્ટી.–૪ માર્ક–એન | મુદ્દામાલ પાવતી નં.૧૩૦, તા.૦૬/૦૯/૨૦૨૫ ભોગ બનનાર પાસેથી બનાવવાળી જગ્યાએથી પંચો રૂબરૂ એક કવરમાં નીકર કબજે કરેલ છે તે | ૦૦/૦૦ |

**<u>પ્રસ્તાવના</u>** :–

નામદાર સર્વોચ્ચ અદાલતે ***૨૦૨૩(૦) એઆઈજેઈએલ–સુપ્રિમકોર્ટ ૭૨૨૭ માં પ્રસિધ્ધ થયેલ મુન્ના પાંડે વિ. બિહાર રાજ્ય*** ના ચુકાદામાં નામદાર સર્વોચ્ચ અદાલતે, અદાલતની તટસ્થતા અને અદાલતની ન્યાય કરવા માટે જરૂરી સક્રિયતા ઉપર ભાર મુકેલ છે. ભારતીય ફોજદારી ન્યાય પ્રણાલીમાં સત્યને સર્વોચ્ચ સ્થાન આપવામાં આવેલ છે. સત્યના આધાર પર જ ન્યાય થઈ શકે છે. અદાલતમાં કાર્યવાહી ન્યાયપૂર્ણ, નિષ્પક્ષ તેમજ કાયદાની પ્રક્રિયા અનુસરીને થાય તે પણ તેટલુ જ મહત્વનુ છે. જેમાં આરોપી (બચાવપક્ષ) અને પ્રોસિક્યુશન (ફરીયાદપક્ષ) બંન્ને ને પોતાનો કેસ રજુ કરવાની તક મળી રહે. ફોજદારી ન્યાય વ્યવસ્થાનો મૂળભૂત ઉદ્દેશ સત્યની શોધ કરીને પિડીતને ન્યાય આપવાનો છે. જો કે અદાલતે માત્ર

કાયદાકિય પ્રક્રિયા પૂર્ણ કરે તેટલુ પુરતુ નથી, પરંતુ તે પ્રક્રિયા ન્યાયસંગત અને નિષ્પક્ષ હોવી જોઇએ.

ન્યાય ત્યારે જ થયો કહેવાય, જ્યારે કોઇ નિર્દોષ વ્યક્તિને સજા ન થાય અને ગુનેગાર વ્યક્તિ સજા વિના છુટી ન જાય, તેથી ફોજદારી ન્યાય પ્રણાલીનો મુખ્ય ઉદ્ધેષ/ હેતુ, સત્યને શોધી યોગ્ય નિર્ણય કરવાનો છે.

**-:: <u>ચૂકાદો</u> ::-**

૧. હાલના ગુનાના કામે આરોપીઓ વિરૂધ્ધ ખંભાળીયા પોલીસ સ્ટેશન ખાતે બી.એન.એસ. ૨૦૨૩ ની કલમ-૬૪(૧), ૧૩૭(૧), ૮૭, ૫૪ તથા પોકસો. એકટ ૨૦૧૨ ની કલમ-૪, ૬, ૧૭ મુજબનો પાર્ટ-એ ના ગુના રજીસ્ટર નં.૧૧૧૮૫૦૦૪૨૫૧૩૫૮/૨૦૨૫ થી દાખલ કરવામાં આવેલો. ત્યારબાદ તે ગુનાના કામે તપાસ થયા બાદ આરોપીઓ વિરુધ્ધ પુરતો પુરાવો હોઈ ઉપરોકત ગુના અન્વયેનું આરોપીઓ વિરુધ્ધ ચાર્જશીટ અત્રેની અદાલત માં દાખલ કરવામાં આવેલ છે.

૨. આ કામે ચુકાદાની ચર્ચા શરૂ કરતા પહેલા અત્રે એ નોંધ કરવી જરૂરી છે કે, હાલનો કેસ ધી પ્રોટેકશન ઓફ ચીલ્ડ્રન ફ્રોમ સેકસ્યુઅલ ઓફેન્સીસ એકટ-૨૦૧૨ (ટુંકમાં પોકસો એકટ) એકટ હેઠળનો છે. તે રીતે પોકસો એકટની કલમ-૩૩(૭) તથા નામદાર સર્વોચ્ચ અદાલતનો ચુકાદો નિપુન સકસેના વિરુધ્ધ યુનિયન ઓફ ઈન્ડિયા ૨૦૧૯ (૨) એસ.એસ.સી. ૭૦૩ ના ચુકાદામાં આપેલ આદેશ મુજબ સમગ્ર તપાસ અને ટ્રાયલ દરમ્યાન

બાળકની ઓળખ કોઈ પણ રીતે કે કોઈ પણ પ્રકારે જાહેર ન થાય તે બાબતે ખાસ કાળજી લેવા માટે કાનુની પ્રબંધો કરવામાં આવેલ હોઈ તેમજ નામદાર સર્વોચ્ચ અદાલત ધ્વારા પણ આદેશ કરવામાં આવેલ હોઈ તે રીતે આ સમગ્ર ચુકાદામાં આ કામે ભોગ બનનારનું નામ કયાંય પણ લખવામાં આવેલ નથી અને તે બાળકના નામના સ્થળે **''ભોગબનનાર''** નો ઉલ્લેખ કરવામાં આવેલ છે તેમજ બાળકની ઓળખ કોઈ પણ રીતે અને કોઈ પણ પ્રકારે જાહેર ન થાય તે માટે તેઓના પરિવારના સભ્યોના નામ **''ભોગબનનારના માતા''** તે રીતે સંબોધવામાં આવેલ છે.

**<u>ફરીયાદની ટૂંકમાં હકીકત</u>** :–

**૩.** ફરીયાદપક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામેના આરોપીઓએ ગઈ તા.૦૪/૦૯/૨૦૨૫ ના ક.૦૨/૩૦ થી ૬/૦૦ દરમ્યાન કોઈપણ સમયે, ફરીયાદીની ભોગ બનનાર દિકરી સગીર વયની હોવાનુ જાણતા હોવા છતાં, ફરીયાદીની દિકરી/ભોગ બનનારને લગ્ન કરવાની લાલચ આપી, લલચાવી, ફોસલાવી ફરીયાદીના કાયદેસરના વાલીપણામાંથી અપહરણ કરી લઈ જઈ તથા આરોપી નં.૧ સુજલ ઉર્ફે ટકો પ્રવિણભાઈ રાઠોડનાઓ પોતે એચ.આઈ.વી. પોઝીટીવ હોવાનુ જાણવા છતાં ભોગ બનનાર સગીરા સાથે શરીર સબંધ બાંધી, બન્ને આરોપીઓએ એકબીજાની મદદગારીમાં ગુનો કરેલ.

**૩.૧.** આ કામે ગુન્હાની તપાસ થતાં તપાસના અંતે આ કામના આરોપીઓએ ફરીયાદીની ભોગ બનનાર દિકરી સગીર વયની હોવાનુ જાણતા હોવા છતાં, ફરીયાદીની દિકરી/ભોગ બનનારને લગ્ન કરવાની લાલચ આપી,

લલચાવી, ફોસલાવી ફરીયાદીના કાયદેસરના વાલીપણામાંથી અપહરણ કરી લઈ જઈ તથા આરોપી નં.૧ સુજલ ઉર્ફે ટકો પ્રવિણભાઈ રાઠોડનાઓ પોતે એચ.આઈ.વી. પોઝીટીવ હોવાનુ જાણવા છતાં ભોગ બનનાર સગીરા સાથે શરીર સબંધ બાંધી, બન્ને આરોપીઓએ એકબીજાની મદદગારી કરી બી.એન.એસ. ૨૦૨૩ ની કલમ–૬૪(૧), ૧૩૭(૧), ૮૭ તથા ૫૪ તેમજ પોકસો. એકટ ૨૦૧૨ ની કલમ–૪, ૬, ૧૭ મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે.

<u>પોલીસ તપાસની કાર્યવાહી</u> :–

૪. ઉપરોકત બનાવ બાબતેની ફરીયાદ ફરીયાદીએ ખંભાળીયા પોલીસ સ્ટેશનમાં આપતા સદર ફરીયાદીની ફરીયાદ અન્વયે તપાસ કરનાર અમલદારનાઓને તપાસ મળતા તેઓએ તપાસ સંભાળી લીધેલ અને લાગતા વળગતા સાહેદોના નિવેદનો લીધેલ તેમજ આરોપી તથા ભોગબનનારના કપડા પંચનામાની વિગતે કબજે લઈ તે કપડા સીલબંધ કરી એફ.એસ.એલ. કચેરી ખાતે પરીક્ષણ માટે મોકલી આપેલ. ભોગબનનારનુ બી.એન.એસ.એસ ૨૦૨૩ ની કલમ–૧૮૩ અન્વયેનું નિવેદન લેવડાવેલ, બનાવવાળી જગ્યાનુ પંચનામુ કરેલ. ત્યારબાદ તપાસના અંતે આરોપીઓ વિરુધ્ધ બી.એન.એસ. ૨૦૨૩ ની કલમ–૬૪(૧), ૧૩૭(૧), ૮૭ તથા ૫૪ તેમજ પોકસો. એકટ ૨૦૧૨ ની કલમ–૪, ૬, ૧૭ મુજબના ગુન્હા સબબ પુરતો પુરાવો જણાતા સદર ગુન્હાનું ચાર્જશીટ તા.૧૮/૧૦/૨૦૨૫ ના રોજ અત્રેની સ્પેશ્યલ પોકસો કોર્ટ સમક્ષ રજુ કરતા પોકસો કેસ નં.૧૫/૨૦૨૫ થી રજીસ્ટરે લેવામાં આવેલ છે.

## <u>પ્લી ચાર્જની કાર્યવાહી</u> :–

૫. આ કામના આરોપીઓ અત્રેની અદાલત સમક્ષ હાજર થતાં તેઓને પોલીસ તપાસના કાગળોની નકલો મળ્યાની ખાતરી કરી **આંક : ૦૮ થી આરોપીઓ વિરુધ્ધ તહોમતનામુ** ફરમાવવામાં આવેલ, જે તહોમતનામુ આરોપીઓને તેઓશ્રીના વકીલશ્રીની હાજરીમાં વાંચી, બતાવી સમજાવવામાં આવેલ અને તહોમતનામા અન્વયે **આંક : ૦૯ અને ૧૦ થી આરોપીઓનો જવાબ** નોંધતા આરોપીએ ગુનાનો ઈન્કાર કરી તેઓ કેસની કાર્યવાહી આગળ ચલાવવા માંગે છે તેવુ જણાવતા સદર કેસની કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

## <u>આરોપીનું વિશેષ નિવેદન</u> :–

૬. ફરીયાદ પક્ષે પોતાની ફરીયાદ હકીકતના સમર્થનમાં ઉપર જણાવ્યા મુજબનો પુરાવો અત્રેની કોર્ટના મૂલ્યાંકન અર્થે રજૂ કરેલ, આંક : ૭૫ થી તા.૧૬/૦૨/૨૬ ના રોજ વિધ્વાન પી.પી. શ્રી એલ.આર.ચાવડા નાઓએ ફરીયાદપક્ષનો પુરાવો પુર્ણ થયેલ હોવાનુ પુરસીસથી જાહેર કરેલ. રજૂ થયેલ પુરાવા સંબંધી આરોપીઓનુ બી.એન.એસ.એસ.ની કલમ–૩૫૧ અન્વયે વિશેષ નીવેદન નોંધવામાં આવેલ છે, જેમાં આરોપીઓએ તેઓની વિરુધ્ધમાં ખોટો અને ઉપજાવી કાઢેલ પુરાવો આપેલ છે તથા ભોગબનનારે બી.એન.એસ.એસ. ૨૦૨૩ ની કલમ–૧૮૩ મુજબના નીવેદન બાબતે તેઓ કશુ જાણતા ન હોવાનુ જણાવેલ છે. મેડીકલ ઓફીસરશ્રીના પુરાવા અખંડ અને સ્પષ્ટ પુરાવાઓ નથી. મેડીકલ સહયોગ વીનાનો આક્ષેપીત પુરાવો હોવાનુ તથા તેઓએ કોઈ ગેરકાયદેસર કૃત્ય કરેલ નથી, ખોટી ફરીયાદીની

ફરીયાદના આધારે તપાસ કરનાર અમલદારે ખોટા નીવેદનો લખી લીધેલા છે તથા તૈયાર પંચનામામાં ખોટી સહીઓ કરાવી, ખોટા ઉભા કરાયેલ હોવાનુ જણાવી આરોપીઓ વિરૂધ્ધ પુરતો પુરાવો ન હોવા છતાં તપાસ કરનાર અમલદારશ્રીએ તમામ તપાસ એકતરફી, અધુરી, પૂર્વગ્રહપૂર્વક કરેલ છે. જેથી, આરોપીઓએ કોઈ ગુનો કરેલ નથી અને આરોપીઓ વિરૂધ્ધ ખોટુ ચાર્જશીટ કરવામાં આવેલ છે તથા પોલીસ તપાસને સમર્થન મળે તે રીતે સમગ્ર દસ્તાવેજો તબીબો ધ્વારા  તૈયાર કરવામાં આવેલ હોવાનુ જણાવી ફરીયાદ મુજબનો કોઈ પણ ગુનો કરેલ નથી તેમજ ફરીયાદ આપ્યા બાદ ભોગ બનનાર નુ મેડીકલ ખોટી રીતે કરવામાં આવેલ હોવાનુ તથા ભોગ બનનારે આરોપીઓ ને ખોટી રીતે સંડોવી દિધેલ હોવાનુ તથા પોતે નિર્દોષ હોય, નિર્દોષ ઠરાવી છોડી મુકવા અરજ/વિનંતી કરેલ છે.

<u>મુદ્દા અને જવાબ</u> :-

૭. આ કામે ઉપરોકત હકીકતોએ મારા નિર્ણય અર્થે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

૧. શું ફરીયાદપક્ષ નિશંકપણે પુરવાર કરે છે કે, બનાવ સમયે ભોગ બનનાર સગીર વયના હતા ?

૨. શું ફરીયાદપક્ષ નિ:શંકપણે એ હકીકત પુરવાર કરે છે કે, આ કામેના આરોપીઓએ ગઈ તા.૦૪/૦૯/૨૦૨૪ ના ક.૦૨/૩૦ થી ૬/૦૦ દરમ્યાન કોઈપણ સમયે, ફરીયાદીની ભોગ બનનાર દિકરી સગીર વયની હોવાનુ જાણતા હોવા છતાં, ફરીયાદીની દિકરી/ભોગ બનનાર

ને લગ્ન કરવાની લાલચ આપી, લલચાવી, ફોસલાવી ફરીયાદીના કાયદેસરના વાલીપણામાંથી અપહરણ કરી લઈ જઈ તથા આરોપી નં.૧ સુજલ ઉર્ફે ટકો પ્રવિણભાઈ રાઠોડનાઓ પોતે એચ.આઈ.વી. પોઝીટીવ હોવાનુ જાણવા છતાં ભોગબનનાર સગીરા સાથે શરીર સબંધ બાંધી, બન્ને આરોપીઓએ એકબીજાની મદદગારી કરી બી.એન.એસ. ૨૦૨૩ ની કલમ–૬૪(૧), ૧૩૭(૧), ૮૭ તથા ૫૪ તેમજ પોકસો. એકટ ૨૦૧૨ ની કલમ–૪, ૬, ૧૭ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે?

૩. શું આખરી હુકમ ?

૮. ઉપરોકત મુદ્દાના મારા નિર્ણય નીચે મુજબ છે.

**૧. હકારમાં**

**૨. અંશત: હકારમાં**

**૩. આખરી હુકમ મુજબ**

**– : કારણો :–**

**મુદ્દા નં.૧ :–**

**મૌખિક દલીલો** :–

**ફરીયાદપક્ષની દલીલ :–**

૯. મુદ્દા નં.૧ સંદર્ભે વિધ્વાન પી.પી.શ્રી એલ.આર.ચાવડાનાઓએ

આંક : ૩૭ થી ફરીયાદપક્ષના સાહેદ નં.૭ ભોગ બનનારના માતા/ફરીયાદીની જુબાની, ભોગ બનનારની આંક : ૩૪ ની સાહેદ નં.૬ તરીકેની જુબાની, આંક : ૨૭ થી સાહેદ નં.૪ આચાર્યશ્રી કંચનબેન પટાટની સોગંદ ઉપરની જુબાની વંચાણે લઈ દલીલ કરેલ છે કે, ભોગ બનનારની ઉંમર ૧૭ વર્ષની બનાવ સમયે હતી, તે ઉપરોકત ફરીયાદપક્ષના સાહેદોની જુબાની ઉપરથી પુરવાર થાય છે. ભોગ બનનારે પોતે પોતાની ઉંમર ૧૭ વર્ષ જણાવેલ છે. ભોગ બનનારના માતાએ ભોગ બનનારની ઉંમર ૧૭ વર્ષની હોવાનો તથા ધોરણ-૧૨ માં અભ્યાસ કરેલ હોવાનો મૌખિક પુરાવો આપેલ છે. ભોગ બનનારે પોતાની જુબાનીમાં જન્મ તા.૦૭/૦૯/૨૦૦૮ ની હોવાનો તથા તેણીની ધોરણ-૧૨ માં અભ્યાસ કરતી હોવાનો પુરાવો આપેલ છે. વધુમાં વિ.વ.શ્રી એલ.આર.ચાવડાનાઓએ ફરીયાદપક્ષે રજુ કરવામાં આવેલ દસ્તાવેજી પુરાવામાં આંક : ૨૮ થી રજુ કરવામાં આવેલ ભોગ બનનારનુ જન્મ તારીખનુ પ્રમાણપત્ર તથા આંક : ૨૯ થી સાહેદ નં.૫ સબ રજીસ્ટ્રાર જીવણભાઈ ડગરાને તપાસેલ છે, તેઓની જુબાનીમાં ભોગ બનનારની જન્મ તા.૦૭/૦૯/૨૦૦૮ ના રોજ થયેલ હોવાનુ જન્મ પ્રમાણપત્ર રજુ કરેલ છે જે આંક : ૩૦ થી રજુ થયેલ છે. જે તમામ દસ્તાવેજી પુરાવામાં ભોગ બનનારની જન્મ તા.૦૭/૦૯/૨૦૦૮ હોવાનુ જણાવેલ છે. આમ, ભોગ બનનારની બનાવ સમયે ઉંમર ૧૮ વર્ષ કરતા ઓછી એટલે કે સગીર હતી તેવુ ફરીયાદપક્ષે પુરવાર કરેલ છે. વધુમાં પી.પી.શ્રીએ દલીલ કરેલ છે કે, આંક : ૨૮ અને ૩૦ વાળા દસ્તાવેજો એ પબ્લીક ડોકયુમેન્ટ છે તેથી તે દસ્તાવેજોને નહી માનવાને કોઈ કારણ નથી. વધુમાં સરકાર તરફે વિ.પી.પી.શ્રીએ પોકસો એટકની કલમ-૨(ડી) અને કલમ-૩૪ વંચાણે લઈ દલીલ કરેલ છે કે, રજુ થયેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ પરથીભોગ બનનાર સગીર હતા તે બાબત નિ:શંકપણે પુરવાર થાય છે. જો ભોગ બનનાર સગીર હોય તો

પોકસો હેઠળ જે ગુનો બનેલ છે તે અંગે આકરી સજા કરવા દલીલ કરેલ છે.

**<u>બચાવપક્ષની દલીલ</u> :–**

૧૦. મુદ્દા નં.૧ સંદર્ભે બચાવપક્ષે વિ.વ.શ્રી ટી.જે.વિઠૃલાણીનાઓ એ લંબાણપૂર્વકની દલીલ કરેલ છે, જે મુજબ ટુંકમાં મહત્વની દલીલ એવી છે કે, ભોગ બનનારનુ જન્મનુ પ્રમાણપત્ર આંક : ૨૮ થી રજુ કરવામાં આવેલ છે, તેની સાથે જનરલ રજીસ્ટરના ઉતારાની નકલ રજુ કરેલ છે, જેમાં જન્મ સ્થળ ખંભાળીયા જણાવેલ છે જયારે આંક : ૩૦ થી ખંભાળીયા નગરપાલીકાનુ જન્મનુ પ્રમાણપત્ર રજુ કરેલ છે જેમા જન્મ સ્થળ પાયલ હોસ્પીટલ જણાવેલ છે. સાહેદ નં.૯ તરીકે આંક : ૪૩ થી ડો.યાત્રી શ્યારાને ફરીયાદપક્ષે તપાસવામાં આવેલા છે, તેઓએ ઉલટતપાસમાં મે ભોગ બનનારની ઉંમર બાબતે કોઈ દસ્તાવેજી પુરાવાઓ કે આધાર ખરાઈ કરેલ ન હોવાનો સ્વીકાર કરેલ છે. વિ.વ.શ્રીએ મૌખિકમાં દલીલ કરેલ છે કે, આંક : ૨૭ ના સાહેદ નં.૪ કે જેઓ આચાર્યશ્રીને તપાસવામાં આવેલા છે, તેઓએ જુબાની વખતે બાળકના જન્મ સબંધેનો કોઈ આધાર દર્શાવવા માટે એડમીશન વખતે રજુ કરેલ દસ્તાવેજ કે જન્મનો દાખલો લેવામાં આવેલ નહી તથા શાળાના જનરલ રજીસ્ટરમાં જે નોંધ કરવામાં આવેલ છે તે હસ્તાક્ષર કલાર્કના છે તેવો પુરાવો આપેલ છે. જે તમામ હકીકતો જોતા ફરીયાદપક્ષ ભોગ બનનાર બનાવ સમયે સગીર હોવાની હકીકત નિ:શંકપણે પુરવાર કરી શકેલ નથી. આથી, ભોગ બનનાર બનાવ સમયે સગીર વયના ન હોય, પોકસો એકટ મુજબનો કોઈ ગુનો બનતો નથી તથા ભોગ બનનાર સ્વૈચ્છાએ પોતાની સંમતિથી ગયેલ હોય, આરોપીઓ વિરૂઘ્ઘ કોઈ ગુનો બનતો ન હોવાની દલીલ કરી આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવા દલીલ કરેલ છે.

**૧૦.૧.** આરોપીઓ તરફે વિ.વ.શ્રી વિઠ્ઠલાણીનાઓએ જુવેનાઈલ જસ્ટીસ એકટની કલમ–૯૨ ની જોગવાઈ વંચાણે લઈ દલીલ કરેલ છે કે, ઓસીફીકેશન ટેસ્ટ મેડીકલ તપાસણીથી કરવામાં આવેલ નથી તે સંજોગોમાં ફરીયાદપક્ષે ભોગ બનનારની બનાવ સમયે ઉંમર ૧૮ વર્ષ કરતા ઓછી હતી તે પુરવાર કરી શકેલ નથી અને તેથી પોકસો એકટ મુજબનો કોઈ જ ગુનો આરોપીઓએ કરેલ હોય તેવુ પુરવાર થતુ નથી. પરંતુ, એફ.આઈ.આર. થયા બાદ પોલીસ ધ્વારા ખોટો પુરાવો ઉભો કરી પાછળથી પોકસો એકટ મુજબની કલમનો ઉમેરો ખોટી રીતે કરેલ હોવાની દલીલ કરેલ છે.

**<u>ફરીયાદપક્ષનો રજૂ થયેલ પુરાવો અને તેનુ મુલ્યાંકન</u> :–**

**<u>મુદ્દા નં.૧</u> :–**

**૧૧.** બન્ને પક્ષોની મુદ્દા નં.૧ સંદર્ભેની લંબાણપૂર્વકની દલીલ ધ્યાને લીધી. બન્ને પક્ષોની દલીલ ધ્યાને લીધા બાદ રજુ થયેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓની અરસપરસ છણાવટ કરવામાં આવે તો, ફરીયાદ પક્ષે આંક : ૩૪ થી સાહેદ નં.૬ તરીકે ભોગ બનનારને તપાસવામાં આવેલ છે, ભોગ બનનારે પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં પુરાવો આપેલ છે કે, મારી જન્મ તા.૦૭/૦૯/૨૦૦૮ તથા બનાવ સમયે તેણીની ઉંમર ૧૭ વર્ષની હોવાનુ અને ધોરણ–૧૨ માં અભ્યાસ કરતી હોવાનો પુરાવો આપેલ છે. ફરીયાદપક્ષે ભોગ બનનારના માતાને આંક : ૩૭ થી સાહેદ નં.૭ તરીકે તપાસેલ છે, તેઓએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં બનાવ સમયે ભોગ બનનાર દિકરી ધોરણ–૧૨ માં અભ્યાસ કરતી હતી અને બનાવ સમયે તેણીની ઉંમર ૧૭ વર્ષની હોવાનો પુરાવો આપેલ છે. તે જ રીતે ફરીયાદપક્ષે આંક : ૪૩ થી સાહેદ નં.૯ ડો.યાત્રી શ્યારાને તપાસેલ છે, તેઓએ ભોગ

બનનારની હીસ્ટ્રી લખી લીધેલ, જે મુજબ ભોગ બનનારની જન્મ તા.૦૭/૦૯/૨૦૦૮ ની હોવાનુ તથા ઉમર ૧૬ વર્ષ, ૧૧ માસ અને ૨૯ દિવસની હોવાનુ જન્મના પ્રમાણપત્ર આધારે હોવાનો પુરાવો આપેલ છે. આંક : ૩૮ થી ફરીયાદ રજુ કરેલ છે, જેમા પણ ભોગ બનનારની જન્મ તા.૦૭/૦૯/૨૦૦૮ અને ઉંમર ૧૭ વર્ષની હોવાની હકીકત જણાવેલ છે.

**૧૨.** ફરીયાદપક્ષે આંક : ૨૭ થી સાહેદ નં.૪ તરીકે આચાર્યશ્રી કંચનબેન પટાટનાઓને તપાસેલ છે, તેઓની સોગંદ ઉપરની જુબાની વંચાણે લેતા, તા.૦૬/૦૯/૨૦૨૫ ના રોજ પી.આઈ.શ્રી, ખંભાળીયા પોલીસ સ્ટેશન તરફથી શાળાના આચાર્યને ઉદેશીને, ભોગબનનાર જન્મ તારીખના દાખલાની તથા જનરલ રજીસ્ટ્રરના ઉતારાની ખરી નકલ મળવાની યાદી લઈને આવેલ, જે યાદી મળતા તેઓએ યાદી મુજબ ભોગબનનારનું અમારી શાળામાં નીભાવવામાં આવતુ વિદ્યાર્થીઓનુ રજીસ્ટર ચેક કરી જોતાં, જનરલ રજીસ્ટર નં.૫૬૪૨ ઉપર ભોગબનનારનું નામ, અમારા શાળાના રજીસ્ટરે નોંધાયેલ હતુ જેથી મે જનરલ રજીસ્ટરની ખરાઈ કરી મે ભોગબનનારનુ શાળાનુ જન્મ તારીખ નુ પ્રમાણપત્ર તથા જનરલ રજીસ્ટરના ઉતારાની ખરી નકલ કરી રૂબરૂમાં આવેલ પોલીસ કર્મચારીને આપેલી. જનરલ રજીસ્ટરના ઉતારા મુજબ ભોગ બનનારની જન્મ તા.૦૭/૦૯/૨૦૦૮ હોવાનો પુરાવો આપેલ છે.

**૧૨.૧.** આરોપી તરફેની ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, ભોગ બનનાર અમારી સ્કૂલમાં એડમીશન લીધું તે અગાઉ ......... વિદ્યામંદિર માધ્યમીક શાળામાં અભ્યાસ કરતા હતા. અમારી સ્કૂલના જનરલ રજીસ્ટ્રરમાં ભોગ બનનારની જે નોંધ કરવામાં આવેલ તે અગાઉની શાળા ના સ્કૂલ લીવીંગ સર્ટીફીકેટ મુજબ નોંધવામાં આવેલ. અમારી સ્કૂલ એડમીશન

લેવામાં આવ્યું તે વખતે જન્મનો દાખલો લેવામાં આવેલ નહી, સાહેદ જણાવે છે કે અગાઉની સ્કૂલનું સ્કૂલ લીવીંગ સર્ટીફીકેટમાં જન્મ તારીખ જણાવેલી.

**૧૩.** ફરીયાદપક્ષે આંક : ૨૯ થી સાહેદ નં.૫ ખંભાળીયા નગર પાલીકાના સબ રજીસ્ટ્રાર જીવણલાલ ભીખાભાઈ ડગરાને તપાસવામાં આવેલ છે, તેઓની સોગંદ ઉપરની જુબાની વંચાણે લેવામાં આવે તો, સને ૨૦૦૮ નુ ભોગબનનારનુ જન્મનુ પ્રમાણપત્ર તથા જન્મ મરણ નોંધણી રજીસ્ટર ઉપર થી જન્મનુ પ્રમાણપત્ર મળવા યાદી મુજબ અમોએ જન્મ નોંધણી રજીસ્ટર ૨૦૦૮ ના પાના નં.૧૯૯, ક્રમ નં.૪૫૬૩ ઉપર ખરાઈ કરતા ભોગબનનારની જન્મની નોધ થયેલ છે જેમા જન્મ તા.૦૭/૦૯/૨૦૦૮ છે અને જન્મ સ્થળ –પાયલ હોસ્પીટલ, ખંભાળીયા લખેલ છે અને તેમા ભોગબનનાર તથા તેમના માતા–પિતાના નામની નોધ થયેલ છે અને આ નોંધણી તા.૦૮/૯/૨૦૦૮ ના કરવામા આવેલ હોવાનો પુરાવો આપેલ છે.

**૧૩.૧.** આરોપી તરફેની ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, કોઈપણ બાળકનો જન્મ થાય તો જન્મ અંગેનુ ફોર્મ ભરવામાં આવતુ હોય છે. એ વાત ખરી છે કે આવુ કોઈ ફોર્મ મે પોલીસને આપેલ નથી. એ વાત ખરી છે કે આંક–૩૦ જન્મ નોંધણી રજીસ્ટરની નોધ નં.૪૫૬૩ વાળી મારા હસ્તાક્ષરમા લખેલ નથી. એ વાત ખરી છે કે ભોગબનનારના જન્મની નોંધ મારી રૂબરૂમા કરવામા આવેલ નથી. એ વાત ખરી છે કે ભોગબનનારના જન્મની નોધ તેના માતાપિતાએ કરાવેલ નથી, સાહેદ જણાવે છે કે ભોગ બનારનો જન્મ પાયલ હોસ્પીટલમા થયેલ હોય જન્મ અંગેની વિગતો પાયલ હોસ્પીટલમાથી આપવામા આવેલ છે. એ વાત ખરી છે કે જે તે સમયે હુ સબ

રજીસ્ટ્રાર તરીકે ફરજ બજાવતો ન હોય મારી રૂબરૂ કોઈ માહિતી પાયલ હોસ્પીટલ તરફથી આપવામા આવેલ નહી. એ વાત ખરી છે કે પાયલ હોસ્પીટલ તરફથી આપવામા આવેલ વિગત મે પોલીસને આપેલ નથી.

**૧૪.** ફરીયાદપક્ષે ઉપર જણાવ્યા મુજબના ફરીયાદપક્ષના સાહેદોની જુબાની વંચાણે લેતા, ભોગ બનનારે પોતાની જન્મ તા.૦૭/૦૯/૨૦૦૮ ની હોવાનુ તથા તેણીની ધોરણ–૧૨ માં અભ્યાસ કરતા હોવાનુ જણાવેલ છે. ભોગ બનનારના માતાએ બનાવ સમયે ભોગ બનનારની ઉંમર ૧૭ વર્ષની હોવાનુ જણાવેલ છે. જયારે આંક : ૩૮ વાળી ફરીયાદમાં ભોગ બનનારની જન્મ તા.૦૭/૦૯/૨૦૦૮ તથા હાલમાં ઉંમર ૧૭ વર્ષની હોવાનો ઉલ્લેખ કરેલ છે. ભોગ બનનાર જે શાળામાં અભ્યાસ કરેલ તે શાળાના આચાર્યશ્રી તથા નગરપાલીકાના સબ રજીસ્ટ્રારશ્રીની જુબાનીમાં પણ ભોગ બનનારની જન્મ તા.૦૭/૦૯/૨૦૦૮ ની હોવાનો પુરાવો આપેલ છે અને દસ્તાવેજી પુરાવો આંક : ૨૮ થી શાળા તરફથી આપવામાં આવેલ જન્મ તારીખનુ પ્રમાણપત્ર તથા જનરલ રજીસ્ટરના ઉતારાની નકલ, આંક : ૩૦ થી ભોગ બનનારના જન્મ તારીખનુ નગરપાલીકા ધ્વારા આપવામાં આવેલ પ્રમાણપત્ર તથા જન્મ નોંધણી રજીસ્ટરના ઉતારાની નકલ રજુ છે. આમ, ફરીયાદ પક્ષે જે સાહેદોને તપાસવામાં આવેલા છે તે સાહેદોની જુબાનીને ફરીયાદપક્ષે રજુ કરેલ દસ્તાવેજી પુરાવા આંક : ૨૮ અને ૩૦ થી રજુ થયેલ દસ્તાવેજી પુરાવાઓથી સમર્થન મળે છે. આમ, ભોગબનનારની જન્મ તા.૦૭/૦૯/૨૦૦૮ ની હોવાનુ સ્પષ્ટપણે જણાય આવે છે.

**૧૪.૧.** જન્મ તારીખના રજીસ્ટરમાં કરવામાં આવેલ નોંધ કાયદા મુજબ કરવામાં આવતી નોંધ છે અને તે સંજોગોમાં આવી નોંધ કાયદાની જોગવાઈ

હેઠળ કરવામાં આવેલ હોય તો તે પબ્લીક રેકર્ડ ગણાવી શકાય અને પબ્લીક રેકર્ડમાં કરવામાં આવેલ નોંધ વિરૂધ્ધનુ પુરવાર કરવામાં આવેલ ન હોય તો તે ફરજના ભાગરૂપે કરવામાં આવેલ છે અને તે સાચુ છે તેવુ અનુમાન કરવાનુ રહે. વધુમાં આવી નોંધ કાયદા મુજબ નીભાવવામાં આવતા રજીસ્ટરમાં જે તે સમયે જ કરવાની હોવાથી આવી નોંધ પાછળથી ઉભી કરી શકાય નહી તે સંજોગોમાં પણ કાયદા મુજબ નીભાવવામાં આવતા રજીસ્ટરમાં નોંધ ખરી હોવાનુ માનવુ જોઈએ. આમ, ફરીયાદપક્ષે ભોગ બનનારના માતાની તથા ભોગ બનનારની સોગંદ ઉપરની જુબાની ઉપરથી ભોગ બનનારનો જન્મ પાયલ હોસ્પીટલમાં તા.૦૭/૦૯/૨૦૦૮ ના રોજ થયેલ હોવાની હકીકત પુરવાર થાય છે.

**૧૫.** ઉપરોકત પુરાવાઓ વંચાણે લીધા બાદ પોકસો એકટની કલમ–૨(ડી) ની જોગવાઈ વંચાણે લેતા,

> **<u>Section 2(d)</u> :-** "child" means any person below the age of eighteen years.

**૧૫.૧.** ઉપરોકત કલમ–૨(ડી) વંચાણે લેતાં ૧૮ વર્ષથી નીચેની ઉંમરની વ્યકિત બાળક તરીકે ગણાવેલ છે. જો બાળકની ઉંમર ૧૮ વર્ષ કરતા ઓછી હોય તો જ પોકસો એકટ લાગુ પાડી શકાય. કલમ–૩૪ ની જોગવાઈ વંચાણે લેતાં આ અધિનિયમ અન્વયે બાળક ધ્વારા બાળક ધ્વારા ગુનો કરવામાં આવે તો જુવેનાઈલ જસ્ટીસ બોર્ડ એકટની કલમ–૧૫ અન્વયે કરવામાં આવેલ જોગવાઈ અનુસાર વ્યવહાર કરવો જોઈએ તેવો પ્રબંધ કરેલ છે. જયારે કલમ–૩૪(૨) માં ખાસ અદાલત સમક્ષ ચાલતી કાર્યવાહી દરમ્યાન જો એવો કોઈ પ્રશ્ન ઉપસ્થિત થાય કે, બાળક છે કે નહી? તે સંજોગોમાં ખાસ

અદાલત ધ્વારા સ્વયં સંતુષ્ટ થયા બાદ વ્યકિતની ઉંમર વિષે પોતે નકકી કર્યા પછી આવા પ્રશ્નનો વિચાર કરવામાં આવે છે અને તે માટેના લેખિત કારણોની નોંધ કરે છે. ખાસ અદાલત ધ્વારા ઉંમર બાબતે કરવામાં આવેલ આદેશ ને નિરસ્ત કરવામાં આવશે નહી, માત્ર એ આધારે પેટા કલમ–૩૪(૨) અન્વયે નકકી કરવામાં આવેલ ઉંમર, પહેલા નકકી કરવામાં આવેલ ઉંમર સાબિત થતી નથી. જુવેનાઈલ જસ્ટીસ એકટની કલમ–૯૪ અને પોકસો એકટની કલમ–૩૪ ના કાનૂની પ્રબંધો ધ્યાને લેતાં અનુક્રમે જુવેનાઈલ અને વિકટીમની ઉંમર નકકી કરવા માટે કાનૂની પ્રબંધ ઠરાવેલ છે. હવે, આ મુદ્દાસર નામદાર સર્વોચ્ચ અદાલત ધ્વારા જે ચુકાદો પ્રસ્થાપિત કરેલ છે તે ધ્યાને લેવા જરૂરી છે. જેમા સૌપ્રથમ, નામદાર સર્વોચ્ચ અદાલતના ૨૦૧૩ (૭) એસ.સી.સી. ૨૬૩ જર્નેલસીંગ વિ. હરીયાણા રાજયનો ચુકાદો ધ્યાનમાં લેતાં તેમાં નામદાર સર્વોચ્ચ અદાલતે એવુ ઠરાવેલ છે કે,

> *POCSO - determination of age - only in absence of birth certificate, age shall be determined by ossification test or any other latest medical age determination test conducted on orders of Committee or Board.*
>
> *(a) Juvenile Justice (Care and Protection of Children) Act, 2015 - S. 94 - Protection of Children from Sexual Offences Act, 2012 - S. 10, 34 - Indian Penal Code, 1860 - S. 350, 351, 366, 506 - determination of age of victim under POCSO Act - ossification test - wherever dispute with respect to age of a person arises in context of her or him being a victim under POCSO Act, courts have to take recourse to steps indicated in S. 94 of JJ Act - S. 94(2)(iii) of JJ Act clearly indicates that date of birth ertificate from school or matriculation or equivalent certificate by concerned*

*examination board has to be firstly preferred in absence of which birth certificate issued by Corporation or Municipal Authority or Panchayat and it is only thereafter in absence of these such documents age is to be determined through "an ossification test" or "any other latest medical age determination test" conducted on orders of concerned authority, i.e. Committee or Board or Court - in present case, concededly, only a transfer certificate and not date of birth certificate or matriculation or equivalent certificate was considered - Ex. C1, i.e., school transfer certificate showed date of birth of victim as 11.7.1997- significantly, transfer certificate was produced not by prosecution but instead by Court summoned witness, i.e., CW- 1 - burden is always upon prosecution to establish what it alleges; therefore, prosecution could not have been fallen back upon a document furthermore, DW-3, Which it concerned had never Revenue relied Official upon - (Deputy Tahsildar) had stated on oath that records for year 1997 in respect to births and deaths were issing - since it did not answer to description of any class of documents mentioned in S. 94(2) (i) as it was a mere transfer certificate, Ex C-1 could not have been relied upon to hold that M was below 18 years at time of commission of offence. (Para 13,14)*

*(b) Juvenile Justice (Care and Protection of Children) Act, 2015 - S. 94(2) - school transfer certificate - reliability - none of the documents produced during trial answered description of "date of birth certificate from school" or "matriculation or equivalent certificate" from concerned examination board or certificate by a corporation, municipal authority or a Panchayat- held, in said circumstances,it was incumbent for prosecution to prove through acceptable medical tests/examination that victims age was below 18*

*years as per S. 94(2)(iii) of JJ Act - PW- 9, Chief Civil Doctor and Radiologist at General Hospital produced X-ray reports and deposed that in terms of examination of M, a certificate was issued stating "that age of said girl would be more than 18 years and less than 20 years" - in cross-xamination, she admitted that Ms age could be taken as 19 years - however, High Court rejected this evidence, saying that "when precise date of birth is available from out of school records, approximate age estimated by medical expert cannot be determining factor" - this finding is incorrect and erroneous - documents produced, i.e., a transfer certificate and extracts of admission register, are not what S. 94(2)(i) mandates; nor are they in accord with S. 94(2) (ii) because DW-1 clearly deposed that there were no records relating to birth of victim, M - in circumstances, only piece of evidence, accorded with S. 94 of JJ Act was medical ossification test, based on several X-Rays of victim, and on basis of which PW-9 made her statement - she explained details regarding examination of victims bones, stage of their development and opined that she was between 18-20 years; in cross-examination she said that age might be 19 years - given all these circumstances, this court is of opinion that result of ossification or bone test was most authentic evidence, corroborated by examining doctor, PW-9.*

**૧૫.૨.** ૨૦૨૩ (૦) એઆઈજેઈએલ– એસ.સી. ૭૧૨૧૦ માં પ્રસિધ્ધ થયેલ પી. યુવાપ્રકાશ વિ. રાજય વતી પોલીસ ઈન્સ્પેકટરનો ક્રિમીનલ ચુકાદો માનસહ વંચાણે લેતા, સદર ચુકાદામાં નામદાર સુપ્રિમકોર્ટે એવુ ઠરાવેલ છે કે...,

*"Wherever dispute with respect to age of a person arises in context of her or him being a victim under POCSO Act,*

*courts have to take recourse to steps indicated in S. 94 of JJ Act - S. 94(2)(iii) of JJ Act clearly indicates that date of birth certificate from school or matriculation or equivalent certificate by concerned examination board has to be firstly preferred in absence of which birth certificate issued by Corporation or Municipal Authority or Panchayat and it is only thereafter in absence of these such documents age is to be determined through "an ossification test" or "any other latest medical age determination test" conducted on orders of concerned authority, i.e. Committee or Board or Court."*

**૧૫.૩** ઉપરોકત જોગવાઈ તથા નામદાર સુપ્રિમકોર્ટનો પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત ધ્યાને લીધા બાદ ઉપર મુજબના ફરીયાદપક્ષે રજુ કરવામાં આવેલ મુદ્દા નં.૧ સંદર્ભેના મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓની અરસપરસ છણાવટ કરતા એ હકીકત સ્પષ્ટપણે સાબિત થાય છે કે, ભોગ બનનારની જન્મ તા.૦૭/૦૯/૨૦૦૮ ની હતી અને બનાવ તા.૦૪/૦૯/૨૦૨૫ ના રોજ બનેલો છે. ભોગ બનનારની બનાવ સમયે ઉંમર ૧૮ વર્ષ કરતા ઓછીની હતી. આમ, ભોગ બનનાર બનાવ સમયે ૧૮ વર્ષથી નાની ઉંમર ધરાવે છે. બી.એન.એસ.ની. કલમ–૬૩(ડી)(vi) ની જોગવાઈ તેમજ પોકસો એકટની કલમ–૨(ડી) તથા કલમ–૩૪ ની જોગવાઈ ધ્યાને લેતા જો કોઈ વ્યકિતએ ભોગ બનનારની સંમતિથી શારીરીક સબંધ બાંધેલ હોય, તેમા ભોગ બનનારની સંમતિ મહત્વની રહેશે નહી તેવુ સ્પષ્ટ થાય છે. આમ, આ ભોગ બનનારનો સંપુર્ણ પુરાવો ધ્યાને લેતા ભોગ બનનારે તેણીના પુરાવાથી અદાલતનો વિશ્વાસ પ્રસ્થાપિત કરેલ છે અને તે રીતે ભોગ બનનારનો પુરાવો નહી માનવાને કોઈ કારણ નથી અને તેની વિરૂધ્ધની કોઈ હકીકત બચાવપક્ષે દર્શાવી શકેલ નથી. આમ, ઉપરોકત જે તમામ ચર્ચા કરેલ છે તે મુજબ ભોગ બનનારની જન્મ તા.૦૭/૦૯/૨૦૦૮ ના રોજની

છે અને ભોગ બનનાર બનાવ સમયે સગીર હતા. જેથી, **મુદ્દા નં.૧** નો જવાબ ''**હકારમાં**'' ઠરાવવામાં આવે છે.

**<u>મુદ્દા નં.૨</u> :–**

**<u>ફરીયાદ પક્ષનો રજૂ થયેલ પુરાવો</u> :–**

**<u>પંચસાહેદોનો પુરાવો</u> :–**

**૧૬.** આ કામે ફરીયાદપક્ષ તરફે રજૂ થયેલ પુરાવો તપાસવામાં આવે તો સર્વપ્રથમ ફરીયાદપક્ષે આરોપીઓને અટક કર્યાના પંચનામાના પંચ સાહેદોને **આંક : ૧૨ અને ૫૨** થી, આરોપીઓના કપડા તથા મોટર સાઈકલ કબજે કર્યાના પંચનામાના પંચસાહેદોને **આંક : ૩૯ તથા ૫૧** થી તપાસેલ છે, આ પંચસાહેદોએ તેમના સોગંદ ઉપરના પુરાવામાં તેઓએ પોલીસના કહેવાથી એક તૈયાર લખેલા પંચનામામાં સહી કરી આપી હતી તે સિવાય બીજો કોઈ સમર્થનકારી પુરાવો આપેલ નથી તેથી વિ.પી.પી.શ્રી ધ્વારા તેમને ફરી ગયેલ પંચસાહેદો જાહેર કરી ઉલટતપાસ કરવા છતાં **આંક : ૧૩ અને ૪૦** વાળા પંચનામાઓની વિગતને લેશમાત્ર સમર્થન કરેલુ નથી.

**૧૭.** ફરીયાદપક્ષ તરફે આ કામના **પંચસાહેદ નં.૧૩ કિશોરભાઈ ધનજીભાઈ સરેણાને આંક : ૫૪** થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે, તેઓએ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, **તા.૦૫/૦૯/૨૫ ના રોજ હુ ફરજ પર આઈ.ટી.આઈ પર હતો ત્યારે અમારી આઈ.ટી.આઈ. ના ઈ.ચા. પ્રિન્સીપાલે પંચમાં હાજર રહેવાનો હુકમ કરેલો** અને આ હુકમ ખંભાળિયા પોલીસ સ્ટેશનમાં પંચમાં રહેવાની કામગીરી માટે કરવામાં આવેલ.

આ હુકમ તા.૦૫/૦૯/૨૫ ના રોજ કરેલ જેમા તા. ૦૬/૦૯/૨૫ ના રોજ પોલીસ સ્ટેશન જવા જણાવેલ. **તા.૦૬/૦૯/૨૫ ના રોજ અઢી વાગ્યાની આસપાસ ગાયત્રીનગર, ખંભાળિયા ખાતે બનાવ બનેલ તે જગ્યાએ પંચનામુ કરવા માટે ગયેલા. તે બનાવવાળી જગ્યાએ, અમારી સાથે, પી.આઈ. સરવૈયા સાહેબ તથા તેની સાથેના પોલીસ સ્ટાફ હતા. તેમજ તે વખતે બીજા પંચ અમારી કચેરીના દીપકભાઈ કમલેશભાઈ ચંદેરીયા, સુપરવાઈઝર, આઈ.ટી.આઈ. ના હતા.** બનાવવાળી જગ્યાએ ભોગ બનનાર તથા તેમના માતા હાજર હતા અને તે વખતે પી.આઈ સરવૈયા સાહેબે સમજ કરેલ કે **પોક્સોના કેસનુ બનાવવાળી જગ્યાનુ તથા કપડાનુ પંચનામુ કરવાનુ છે તેવી સમજ કરેલ.** બનાવવાળી જગ્યાનુ રહેણાંક મકાન લોખંડની ડેલીવાળુ મકાન હતુ આગળ થોડુ ફળિયુ હતુ અને આ મકાન ટેનામેન્ટ ટાઈપનુ હતુ. તેમા એક હોલ હતો. આ જગ્યા ભોગ બનનાર ............... બતાવેલી. તે **હોલમાં ટીપોઈ તથા ખુરશી આવેલ હતી તેમજ એક પેટી શેટી આવેલ હતી અને તેના ઉપર એક ગાદલુ અને ચાદર તે બ્લુ કલરની હતી. આ ભોગ બનનારે જણાવેલ કે, આ પેટી શેટી ઉપર બનાવ બનેલ હતો** અને ગાદલા ઉપરની ચાદર જોતા તેમા કોઈ ડાઘાઓ જોવામાં આવેલ નહી અને ચાદરને એક થેલીમાં પેક કરી તેમા અમારી સહી વાળી એક કાપલી મુકેલ અને થેલીને શીલ કરી અને તેના ઉપર એક કાપલી લગાડેલ અને તેમા પણ અમે સહી કરેલી તેમજ ત્યા હાજર ભોગ બનનારે બનાવ વખતે પહેરેલ કપડા રજુ કરેલ જેમા એક લાલ પીળા કલરની કુર્તી હતી એક લેગીસ હતી જે બ્લુ કલરની હતી. હવે જણાવુ છુ કે, જેનો ચોકકચ કલર મને યાદ નથી. લાલ સફેદ કલરની એક નીકર હતી. **આ તમામ કપડાઓ અલગ અલગ કવરમાં મુકી દરેક કવરમાં અમારા સહી વાળી કાપલી મુકી ત્યારબાદ આ કવરને શીલ કરી તેના ઉપર અલગ અલગ પંચ સ્લીપ ચોટાડેલ.** આ બનાવવાળી જગ્યાની પૂર્વ અને

દક્ષિણ બાજુ રસ્તાઓ આવેલ હતા અને એક બાજુ દિપકભાઈનુ મકાન અને એક બાજુ ધાનાભાઈનું મકાન હતુ અને **આ બનાવવાળી જગ્યાની પંચનામાની કાર્યવાહીનો વીડીયો રેકોર્ડીંગ અને ફોટોગ્રાફી કરવામાં આવેલ.** આ પંચનામું અમે બોલતા હતા અને પોલીસવાળા લખતા હતા. **આ પંચનામુ આખુ તૈયાર થઈ ત્યારબાદ પંચનામુ અમોએ વાંચેલુ ત્યારબાદ તેમા સહી કરેલી.** આ પંચનામાની કાર્યવાહી અડધી કલાક જેટલી ચાલેલ હોવાનો પુરાવો આપેલ છે.

**૧૭.૧.** સદર સાહેદની બચાવપક્ષ તરફે ઉલટતપાસ કરવામાં આવેલ છે જેમા એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, હુ આઈ.ટી.આઈમાં ચાર વર્ષથી ફરજ બજાવુ છુ. એ વાત ખરી છે કે, **આઈ.ટી.આઈમાં હુ સુપરવાઈઝર ઈન્સટકટરની ફરજ બજાવુ છુ, હુ ટીચર નથી, સાહેદ જણાવે છે કે, આઈ.ટી.આઈ.માં ટીચર ની પોસ્ટ હોતી નથી.** મારી ફરજનો સમય સવારના સાડા નવથી સાજે સાડા પાંચ સુધીનો હોય છે. વચ્ચે સાડા બાર થી દોઢ વાગ્યા સુધી રીશેષ હોય છે. એ વાત ખરી છે કે, હુ તા.૦૫ અને ૦૬ ના રોજ ફરજ ઉપર હાજર હતો તે બાબતોનો મે લેખિત પુરાવો પોલીસ આપેલ નહી સાહેદ જણાવે છે કે, લેખિત ઓર્ડર આપવામાં આવેલ અને તે બંન્ને દિવસે મસ્ટરમા હાજરી બદલ સહી કરેલ. **આઈ.ટી.આઈ.માં ટોટલ પ્રિન્સીપાલ, ઈન્સ્ટ્રકટર, કલાર્ક, ફોરમેન, મળી કુલ–૧૮ નો સ્ટાફ છે. એ વાત ખરી નથી કે, પંચમાં રહેવા માટે મારા નામ જોગ કોઈ લેખિત આદેશ કરવામા આવેલ નહી.** આ લેખિત આદેશ મને મળ્યા બદલ આચાર્ય સાહેબે મારી સહી મેળવેલી. એ વાત ખરી છે કે, સુપરવાઈઝર ઈન્સટ્રકટર દરેક ટ્રેડના બેચ વાઈઝ અલગ અલગ હોય છે. એ વાત ખરી છે કે, હુ અને બીજા પંચ બંન્ને અલગ અલગ ટ્રેડના સુપરવાઈઝર ઈન્સટ્રકટર છીએ. એ વાત ખરી નથી કે, બીજા પંચને લેખિત હુકમ મળેલ

કે કેમ તે અંગે મને માહિતી નથી. એ વાત ખરી છે કે, બીજા પંચ અમારી આઈ.ટી.આઈ.માં અન્ય ટ્રેડમાં સુપરવાઈઝર ઈન્સટ્રકટર તરીકે ફરજ બજાવતા હોય તેમની સહી હુ ઓળખુ છુ. **એ વાત ખરી છે કે, નોકરી દરમ્યાન અમારે ફરજ અર્થે બહાર જવાનું થાય તો અમારા ઉપલા અધિકારીની પરવાનગી લેવી પડે. એ વાત ખરી છે કે, ચાલુ ફરજે મંજુરી વગર કયાંય જઈ શકીએ નહી.** એ વાત ખરી નથી કે, પંચમાં જવા માટે લેખિતમા જવા માટે મંજુરી લીધેલ નથી. હુ અગાઉ કયારેય પંચમાં ગયેલ નથી. એ વાત ખરી છે કે, હુ અગાઉ પંચનામાં ગયેલ ન હોય મને પંચનામું લખાવવાનો અનુભવ નથી. હુ અમારી કચેરીએથી અઢી વાગ્યે પોલીસ સ્ટેશન જવા નીકળેલ. **પોલીસ સ્ટેશને હુ અડધાથી એક કલાક જેટલો સમય રોકાયેલ. પોલીસ સ્ટેશનથી પોલીસના વાહનમાં આઈ.ટી.આઈનો સ્ટાફ, પોલીસ સ્ટાફ અને સરવૈયા સાહેબ ગયેલા. સ્થળ ઉપર પંચનામાની કાર્યવાહી દરમ્યાન મને સોય કે દોરો જોવા મળેલ નહીં. સ્થળ ઉપર કોઈ પદાર્થને સળગાવેલ હોય તેવું બનેલ નહીં.** એ વાત ખરી નથી કે મુદ્દામાલને શીલ કરવાની કાર્યવાહી અમારી હાજરીમાં થયેલ નહીં. એ વાત ખરી નથી કે મુદ્દામાલ બેગીને સોય દોરાથી અમારી હાજરીમાં સીવેલ હોય તેવું બનેલ નહીં. એ **વાત ખરી છે કે અમે જે પોલીસ વાહનમાં ગયેલ તે વાહનનો નંબર મે પંચનામામાં લખાવેલ નહીં. અમે લખાવતા હોય અને પોલીસ લખતી હતી. એ વાત ખરી છે કે પંચનામું શરૂઆત થી લઈ છેલ્લે સુધી અમે લખાવેલું. એ વાત ખરી છે કે મે પંચનામામાં ગુના નંબર તથા કલમો લખાવેલ નથી.** એ વાત ખરી નથી કે પંચનામામાં કાયદાના શબ્દો હતા. પંચનામું પોલીસવાળા લખતા હતા તેનું નામ મને ખબર નથી. આ પંચનામું પેનથી લખવામાં આવેલું તે કયા કલરની પેન હતી તે મને યાદ નથી. એ વાત ખરી છે કે મે જેટલી સહીઓ કરેલી તે સ્થળ ઉપર એક જ સમયે કરેલી. મુદ્દામાલ માર્ક 'એમ' આર્ટીકલ નં.૨ બતાવવામાં આવે છે જે જોઈને જણાવુ છુ

કે લીલો અને પીળો કલરનું છે અને તેમાં આડી ઉભી લાઈન છે. મને મુદ્દામાલ માર્ક 'એલ' આર્ટીકલ નં.૩ બતાવવામાં આવે છે જે જોઈને જણાવું છે કે તે બ્રાઉન કલરની લેગીસ છે. વધુ ઉલટતપાસ ડીનાઈલ સ્વરૂપની હોય તેની વિશેષ ચર્ચા કરવામાં આવતી નથી.

**મેડીકલ ઓફીસરશ્રીઓનો પુરાવો :–**

૧૮. આ કામના **સાહેદ નં.૨ રેડીયોલોજીસ્ટ ડો.અર્જુન મુન્નાલાલ ડોડિયાને આંક : ૧૪** થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે, તેઓએ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, હું ગઈ **તા.૦૪/૦૯/૨૦૨૫ ના રોજ જનરલ હોસ્પીટલ, ખંભાળીયા ખાતે રેડીયોલોજી ડિપાર્ટમેન્ટમાં સીનીયર રેસીડેન્ટ રેડીયોલોજીસ્ટ તરીકે ફરજ બજાવતો હતો**. તે દિવસે ભોગ બનનાર/ દર્દીની યુ.એસ.જી. તપાસણી કરવા માટે ડો.યાત્રી, ગાયનેકોલોજીસ્ટનાઓએ ભોગબનનારની યુ.એસ.જી. એબ્ડોમેન અને પેલ્વીસની સોનોગ્રાફી કરવા માટે રેડીયોલોજીસ્ટ વિભાગને રીફર કરેલ અને સાથે મહિલા કર્મચારી ભોગબનનાર ને લઈને આવેલ. ભોગબનનારને રેડીયોલોજીસ્ટ વિભાગમા રીફર કરેલ હોવાથી **મે કેસ પેપર જોઈ ભોગબનનારની યુ.એસ.જી. એબ્ડોમેન પેલ્વીસ ની સોનોગ્રાફી કરેલ. મે ભોગબનનાર દર્દીની તપાસણી કરીને તેનો અલ્ટ્રાસાઉન્ડ એબ્ડોમેન રીપોર્ટ તૈયાર કરેલ.** મે ભોગ બનનારની અલ્ટ્રાસાઉન્ડ સોનોગ્રાફી કરેલી જેમા લીવર, ગોલબ્લેડર, પેન્ક્રીયાસ, સ્પ્લીન, કીડની, બ્લેડર સામાન્ય જણાય આવેલ. ભોગબનનારની જમણી ઓવરીમાં સામાન્ય હતી. ભોગબનનારને કોઈ પણ પ્રકારનુ ઈન્ફેકશન ન હતુ. **ભોગબનનારનો રેડીયોલોજી વિભાગનો રિપોર્ટ તૈયાર કરી યાદી સાથે આવેલ વુમન પોલીસ કાજેલબેન રમેશભાઈ કોબીયાને સુપરત કરેલ** હોવાનો પુરાવો આપેલ છે.

૧૮.૧. સદર સાહેદની બચાવપક્ષ તરફે ઉલટતપાસ કરવામાં આવેલ છે જેમા **એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, મે ભોગબનનારનો યુ.એસ.જી. રીપોર્ટ કરેલ તે સામાન્ય હતો. એ વાત ખરી છે કે ભોગબનનારે મારી રૂબરૂ કોઈ હીસ્ટ્રી લખાવેલ નહી.**

૧૯. ફરીયાદપક્ષ તરફે આ કામના **સાહેદ નં.૩ ભોગ બનનાર તથા આરોપીની મેડીકલ તપાસણી તથા તેમના નમુનાઓ લેનાર ડો.મીત ભાચાભાઈ કંડોરીયાને આંક : ૧૬** થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે, તેઓએ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, હુ ગઈ **તા.૦૫/૦૯/૨૦૨૫ ના ખંભાળીયા જનરલ હોસ્પીટલમાં મેડીકલ ઓફીસર તરીકે ફરજ ઉપર હતા તે દરમ્યાન વુ.પો.કો. કાજલબેન રમેશભાઈ ડોડીયા નાઓ ભોગબનનાર તથા ખંભાળીયા પો.ઈન્સ્પેકટરનાઓની ચાદી સાથે ભોગબનનારની મેડીકલ તપાસણી કરવા તથા જરૂરી નમુનાઓ લેવાની ચાદી સાથે લાવેલા** અને ત્યારબાદ ઓપીડી કેસ કાઢેલ અને તેની જનરલ મેડીકલ તપાસણી કરેલ અને આ તપાસણી પહેલા અમોએ તેમને **હીસ્ટ્રી પુછતા તેણે જણાવેલ કે,''છેલ્લા ચાર માસથી મને સુજલ ગમતો હોય અને તેની સાથે પ્રેમ સબંધ હોય જેથી આજથી ત્રણ માસ પહેલા મારા કાકાના દિકરા ભાઈનુ એકસીડન્ટ થયેલ ત્યારે અમારા ઘરના સભ્યો જામનગર ભાવ પુછવા ગયેલા. ત્યારે ઘરે હુ એકલી હતી ત્યારે સુજલ મળવા આવેલો હતો અને હોલમા બેઠા હતા તેણે મને હગ કર્યુ અને કીસ કરી અને એક વખત શારીરીક સબંધ બાંધેલો હતો. ત્યારપછી તા.૪/૦૯/૨૦૨૫ ના રોજ મને સુજલ તથા સંજય રાત્રીના મોટરસાઈકલ લઈને લેવા આવેલા અને અમો રેલ્વેમાં રાજકોટ જતા હતા ત્યારે જામનગર રેલ્વે સ્ટેશન પોલીસ આવી જતા અમોને પકડીને ખંભાળીયા પોલીસ સ્ટેશન લાવેલા છે''.** ભોગબનનારની

મેડીકલ તપાસણી કરતા અગાઉ ભોગબનનાર તથા ભોગબનનારના માતાની સહમતિ લીધેલ અને તે બદલ ભોગબનનારની સહી તથા જમણા હાથના અંગુઠાનુ નીશાન અને ભોગબનનારના માતાની સહી લીધેલ. **મે મારી મેડીકલ તપાસણી દરમ્યાનના બ્લડ, સ્લાઈવા, પ્યુબીક હેર, હાથના આંગળા ના નખના નમુનાઓ લીધેલા અને સીલબંધ કરીને આવેલ કોન્સ્ટેબલ ને સુપરત કરેલ. મે આરોપીની હીસ્ટ્રી લીધેલ તે વખતે આરોપી સુજલ ઉર્ફે ટકો સ.ઓ. પ્રવિણભાઈ વસંતભાઈ રાઠોડની શારીરીક તપાસણી તથા નમુના મેળવેલ તે દરમ્યાન આરોપીએ પોતે એચ.આઈ.વી. પોઝીટીવ હોવાનુ જણાવતા ભોગબનનારના એચ.આઈ.વી., એચ.બી.એસ. એ.જી., એચ.સી.વી. ના રીપોર્ટ કરાવવા માટે એડવાઈસ ભોગબનનારના એમ.એલ.સી. સર્ટીફીકેટમાં લખી આપેલ.** મે ભોગબનનારની શારીરીક બ્રાહય તપાસણી કરતા ભોગબનનારના આઈડેન્ટીફીકેશન માર્ક જોતા, ભોગબનનાર ના ગળાની ડાબી બાજુએ તલનુ નીશાન હતુ. તા.૦૫/૦૯/૨૦૨૫ ના ખંભાળીયા જનરલ હોસ્પીટલમાં મેડીકલ ઓફીસર તરીકે ફરજ ઉપર હતા તે દરમ્યાન પો.કો.ભીમશીભાઈ ગોજીયાનાઓ આરોપીઓ સાથે ખંભાળીયા પો.ઈન્સ્પેકટરનાઓની યાદી સાથે **આરોપીઓની મેડીકલ તપાસણી કરવા તથા જરૂરી નમુનાઓ લેવાની યાદી સાથે લાવેલા** અને ત્યારબાદ તેઓના ઓપીડી કેસ કાઢેલ અને તેની જનરલ મેડીકલ તપાસણી કરેલ અને આ તપાસણી પહેલા અમોએ દર્દી સુજલ રાઠોડની **હીસ્ટ્રી પુછતા તેણે જણાવેલ કે,'' આજથી અંદાજે ચાર મહિના પહેલા ભોગબનનારનો ફોન આવતા અમો બંને મીત્રતામાં ટેલીફોનીક વાતચીત કરી ત્યારબાદ એકાદ મહિના પછી ભોગબનનારના બોલાવવાથી તેના ઘરે બપોરે બે વાગ્યાના સુમારે મળવા ગયેલો હતો. જયાંથી ચાર વાગ્યે શુ નીકળ્યો મારા ઘરે જતો રહયો. ત્યારબાદ અવારનવાર મને ફોન કરી ભાગી જવા માટે દબાણ કરતી હોય જેથી ગઈ**

**તા.૦૩/૦૯/૨૦૨૫ ના કલાક.૦૩:૦૦ વાગ્યાના સુમારે ભોગબનનાર પોતાના ઘરેથી નીકળી રોડ પર આવી જતા અમો બંને ખંભાળીયા રેલ્વે સ્ટેશન જઈ ચાર વાગ્યાની ટ્રેનમાં દ્વારકા ગયા. ત્યાં રેલ્વે સ્ટેશનમા બેઠા હતા. ત્યારબાદ બપોરના બાર વાગ્યાની ટ્રેનમાં રાજકોટ જવા માટે નીકળેલા હતા ત્યારે જામનગર પહોંચતા સ્થાનીક પોલીસે અમો બંનેને ટ્રેનમાંથી ઉતારી ખંભાળીયા પોલીસ સ્ટેશન ખાતે હાજર કર્યા ''. દર્દી સુજલે મેડીકલ તપાસણી દરમ્યાન પોતાની મેડીકલ હીસ્ટ્રી જણાવેલ કે, '' Pt. is taking Anti Retroviral Therapy since childhood.'' દર્દીએ ઉપર મુજબની હીસ્ટ્રી જણાવતા મે સુજલ રાઠોડને એચ.આઈ.વી., એચ.બી.એસ. એજી, એચ.સી.વી. કરાવવા માટે એડવાઈસ કરેલ જે અંગેની ટેસ્ટ રીપોર્ટ આવતા એચ.આઈ.વી. પોઝીટીવ જણાય આવેલ જયારે એચ.બી.એસ. એજી, એચ.સી.વી. ના રીપોર્ટ નેગેટીવ આવેલ.** મે દર્દી સુજલ રાઠોડની શારીરીક તપાસણી કરતા તેની ઉંચાઈ ૫.૫ ફુટ, ૪૨ કિલોગ્રામ, પ્યુબીક હેર હાજર હતા તથા ટેસ્ટીસ વેલડેવલપ અને સ્મેગ્માની હાજરી જણાય આવેલ, દર્દીના શરીરે કોઈ ઈજાના નીશાન જણાય આવેલ નહી. **ગુપ્ત રોગમાં RVD પોઝીટીવ તથા અપરીણીત અને સંતાન નહી હોવાનુ જણાવેલ. દર્દીની ઉપરોકત શારીરીક તપાસણી બાદ મે સદરહુ દર્દી અંગે મારો અભિપ્રાય આપેલ કે, '' It can not be said that above person is not capable of doing sexual intercourse''.** મે દર્દી સુજલના શારીરીક નમુના લેતા પહેલા સહમતિ મેળવેલ અને દર્દીની સહી તથા જમણા હાથના અંગુઠાનુ નીશાન મેળવેલ. **મે દર્દીના શારીરીક નમુનામાં બ્લડ, સ્લાઈવા, પ્યુબીક હેર, નખ અને સીમેન ના સેમ્પલ લીધેલ જે મે સીલબંધ કરી પો.કો. ભીમશીભાઈ ગોજીયાનાઓને આપેલ** હોવાનો પુરાવો આપેલ છે.

**૧૯.૧.** સદર સાહેદની બચાવપક્ષ તરફે ઉલટતપાસ કરવામાં આવેલ છે જેમા એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે, આરોપી તથા ભોગબનનારના નમુના લેવાની કાર્યવાહી અમારા સ્ટાફ મારફતે કરવામા આવેલ. એ વાત ખરી નથી કે ભોગબનનાર કે આરોપીના નમુના લેતા અગાઉ કોઈ કંન્સેન્ટ લેવામાં આવેલી નહી. એ વાત ખરી નથી કે આરોપીને નમુના લેવા મારી રૂબરૂ રજુ કર્યા ત્યારે પોલીસ ધ્વારા મને બનાવ અને ગુનાની હકીકત બાબતે વાકેફ કરેલા. **એ વાત ખરી છે કે, આંક–૧૭ થી ભોગબનનાર, આંક–૨૧ અને આંક–૨૬ થી આરોપીઓની શારીરીક તપાસણી અંગેની યાદી છે તેમા ભોગબનનારનુ નામ, આરોપીઓનુ નામ, ગુનાની વિગત તથા વર્ણન જણાવેલ છે. એ વાત ખરી છે કે મે ભોગબનનારની હીસ્ટ્રી લખેલ તેમા ભોગબનનારે પોતાની જન્મ તારીખ કે ઉંમર જણાવેલ નથી. એ વાત ખરી છે કે ભોગબનનારે હીસ્ટ્રી જણાવેલ તે મુજબ ભોગબનનાર અને સુજલ વચ્ચે પ્રેમસબંધ હોવાની હકીકત જણાવેલ છે. એ વાત ખરી છે કે ભોગબનનારે આરોપી સુજલે તેની મરજી વિરૂધ્ધ બળજબરીથી શારીરીક સબંધ બાંધેલ હોય તેવુ હીસ્ટ્રીમાં લખાવેલ નથી. એ વાત ખરી છે કે ભોગબનનારની શારીરીક તપાસણી દરમ્યાન ભોગબનનાર ના શરીરે કોઈ ઈજા કે ઉજરડાના નીશાન જોવા મળેલ નહી. એ વાત ખરી છે કે, આરોપીની શારીરીક તપાસણી દરમ્યાન આરોપી સુજલના શરીરે કે ગુપ્તાંગમાં કોઈ ઈજા જોવા મળેલ નહી.** એ વાત ખરી છે કે આંક–૧૮ વાળા સેમ્પલ કલેકશન ફોર્મમાં નમુના આપવા માટે સંમતિ આપેલ હોય તેવુ સ્પષ્ટ લખેલ નથી, સાહેદ જણાવે છે કે, આ ફોર્મમાં કયા સેમ્પલ કલેકશન કરવાના છે તેની ઉપર ટીકમાર્ક કરી નામ વિગેરે વિગત તથા કંન્સેન્ટ ઓફ ધી ઈન્ડીવીઝયુઅલ નુ કોલમ છે અને તેની નીચે સહી લેવામા આવેલ છે. વધુ ઉલટતપાસ ડીનાઈલ સ્વરૂપની હોય તેની વિશેષ ચર્ચા કરવામાં આવતી નથી.

૨૦. ફરીયાદપક્ષ તરફે આ કામના **સાહેદ નં.૯ ગાયનેકોલોજીસ્ટ ડો.યાત્રી નવનીતભાઈ શ્યારાને આંક : ૪૩** થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે, તેઓએ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, હુ ગઈ **તા.૦૫/૦૯/૨૦૨૫ ના રોજ ખંભાળીયા જનરલ હોસ્પીટલ ખાતે ગાયનેકોલોજીસ્ટ તરીકે ફરજ બજાવતી હતી** તે દરમ્યાન પોલીસ કોન્સ્ટેબલ કાજલ રમેશભાઈ ડોડીયા, ખંભાળીયા પોલીસ સ્ટેશનનાઓ પોલીસ ઈન્સ્પેકટરની યાદી સાથે ભોગબનનારની ગાયનેક મેડીકલ તપાસણી કરવા માટે સાંજના સવા છ વાગ્યની આસપાસ લઈને આવેલા. સૌપ્રથમ ભોગ **બનનારનો ઓ.પી.ડી. કેસ કાઢી પ્રાથમિક તપાસણી કરી ગાયનેક તપાસણી માટે પોલીસ યાદી તથા અમારા તરફ ગાયનેક તપાસણી માટે રીફર કરતા અમોએ ભોગબનનારની પુછપરછ કરી તેમની હીસ્ટ્રી પુછેલ અને તપાસણી કરેલ.** તપાસણી કરતા પહેલા ભોગબનનારની તથા તેમાના માતાની સહમતી લીધેલ અને તે બદલ ભોગબનનાર તથા તેના માતાનુ અંગુઠાનુ નીશાન લીધેલ. ભોગબનનારને હીસ્ટ્રી પુછતા તેણે જણાવેલ **હીસ્ટ્રી મે લીધેલ અને મારા મે હસ્તાક્ષરમાં લખી લીધેલ જે મુજબ, ''ભોગબનનાર વ્યકિતનુ નામ......, ઉ.વ.૧૬, ૧૧ માસ, ૨૯ દિવસ (જન્મ તા.૦૭/૦૯/૨૦૦૮) જન્મ પ્રમાણપત્ર આધારે છે. આરોપીનુ નામ સુજલભાઈ પ્રવિણભાઈ રાઠોડ ઉ.વ.૨૦, જે ભોગબનનારને ચાર મહિનાથી ઓળખે છે. આરોપીએ ચાર મહિના પહેલા ભોગબનનારને મોબાઈલ નંબર આપેલ. ત્યારબાદ ફોનકોલમા અવારનવાર વાતચીત કરતા. નંબર આપ્યાના પંદર દિવસ પછી એક વખત (છેલ્લી વાર) સબંધ બાંધેલ. આ સબંધ આરોપીએ ભોગબનનારના ઘરે જઈને બાંધેલ ત્યારે પાંચમા મહિના (મે મહિના) બપોરના બાર વાગ્યાના સમય દરમ્યાન સબંધ બાંધેલ હતો. આ સબંધ ભોગબનનારની મંજુરીથી બાંધેલ છે. સબંધ બાંધતા સમયે કોન્ડોમ વાપરેલ હતુ. આરોપી સુજલભાઈ**

**પ્રવિણભાઈ રાઠોડ ભોગબનનાર સાથે કોઈ પણ પ્રકારની જબરજસ્તી કરેલ નથી. ત્યારબાદ આરોપી અને ભોગબનનાર તા.૦૪/૦૯/૨૦૨૫ ના ૨:૩૦ એ.એમ. ના ભોગબનનારના ઘરેથી ભાગીને ધ્વારકા પહોંચેલા. ત્યાંથી રાજકોટ જવા નીકળતા બંનેને પોલીસે જામનગર પકડી લીધેલા. ત્યારબાદ બંનેને ખંભાળીયા પોલીસ સ્ટેશન રજુ કરવામા આવેલ''.** હીસ્ટ્રી લીધા પછી ભોગબનનારના તથા ભોગબનનારના માતાનુ જમણા હાથના અંગુઠાનુ નીશાન લીધેલ. ભોગબનનારની સંમતિ લઈ અને સંમતિ બદલ ભોગબનનાર તથા ભોગબનનારના ડાબા હાથના અંગુઠાનુ નીશાન લીધેલ. ત્યારબાદ **ભોગબનનારના સર્વાઈકલ સ્વેબ અને સ્મીયર તથા વજાઈનલ સ્વેબ અને સ્મીયરના નમુનાઓ મે લીધેલા.** નમુનાઓને ઓફીસર પાસે સીલપેક કરાવી ઉપર ઓફીસમાં નમુના જમા કરાવેલ. જે અંગેનુ સેમ્પલ કલેકશન ફોર્મ મેડીકલ ઓફીસર ડો.મીત કંડોરીયાનાએ ભરેલ. મે ભોગબનારની મેડીકલ તપાસણી કરતા અગાઉ ભોગબનનાર તથા તેમની માતાના જમણા હાથના અંગુઠાનુ નીશાન તથા સહી લીધેલ. **મે ભોગબનનારની મેડીકલ તપાસણી કરી કોલમ નં.૧૪ થી અંત સુધીનુ ફોર્મ મે મારા હસ્તાક્ષરમાં ભરેલ. જ્યારે કોલમ નં.૧ થી ૧૩ સુધીની વિગત મેડીકલ ઓફીસર ડો.મીત કંડોરીયા નાઓએ તેમના હસ્તાક્ષરમાં ભરેલ છે.** મે ભોગબનનારની મેડીકલ તપાસણી કરેલ તે મુજબ ભોગબનનારને સાથળના ઉપરના ભાગે લેબીયા મેજોરા અને માઈનોરમાં કોઈ ઈજા ન હતી, ભોગબનનારનુ હાઈમેન જુનું તુટેલુ હતુ, જાતીય રોગના કોઈ લક્ષણ જણાયેલ ન હતા. કોઈ ડીસ્ચાર્જ જોવા મળેલ ન હતુ, ડીઝીટલ એકઝામીનેશન સામાન્ય હતુ, **મારા મેડીકલ કર્યા બાદ મારા અભિપ્રયા આપેલ જે મુજબ '' IT CAN NOT BE SAID WITH CONFIRMATION THAT ANY FORCFUL INTERCOURSE WAS HAPPENED." મે ભોગબનનારને યુ.એસ.જી. એબ્ડોમેન અને પેલ્વીસ માટે**

**અમારા હોસ્પીટલના રેડીયોલોજી વિભાગને મોકલાવેલ. ભોગબનનારની યુ.એસ.જી. એબ્ડોમેન અને પેલ્વીસ રીપોર્ટ નોર્મલ હતો** તે મુજબનો પુરાવો આપેલ છે.

**૨૦.૧.** સદર સાહેદની બચાવપક્ષ તરફે ઉલટતપાસ કરવામાં આવેલ છે જેમા એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, ભોગબનનારને સૌપ્રથમ ચાદી સાથે મેડકીલ ઓફીસર રૂબરૂ લાવવામાં આવેલ. એ વાત ખરી છે કે ભોગબનનાર ને મારી રૂબરૂ રીફર કરી લઈ આવવામાં આવેલ. એ વાત ખરી છે કે પોલીસ ચાદીમાં બનાવની ટુંકી વિગત લખેલ જેનો મે અભ્યાસ કરેલો. **એ વાત ખરી નથી કે ભોગબનનારની ઉંમર પોલીસના કહેવા મુજબ લખેલ છે. એ વાત ખરી છે કે મે ભોગબનનારની જન્મનો દાખલો જોઈને લખેલ નથી.** એ વાત ખરી છે કે ભોગબનનાર પ્રથમ નજરે પુખ્ત ઉંમરના લાગતા હતા. ભોગબનનાર ની સહી તથા હાલચાલ જોતા મને ભણેલા હોય તેવુ લાગતુ હતુ. એ વાત ખરી છે કે ભોગબનનાર માનસીક રીતે સ્વસ્થ હતા. **એ વાત ખરી છે કે, ભોગ બનનારના સેકેન્ડરી સેકસ્યુઅલ કેરેટરીસ્ટીક વેલ ડેવલપ્ડ હતા. એ વાત ખરી છે કે ભોગબનનારની તપાસણી દરમ્યાન ભોગબનનાર ને કોઈ ઈજાના નીશાન જોવા મળેલ નહી. એ વાત ખરી છે કે, સેકેન્ડરી સેકસ્યુઅલ કેરેટરીસ્ટીક પુખ્ત ઉંમરની વ્યકિતમા જોવા મળે.** એ વાત ખરી નથી કે હીસ્ટ્રી એ મેડીકલ તપાસણીનો ભાગ નથી. એ વાત ખરી છે કે બાયોલોજીકલ નમુના રૂમ ટેમ્પરેચરમાં કલેકટ કરવાના હોય છે. **એ વાત ખરી છે કે આ નમુના કેવી રીતે કલેકટ કર્યા તે કલેકશન ફોર્મમાં જણાવેલ નથી. એ વાત ખરી છે કે મેળવેલ નમુનાને એરટાઈટ સીલપેક કરી એફ.એસ.એલ.મા મોકલવાના હોય છે. એ વાત ખરી છે કે, નમુના કલેકટ કરી સીલબંધ કરેલ પરંતુ તેને કયા પ્રકારના બોકસમાં મુકેલ તેનો ઉલ્લેખ કરેલ નથી.** એ વાત ખરી છે કે નમુના

કલેકટ કરી સીલબંધ કરી પ્લાસ્ટીકની પારદર્શક બેગમાં મુકવાના હોય છે. એ વાત ખરી છે કે દરેક બાયોલોજીકલ નમુના મેળવતી વખતે નવા ગ્લોવ્ઝ પહેરવાના હોય છે. મે ભોગબનનારના નખના નમુના મેળવેલ નહી. એ વાત ખરી નથી કે ભોગબનનારના ગુપ્તાંગના વાળ ચોંટેલા હોય તો નજીક ના સમયમા શરીર સબંધ બાંધેલો હોય તેવુ માની શકાય. વધુ ઉલટતપાસ ડીનાઈલ સ્વરૂપની હોય તેની વિશેષ ચર્ચા કરવામાં આવતી નથી.

<u>ભોગ બનનારની ઉંમર બાબતેનો પુરાવો</u> :–

૨૧. ફરીયાદપક્ષ તરફે આ કામના **સાહેદ નં.૪ આચાર્યશ્રી કંચનબેન જગમાલભાઈ પટાટને આંક : ૨૭** થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે, તેઓએ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, હું હાલમાં...શાળા માં આચાર્ય તરીકે ફરજ બજાવુ છું. ગઈ **તા.૦૬/૦૯/૨૦૨૫ ના રોજ પી.આઈ.શ્રી, ખંભાળીયા પોલીસ સ્ટેશનમાંથી તરફથી શાળાના આચાર્ય ને ઉદેશીને, ભોગબનનાર જન્મ તારીખના દાખલાની તથા જનરલ રજીસ્ટ્રરના ઉતારાની ખરી નકલ મળવાની યાદી લઈને આવેલા. ત્યારબાદ મે યાદી મુજબ ભોગબનનારનું અમારી શાળામાં નીભાવવામાં આવતુ વિદ્યાર્થી ઓનુ રજીસ્ટર ચેક કરી જોતાં, જનરલ રજીસ્ટર નં.૫૬૪૨ ઉપર ભોગબનનારનું નામ.........., અમારા શાળાના રજીસ્ટરે નોંધાયેલ હતુ જેથી મે જનરલ રજીસ્ટરની ખરાઈ કરી મે ભોગબનનારનુ શાળાનુ જન્મ તારીખનુ પ્રમાણપત્ર તથા જનરલ રજીસ્ટરના ઉતારાની ખરી નકલ કરી રૂબરૂમાં આવેલ પોલીસ કર્મચારીને આપેલી.** જનરલ રજીસ્ટરના ઉતારા મુજબ ભોગબનનારની જન્મ તા.૦૭/૦૯/૨૦૦૮ છે તે મુજબનો પુરાવો આપેલ છે.

**૨૧.૧.** સદર સાહેદની બચાવપક્ષ તરફે ઉલટતપાસ કરવામાં આવેલ છે જેમા એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, ભોગ બનનાર અમારી સ્કૂલમાં એડમીશન લીધુ તે અગાઉ .........વિદ્યામંદિર માધ્યમીક શાળામાં અભ્યાસ કરતા હતા. **એ વાત ખરી છે કે અમારી સ્કૂલના જનરલ રજીસ્ટ્રરમાં ભોગ બનનારની જે નોંધ કરવામાં આવેલ તે અગાઉની શાળાના સ્કૂલ લીવીંગ સર્ટીફીકેટ મુજબ નોંધવામાં આવેલ. એ વાત ખરી છે કે અમારી સ્કૂલ એડમીશન લેવામાં આવ્યું તે વખતે જન્મનો દાખલો લેવામાં આવેલ નહી. સાહેદ જણાવે છે કે અગાઉની સ્કૂલનું સ્કૂલ લીવીંગ સર્ટીફીકેટમાં જન્મ તારીખ જણાવેલી.** એ વાત ખરી છે કે, જનરલ રજીસ્ટરમાં જે નોંધ કરવામા આવેલ છે તેના હસ્તાક્ષર કલાર્કના છે. એ વાત ખરી છે કે મે શાળાના વચપત્રક આપેલ તે વખતે ભોગ બનનાર અમારી શાળામાં અભ્યાસ કરતા હતા, સાહેદ જણાવે છે કે અત્યારે પણ અભ્યાસ કરે છે. વધુ ઉલટતપાસ ડીનાઈલ સ્વરૂપ ની હોય તેની વિશેષ ચર્ચા કરવામાં આવતી નથી.

૨૨. ફરીયાદપક્ષ તરફે આ કામના **સાહેદ નં.૫ ખંભાળીયા નગરપાલીકાના સબ રજીસ્ટ્રાર જીવણલાલ ભીખાભાઈ ડગરાને આંક : ૨૯** થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે, તેઓએ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, હુ ખંભાળીયા, નગરપાલીકા ખાતે હેડ કલાર્ક હોદ્દો ધરાવી સબ રજીસ્ટ્રાર તરીકે મારી ફરજ ઉપર હતો અને હાલમાં પણ ત્યાં જ નોકરી કરુ છુ. ગઈ **તા.૦૬/૦૯/૨૦૨૫ ના રોજ ખંભાળીયા પોલીસ સ્ટેશનના પી.આઈશ્રી બી.જે.સરવૈયા તરફથી ભોગબનનારના જન્મના દાખલાની ખરાઈ કરી જન્મનો દાખલો મળવા તથા જન્મ નોંધણી રજીસ્ટરના ઉતારાની ખરી નકલ મળવા ચાદી અમોને મળેલી,** જે ચાદી મે રીસીવ કરેલી. સને ૨૦૦૮ નુ ભોગબનનારનુ જન્મનુ પ્રમાણપત્ર તથા જન્મ મરણ નોધણી રજીસ્ટર

ઉપરથી જન્મનુ પ્રમાણપત્ર મળવા યાદી મુજબ **અમોએ જન્મ નોંધણી રજીસ્ટર ૨૦૦૮ ના પાના નં.૧૯૯, ક્રમ નં.૪૫૬૩ ઉપર ખરાઈ કરતા ભોગ બનનારની જન્મની નોધ થયેલ છે જેમા જન્મ તા.૦૭/૦૯/૨૦૦૮ છે અને જન્મ સ્થળ–પાયલ હોસ્પીટલ, ખંભાળીયા લખેલ છે અને તેમા ભોગબનનાર તથા તેમના માતા–પિતાના નામની નોધ થયેલ છે અને આ નોધણી તા.૦૮/૦૯/૨૦૦૮ ના કરવામાં આવેલ** પુરાવો આપેલ છે.

**૨૨.૧.** સદર સાહેદની બચાવપક્ષ તરફે ઉલટતપાસ કરવામાં આવેલ છે જેમા એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, કોઈપણ બાળકનો જન્મ થાય તો જન્મ અંગેનુ ફોર્મ ભરવામા આવતુ હોય છે. એ વાત ખરી છે કે આવુ કોઈ ફોર્મ મે પોલીસને આપેલ નથી. **એ વાત ખરી છે કે આંક–૩૦ જન્મ નોંધણી રજીસ્ટરની નોધ નં.૪૫૬૩ વાળી મારા હસ્તાક્ષરમાં લખેલ નથી. એ વાત ખરી છે કે ભોગબનનારના જન્મની નોંધ મારી રૂબરૂમા કરવામા આવેલ નથી. એ વાત ખરી છે કે ભોગબનનારના જન્મની નોધ તેના માતાપિતાએ કરાવેલ નથી, સાહેદ જણાવે છે કે ભોગબનારનો જન્મ પાયલ હોસ્પીટલમાં થયેલ હોય જન્મ અંગેની વિગતો પાયલ હોસ્પીટલમાથી આપવામા આવેલ છે.** એ વાત ખરી છે કે જે તે સમયે હુ સબ રજીસ્ટ્રાર તરીકે ફરજ બજાવતો ન હોય મારી રૂબરૂ કોઈ માહિતી પાયલ હોસ્પીટલ તરફથી આપવામા આવેલ નહી. એ વાત ખરી છે કે પાયલ હોસ્પીટલ તરફથી આપવામા આવેલ વિગત મે પોલીસને આપેલ નથી. એ વાત ખરી છે કે અમારી કચેરીમા આવક જાવક રજીસ્ટર નીભાવવામા આવે છે. **એ વાત ખરી નથી કે મે મેળવેલ પોલીસ તરફથી આવેલ યાદીને આવક રજીસ્ટરમા નોધેલ નથી, સાહેદ જણાવે છે કે આવક ન.૪૨૮૦ થી તા.૦૬/૦૯/૨૦૨૫ ના રોજ નોધેલી. એ વાત ખરી છે કે તપાસ કરનાર અમલદારે મારુ કોઈ નીવેદન લીધેલ નથી. મને આંક–૩૦ વાળુ ભોગબનનાર**

**નુ જન્મનુ પ્રમાણપત્ર બતાવવામાં આવે છે તે જોઈને જણાવુ છુ કે, તેમા પ્રમાણપત્ર ઈસ્યુ કર્યાની તા.૧૮/૦૯/૨૦૨૫ ના રોજની જણાવેલી છે.** એ વાત ખરી છે કે, મે પ્રમાણપત્ર ઈસ્યુ કર્યા તારીખે જ પ્રમાણપત્ર આપ્યુ હોય. એ વાત ખરી છે કે, અમુક બાળકના નામ પાછળથી પણ લખાવવામાં આવતા હોય છે. વધુ ઉલટતપાસ ડીનાઈલ સ્વરૂપની હોય તેની વિશેષ ચર્ચા કરવામાં આવતી નથી.

<u>ભોગ બનનાર તથા ફરીયાદીનો પુરાવો</u> :-

૨૩. ફરીયાદપક્ષ તરફે આ કામના **સાહેદ નં.૬ ભોગ બનનારને આંક : ૩૪** થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે, તેઓએ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, હુ મારા માતા પિતા સાથે રહુ છુ. હાલમા **હુ ......સ્કુલમાં ધો.૧૨માં અભ્યાસ કરુ છુ. મારી જન્મ તા.૦૭/૦૯/૨૦૦૮ છે. મારા બનાવ અંગેની ફરીયાદ મારા માતાએ આપેલી. હુ સુજલ પ્રવિણ રાઠોડને ઓળખુ છુ.** હુ તેને અમારી સોસાયટીમા આગળ રહેતો હોય તથા તે અવાર નવાર અમારા ઘર પાસેથી નીકળતો હોય હુ તેને ઓળખતી. **સુજલને હુ ઓળખતી હોવાથી તેણે મને પોતાનો કોન્ટેક નંબર આપેલો. સુજલનો ફોન નંબર મને ખબર છે તેનો નં.૮૪૬૯૨ ૬૦૪૦૭ છે અને મારી માતાના ફોનમાં થી ફોન કરતી. તે મને લગ્ન કરવાનુ કહેતો. બનાવ બન્યો તેના ચાર પાંચ મહિના પહેલા મારા અદાના છોકરો ધર્મરાજનુ અકસ્માત થયેલુ જેથી તેને જામનગર હોસ્પીટલમા દાખલ કરેલો. મારા માતા પિતા તેની ખબર કાઢવા માટે જામનગર હોસ્પીટલમા ગયેલા. ત્યારે ઘરે કોઈ ન હતુ અને ઘરે હુ એકલી હતી ત્યારે ઘરે સુજલ આવેલો અને સુજલે મારી સાથે શરીર સબંધ બાંધેલો.** ગઈ તા.૦૩/૦૯/૨૦૨૫ ના રોજ અમે નકકી કરેલુ કે લગ્ન કરવા માટે ઘરેથી

વહી જાવુ છે. **મે તા.૦૩/૦૯/૨૦૨૫ ના રોજ રાતના ત્રણ–સાડા ત્રણ વાગ્યે સુજલને ફોન કરેલ. ત્યારે સુજલે મને જન્મ તારીખના કાગળીયા લઈ લેવા માટે જણાવેલ. ત્યારબાદ સુજલ મારા ઘરથી આગળ મોટર સાઈકલ લઈને આવેલો તેની સાથે તેના મોટા બાપાનો છોકરો સંજય પણ આવેલો. હુ મોટર સાઈકલ ઉપર બેસીને ખંભાળીયાના રેલ્વે સ્ટેશન ગયેલા.** અમે રેલ્વે સ્ટેશને રાજકોટ જતી ટ્રેની વાટ જોતા હતા ત્યારે છ વાગ્યે દ્વારકા જતી ટ્રેન આવેલી જેથી અમે તે ટ્રેનમાં બેસી ગયેલા અને દ્વારકા ગયેલા. ત્યાં રેલ્વે પ્લેટફોર્મ ઉપર રાજકોટ જતી ટ્રેનની વાટ જોતા હતા. **સાડા થી અગીયાર વાગ્યાની આસપાસ રાજકોટ જતી ટ્રેન આવેલી, જેમા હુ, સુજલ અને તેના મોટા બાપાનો દિકરો સંજય બેસી ગયેલા. અમે આ ટ્રેનમા બેસી રાજકોટ જતા હતા તે દરમ્યાન જામનગર રેલ્વે સ્ટેશને પોલીસવાળા આવેલા અને પકડી લીધેલ.** જામનગર પોલીસ અમને ત્રણેયને જામનગર પોલીસ સ્ટેશને લઈ ગયેલા. જામનગર પોલીસ સ્ટેશને ખંભાળીયાના પોલીસવાળા આવેલા તેઓની સાથે અમે ખંભાળીયા પોલીસ સ્ટેશને આવેલા. **બનાવ બાબતે મારી મમ્મીએ પોલીસમા ફરીયાદ કરેલી.** પોલીસે બનાવ બાબતે પોલીસ સ્ટેશને મારી પુછપરછ કરી નીવેદન લીધેલ. ત્યારબાદ પોલીસ મને ખંભાળીયા ની સરકારી હોસ્પીટલે લઈ ગયેલ. ત્યાં મને મેડીકલ રીપોર્ટ કરાવવા માટે લઈ ગયેલ. ત્યાં **ડોકટર સાહેબે મારી પુછપરછ કરેલી અને મે બનાવ બાબતે બનેલ હકીકત ડોકટર સાહેબને જણાવેલી.** ડોકટરે મારી સહી લીધેલી. દવાખાને લઈ ગયેલ તે વખતે મારી સાથે મમ્મી તથા લેડીસ પોલીસવાળા સાથે ગયેલી. ડોકટરે મારુ મેડીકલ તપાસ કરેલી અને ત્યારબાદ અમે હોસ્પીટલેથી નીકળી ગયેલ. ત્યારબાદ ખંભાળીયા પોલીસવાળા **મને લેડીસ પોલીસ સાથે ખંભાળીયા કોર્ટમાં લઈ ગયેલ. મારી સાથે મારી મમ્મી હતા. ત્યાં કોર્ટમાં મને જજ સાહેબ પાસે લઈ ગયેલ અને ત્યાં જજ સાહેબે મારી પુછપરછ કરેલી**

**અને મે બનાવ બાબતે જણાવેલુ. જજ સાહેબે મારું નિવેદન લીધેલ.** જે મને જજ સાહેબે મારુ નિવેદન લઈ મને વાંચી સંભળાવેલ ત્યારબાદ મે તેમાં સહી કરેલી. મારુ નીવેદન લેવામાં આવેલ તેનુ કેમેરામાં રેકોર્ડીગ કરવામાં આવેલ. આરોપી ઓ સુજલ અને સંજય નામદાર કોર્ટમાં હાજર હોય તો હું જોઈને ઓળખી શકુ, મુદ્દામાલ કપડાને પણ જોયેથી ઓળખી શકવાનો પુરાવો આપેલ છે.

૨૩.૧. સદર સાહેદની બચાવપક્ષ તરફે ઉલટતપાસ કરવામાં આવેલ છે જેમા એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, મારા મમ્મી–પપ્પા છેલ્લા સતર–અઢાર વર્ષથી ખંભાળીયામાં રહે છે. તે પહેલા મારા મમ્મી પપ્પા કયાં રહેતા હતા તેની મને ખબર નથી. અમે કુલ પાંચ ભાઈ બહેનો છીએ. હુ સંતાનમા બીજા નંબરે છુ. મારા પપ્પાના લગ્ન થયે કેટલા વર્ષ થયા તે હુ કહી શકુ નહી. એ વાતની મને ખબર છે કે ભણતરમા સૌપ્રથમ પ્લે ગ્રુપ, નર્સરી, એલ.કે.જી., યુ.કે.જી.,પછી પ્રથમ ધોરણ એ રીતે આવે છે. મે અગાઉ ધો.૯ સુધીનો અભ્યાસ ........સ્કુલમાં કરેલ હતો. એ વાત ખરી છે કે સામાન્ય રીતે બાળક પાંચ વર્ષનુ થાય તે પછી સ્કુલમા અભ્યાસ માટે બેસે છે. મારાથી મોટા મારા બહેન છે. મારા મોટા બહેન મારાથી અંદાજે એકાદ વર્ષ ઉંમરમા મોટા હશે. એ વાત ખરી છે કે અમારા ઘરમા મોબાઈલ અને ટી.વી. છે. અમારા મોબાઈલમાં ઈન્સ્ટાગ્રામ, વોટસએપ, ફેસબુક વિગેરે યુઝ થઈ શકે તેવો એન્ડ્રોઈડ મોબાઈલ છે. એ વાત ખરી નથી કે હુ મોબાઈલમા ઈન્સ્ટાગ્રામ, વોટસએપ, ફેસબુક વિગેરે યુઝ કરુ છુ, સાહેદ જણાવે છે કે માત્ર વોટસએપ વાપરું છુ. **હુ આરોપી સુજલને બનાવ બન્યો તેના છ માસ પહેલાથી ઓળખતી હતી. એ વાત ખરી છે કે હુ અને સુજલ ફોનમાં અને મેસેજમાં વાતચીત કરતા હતા. એ વાત ખરી છે કે આ વાતચીત કરતા તે વખતે ફોન અને મેસેજ પણ હું જ કરતી હતી. એ વાત ખરી છે કે હુ સુજલ સાથે વાતચીત કરતી હતી તે મારા**

**માતા–પિતાનુ ગમતુ ન હતુ.** એ વાત ખરી છે કે અમે ફોનમા સામાન્ય પ્રકારની વાતચીત કરતા હતા. એ વાત ખરી છે કે મારે આરોપી સાથે જયારે ફોન ઉપર વાતચીત થતી હોય તે વખતે આરોપીએ મને ડરાવેલ, ધમકાવેલ હોય તેવુ બનેલ નથી. **એ વાત ખરી છે કે મારા માતા પિતા જામનગર ખબર કાઢવા માટે ગયેલા તે વખતે મે સુજલને ફોન કરેલો.** આ ફોન કરેલો તે બનાવના ચાર પાંચ મહિના અગાઉ કરેલો. એ વાત ખરી છે કે મે કઈ તારીખે, કયા કપડા પહેરેલ હોય તે યાદ ન હોય. એ વાત ખરી નથી કે,બનાવના ચાર પાંચ મહિના સુજલ આવેલ તે વખતે મે કયા કપડા પહેરેલ તે ખબર ન હતી જેથી મે પોલીસે માંગ્યા તે મે કપડા આપેલા, સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે અંદાજે કપડા આપેલા. એ વાત ખરી છે કે મે ત્રણ તારીખે રાત્રે સુજલને ફોન કરેલો. **એ વાત હુ જાણું છું કે પુખ્ત ઉંમર થાય ત્યારપછી લગ્ન થાય. એ વાત ખરી છે કે મારે સુજલ સાથે લગ્ન કરવા હતા, સાહેદ જણાવે છે કે, બંનેની સહમતિ હતી. એ વાત ખરી છે કે હુ મારી મરજીથી બનાવના રાત્રે ઘરેથી બહાર નીકળેલ હતી.** એ વાત ખરી છે કે હુ મારી સ્વેચ્છાએ મોટરસાઈકલ ઉપર બેહેલી. એ વાત ખરી છે કે મે સુજલને ફોન કરેલ ત્યારબાદથી સુજલ આવ્યો ત્યાં સુધી મારે જવુ કે ના જવુ તે વિચારવાનો પુરતો સમય હતો. એ વાત ખરી છે કે મે પોલીસને ચાર તારીખે જે નીવેદન લખાવેલ તેમાં સવારથી બપોર સુધીની હકીકત જણાવેલ છે. એ વાત ખરી છે કે હુ સુજલ સાથે નીકળી અને ત્યારબાદ પોલીસે અમને પકડયા ત્યાં સુધી હુ જાહેર જગ્યામાં હતી, સાહેદ જણાવે છે કે ટ્રેનમાં હતા. **મને જામનગર પોલીસ સ્ટેશનમાં લઈ ગયેલા ત્યાં મારી પુછપરછ કરેલી નહી કે મે કાંઈ લખાવેલ નહી. જામનગર થી ખંભાળીયા પોલીસ સાથે પરત આવતા હતા ત્યારે પોલીસે રસ્તામાં મારી કોઈ પુછપરછ કરેલી નહી.** એ વાત ખરી નથી કે ખંભાળીયા પોલીસ સ્ટેશન આવ્યા પછી ત્યાં મારા મમ્મી હાજર હતા અને હુ મારી મમ્મી સાથે મળેલી

અને વાતચીત કરેલી. હુ ખંભાળીયા પોલીસ સ્ટેશનમાં પહોંચી ત્યારે મારા મમ્મી હાજર જ હતા. મને આંક–૧૮ થી રજુ કલેકશન ફોર્મ બતાવવામાં આવે છે તે જોઈને જણાવુ છુ કે તે અંગ્રેજીમાં લખેલ છે. એ વાત ખરી નથી કે દવાખાને તથા કોર્ટમાં મારા મમ્મીએ કહેલ તે મુજબ મે લખાવેલ. એ વાત ખરી છે કે અમારા સમાજમા સામાન્ય રીતે સગપણ નાની ઉંમરમા થતા હોય છે. એ વાત ખરી છે કે અમારા સમાજમાં સામાન્ય રીતે બે ભાઈ બહેનોના લગ્ન એક સાથે કરવામા આવતા હોય છે. એ વાત ખરી છે કે અમારા મોટા બહેનની સગાઈની વાતચીત ચાલુ હતી. એ વાત ખરી નથી કે ઘરની જરૂરી ચીજવસ્તુ ઓની ખરીદી કરવી તેની જવાબદારી હુ નીભાવતી હતી. એ વાત ખરી છે કે પોલીસે મારી પુછપરછ કરી તે વખતે ઉંમર બાબતે પુછપરછ કરતા હતા, સાહેદ જણાવે છે કે મારી ઉંમર નાની હતી તે બાબતે પુછતા હતા. **એ વાત ખરી છે કે આરોપી સાથે લગ્ન કરવા હતા જેથી મે જન્મનો દાખલો અને આધારકાર્ડ સાથે રાખેલ, સાહેદ જણાવે છે કે આરોપીએ લઈ લેવા માટે જણાવેલ.** એ વાત ખરી છે કે મારે આરોપી સાથે વાતચીત થતી હતી ત્યારે થોડા ટાઈમ પછી લગ્ન કરીશું તેવુ સુજલે જણાવેલુ, સાહેદ જણાવે છે કે તેવુ બંને જણા વચ્ચે વાતચીત થયેલી. એ વાત ખરી છે કે મે જન્મનો દાખલો અને આધારકાર્ડ સુજલને અગાઉ કયારેય આપેલ નહી કે તેને બતાવેલ નહી. એ વાત ખરી છે કે ગયા તે પહેલા આરોપી સંજયે મારી ઉંમર પુછેલ નથી કે મે જણાવેલ નથી. **એ વાત ખરી છે કે મારે ફોન ઉપર વાતચીત થતી હતી તે બાબતે મારા પપ્પાને ખબર પડતા મારા પપ્પા સુજલના ઘરે એક વાર ગયેલા.** એ વાત ખરી નથી કે, મારા પપ્પાએ તેના ઘરે જઈ તેના માતા પિતા સાથે ઝઘડો કરેલો. એ વાત ખરી છે કે મારા પપ્પાને ખબર પડયા પછી હુ સુજલ સાથે ફોન ઉપર વાતચીત કરતી હતી અને ફોન કરતી હતી. **હુ ફોન ઉપર વાત કરતી હતી તે મારા પિતાને ગમતુ ન હતુ, સાહેદ જણાવે છે કે મારા**

**પિતાને તેની ખબર ન હતી.** વધુ ઉલટતપાસ ડીનાઈલ સ્વરૂપની હોય તેની વિશેષ ચર્ચા કરવામાં આવતી નથી.

૨૪. ફરીયાદપક્ષ તરફે આ કામના **સાહેદ નં.૭ ફરીયાદી/ભોગ બનનારના માતાને આંક : ૩૭** થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે, તેઓએ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, મારે સંતાનમા ચાર દિકરીઓ અને એક દિકરો છે. મારી ભોગબનનાર દિકરી સંતાનમાં બીજા નંબરે છે. મારા ઘરવાળા ડ્રાઈવીંગ કરે છે. **મારી ભોગબનનાર દિકરીની જન્મ તારીખ મને યાદ નથી પરંતુ બનાવ સમયે તેણીની ઉંમર સતર વર્ષની હતી.** મારી ભોગબનનાર દિકરી બનાવ સમયે .... સ્કુલમાં ધો.૧૨ માં અભ્યાસ કરતી હતી. બનાવના રાત્રીના હુ તથા મારી દિકરીઓ તથા દિકરો ઘરમા સુતા હતા અને મારા ઘરવાળા કામ અર્થે બહાર ગયા હતા અને રાત્રીના આશરે અઢી વાગ્યે ઘરે આવેલ હતા. મારા ઘરવાળા ઘરે આવેલ તે વખતે મારી ભોગબનનાર દિકરી સુતી હતી. **હુ સવારના આશરે છ એક વાગ્યે ઉઠેલ અને તે વખતે મારા પતિ પણ ઉઠેલા અને જોયું તો મારી ભોગબનનાર દિકરી જોવામાં આવેલ નહી. મારી ભોગબનનાર દિકરી જોવામાં ન આવતા અમોએ આજુબાજુમાં તપાસ કરેલ પરંતુ મળેલ નહી. ત્યારબાદ મારો ફોન જોતાં તેમા સુજલ રાઠોડના નંબર જોવા મળેલ. જેથી સુજલ રાઠોડના ફોન ઉપર કરતા તે ફોન બંધ આવતો હતો.** સુજલ રાઠોડના નંબર હુ અભણ હોવાથી મને યાદ નથી. છેલ્લો કોલ સુજલનો હોવાથી તેના ઘરે તપાસ કરાવેલી તો સુજલ પણ ઘરે ન હતો. જેથી અમોને નકકી થઈ ગયેલ કે સુજલ રાઠોડ જ મારી ભોગબનનાર દિકરીને લઈ ગયેલ છે. **મારી દિકરીનુ આધારકાર્ડ અને જન્મ તારીખનો દાખલો ન હતો જેથી લગ્ન કરવા માટે લઈ ગયેલ હોવાનુ જણાયેલુ.** મારી ભોગબનનાર દિકરીએ તે વખતે કાળા કલરની લેંગીસ તથા ચોકડા વાળું કુર્તી પહેરેલ હતી.

જેથી અમો ખંભાળીયા પોલીસ સ્ટેશને ગયેલ અને મારી ભોગબનનાર દિકરી ને લઈ જવા અંગેની ફરીયાદ આપેલી. આ ફરીયાદ આપેલી તે વખતે મારા મોબાઈલમા જે ફોન નંબર હતા તે પણ પોલીસને બતાવેલા. પોલીસે મે લખાવેલી ફરીયાદ વાંચી સંભળાવેલ અને પછી મારી સહી લીધેલી. **મારી ભોગબનનાર દિકરી મળી આવ્યા બાદ પોલીસે મારી પુછપરછ કરેલી. મારી ભોગબનનાર દિકરી મળી આવ્યા બાદ મારી ભોગબનનાર દિકરીને મેડીકલ તપાસણી કરવા ખંભાળીયા દવાખાને લઈ ગયેલા** તે વખતે હુ સાથે ગયેલી અને મારી ભોગબનનાર દિકરીની ડોકટર સાહેબે તપાસણી કરેલી અને મારી સહી તથા અંગુઠા લીધેલા. ત્યારબાદ **મારી ભોગબનનાર દિકરીને પોલીસ કોર્ટમાં પુછપરછ માટે લઈ ગયેલા તે વખતે હુ મારી ભોગબનનાર દિકરી સાથે ગયેલી.** ત્યારબાદ પોલીસવાળા અમારા ઘરે આવેલા જે પંચનામુ કરવા માટે આવેલા. **મારી દિકરી/ભોગબનનાર સાથે દુષ્કર્મ આચરેલ તે જગ્યા મારી ભોગબનનાર દિકરીએ બતાવેલી અને ત્યાં પોલીસવાળાએ ફોટા પાડેલા અને ત્યાંથી એક ઓછાળ પોલીસવાળા લઈ ગયેલા.** મને મુદામાલ ઓછાળ બતાવવામાં આવે તો ઓળખી શકવાનો પુરાવો આપેલ છે.

**૨૪.૧.** સદર સાહેદની બચાવપક્ષ તરફે ઉલટતપાસ કરવામાં આવેલ છે જેમા એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, મારા લગ્નને વીસ વર્ષ થયા છે. મારુ પીયર ..... ગામે છે.હુ બે ત્રણ ધોરણ સુધી ભણેલ છુ. મને માત્ર મારી સહી કરતા આવડે છે. મને લખતા વાંચતા આવડતુ નથી. મારે સંતાનમા ચાર દિકરીઓ અને એક દિકરો છે. એ વાત ખરી છે કે હુ જયા રહુ છુ ત્યાં આજુબાજુમાં ઘણા મકાનો આવેલા છે. એ વાત ખરી છે કે આરોપી અમારા ઘરથી થોડા દુર રહે છે. **એ વાત ખરી છે કે મારા પતિ રાત્રે ઘરે આવ્યા ત્યારે મારી ભોગબનનાર દિકરી ઘરે જ હતી. એ વાત ખરી છે કે મારી ભોગ**

**બનનાર દિકરી જતી રહેલ ત્યારબાદ મારા ઘરવાળા મારી દિકરીને ગોતવા માટે બહાર ગયેલા,** હુ તેમની સાથે ન હતી. મારા પતિ મારી દિકરીને ગોત્યા બાદ ઘરે આવેલા નહી. મારા પતિ મને સાડા ત્રણ વાગ્યે પોલીસ સ્ટેશને મળેલા. એ વાત ખરી છે કે સાડા ત્રણ વાગ્યે પોલીસ સ્ટેશને હતી ત્યારે મારી દિકરી મળી ગઈ છે તેવી ખબર મળેલી. **એ વાત ખરી છે કે, મે મારી ફરીયાદમા એવુ લખાવેલ નથી કે, ''ત્યારબાદ મારો ફોન જોતાં તેમા સુજલ રાઠોડના નંબર જોવા મળેલ''.** મારા મોબાઈલમાં ફોન નંબર મારા ઘરવાળાએ જોયેલા. આ નંબર સુજલનો છે તેવુ મારા પતિએ તેમના ગ્રુપ સર્કલમાં તપાસ કરાવતા માલુમ પડેલુ. મારા ઘરવાળા આજુબાજુમા તપાસ કર્યા બાદ તુરંત ઘર બહાર નીકળેલ નહી. મારા ઘરવાળા દોઢેક કલાક પછી ઘર બહાર નીકળેલા. હુ પોલીસ સ્ટેશને સાડા દસ–પોણા અગીયાર વાગ્યાની આસપાસ ગયેલી. એ વાત ખરી નથી કે, મારા ઘરવાળા ઘર બહાર નીકળેલા તે પછી મારે સાડા ત્રણ વાગ્યા સુધી મારા પતિ સાથે ફોન ઉપર કોઈ વાતચીત થયેલી નહી. એ વાત ખરી છે કે દિકરી મળી નથી તેટલી જ વાતચીત થયેલી. મને સુજલનો નંબર છે તે અંગે મારા પતિએ મને જણાવેલુ તે કેટલા વાગ્યા હશે તે હાલમા યાદ નથી પરંતુ પોલીસ સ્ટેશને હુ પહોંચી તે પહેલા મને સુજલનો નંબર હોવાનુ જાણવા મળેલુ. **એ વાત ખરી છે કે મોબાઈલ નંબર સુજલનો હોવાનુ મારા પતિએ કહેતા મે પોલીસને તે નંબર સુજલનો હોવાનુ જણાવેલુ. એ વાત ખરી છે કે મારી દિકરી છ વાગ્યે ગુમ થયા બાબતે મે ગુમ થયા અંગેની કોઈ અરજી કરેલી નહી. એ વાત ખરી છે કે હુ સુજલના ઘરે જઈ સુજલ તેના ઘરે નથી કે કેમ, તે અંગે જાતે તપાસ કરવા ગયેલ નહી.** હાલમા મારા ઘરે ટી.વી. અને મોબાઈલ છે. એ વાત ખરી છે કે ઘરમાં એક જ મોબાઈલ હતો જે હુ અને મારા સંતાનો ઉપયોગ કરતા હતા. **મારી દિકરી ઘરના મોબાઈલથી અન્ય કોઈ સાથે વાત કરતી હોય અને મને ખબર પડેલ હોય તેવુ બનેલ નથી.**

એ વાત ખરી નથી કે મે ફરીયાદ કરતી વખતે પોલીસને મારી ભોગબનનાર દિકરીનો જન્મ તારીખનો દાખલો આપેલ નહી, સાહેદ જણાવે છે કે ઝેરોક્ષ આપેલી. એ વાત ખરી છે કે વેકેશનમા તથા પ્રસંગોપાત હુ અને સંતાનો મારા પીયર ..... ગામે જતા હોઈએ છીએ. **એ વાત ખરી છે કે, મે ફરીયાદ આપી તે વખતે આરોપી સુજલને હુ ઓળખતી ન હતી, સાહેદ જણાવે છે કે એક વાર મારા ઘર પાસેથી નીકળેલ ત્યારે મારા પતિએ મને કહેલ કે આ સુજલ છે. એ વાત ખરી છે કે મે મારી ફરીયાદમા આરોપી નં.ર સંજય નુ નામ લખાવેલ નથી. એ વાત ખરી છે કે, મે મારી ભોગબનનાર દિકરી ને સુજલ સાથે જોયેલ નથી.** એ વાત ખરી છે કે, મારી ભોગબનનાર દિકરી સુજલ સાથે જતા આડોશ પાડોશ વાળાએ જોયેલ હોય તેવુ મને કહેલ નથી. વધુ ઉલટતપાસ ડીનાઈલ સ્વરૂપની હોય તેની વિશેષ ચર્ચા કરવામાં આવતી નથી.

<u>પોલીસ સાક્ષીઓનો પુરાવો</u> :–

**૨૫.** ફરીયાદપક્ષ તરફે આ કામના **સાહેદ નં.૧૦ ભદ્રેશભાઈ કાનજીભાઈ ચાવડાને આંક : ૪૬** થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે, તેઓએ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, તા.૪/૯/૨૦૨૫ ના રોજ હુ ખંભાળીયા પો.સ્ટે.માં કલાક. ૧૨:૦૦ વાગ્યાથી ૨૦:૦૦ વાગ્યા સુધી પી.એસ.ઓ. તરીકે ફરજ ઉપર હતો તે દરમ્યાન ફરીયાદી/ભોગ બનનારના માતા.......એ પોતાની સગીર વયની પુત્રી/ભોગબનનાર...... ને રાત્રીના ૦૨:૩૦ થી ૦૬:૦૦ દરમ્યાન ખંભાળીયા ગાયત્રીનગરમાં રહેતા સુજલ પ્રવિણભાઈ રાઠોડનાઓ લલચાવી, ફોસલાવી, લગ્ન કરવાના ઈરાદે અપહરણ કરી લઈ ગયેલ હોવાનુ જણાવતા જેઓની વિગતવારની **ફરીયાદ લખી લઈ કલાક ૧૩:૩૦ વાગ્યે ખંભાળીયા પોલીસ સ્ટેશન પાર્ટ એ.**

**ગુના રજી.નં.૧૧૧૮૫૦૦૪૨૫૧૩૫૮/૨૦૨૫ થી બી.એન.એસ. કલમ. ૧૩૭(૨), ૮૭ મુજબનો ગુન્હો દાખલ કરી એફ.આઈ.આર. ઓનલાઈન કરી નામદાર કોર્ટમા મોકલી આપેલ અને બનાવ અંગે ઉપરી અધિકારીશ્રી ને સ્પેશ્યલ રીપોર્ટ પાઠવી આગળની તપાસ થવા થયેલ કાગળો પોલીસ ઈન્સ્પેકટરશ્રી બી.જે.સરવૈયા સાહેબનાઓ તરફ કરેલ.** તે અંગેની નોંધ સ્ટેશન ડાયરી નં.૧૮/૨૦૨૫ કલાક.૧૩:૩૦ વાગ્યાની નોંધ કરેલ. મારી રૂબરૂ ફરીયાદીએ ફરીયાદ આપેલ તે વખતે તેમણે ભોગબનનારના જન્મના પ્રમાણ પત્રની ઝેરોક્ષ નકલ આપેલ હોવાનો પુરાવો આપેલ છે.

**૨૫.૧.** સદર સાહેદની બચાવપક્ષ તરફે ઉલટતપાસ કરવામાં આવેલ છે જેમા એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, ફરીયાદી મારી પાસે ફરીયાદ કરવા આવ્યા તે અગાઉથી હુ ફરીયાદીને ઓળખતો ન હતો. ફરીયાદી એકલા ફરીયાદ કરવા માટે આવેલા. ફરીયાદ લીધી તે અગાઉ મારે ફરીયાદી સાથે પાંચ મીનીટ વાત થયેલી. **એ વાત ખરી છે કે મે ફરીયાદી પાસે જન્મ તારીખ અંગેનો અસલ દાખલો માંગેલ ન હતો કે ફરીયાદીએ અસલ દાખલો આપેલ ન હતો.** ફરીયાદ લખી તે વખતે મારી સાથે કોન્સ્ટેબલ હેતલબેન અમરેલીયાનાઓ હાજર હતા. **એ વાત ખરી છે કે આંક-૩૮ માં બનાવ સવારના છ વાગ્યાનો જણાવેલ છે જ્યારે ફરીયાદ બપોરના ૦૧:૩૦ વાગ્યે આપવામા આવેલ છે. મે આ વિલંબ માટે અલગથી ફરીયાદીનુ સ્પષ્ટીકરણ લીધેલ નથી કે તેવી કોઈ નોંધ કરેલ નથી.** ફરીયાદી ફરીયાદ લખાવવા માટે આવેલ તે વખતે ગભરાયેલ હતા. ફરીયાદીને કોઈએ માર્ગદર્શન આપેલ હોય તેવી અસર વાતચીત ઉપરથી જણાયેલ નહી. એ વાત ખરી નથી કે ફરીયાદીએ મને આવીને જણાવેલ કે મારે પોકસો અંગે ગુનો દાખલ કરાવવો છે. એ વાત ખરી છે કે, ફરીયાદીએ પોતાની ફરીયાદમાં આજુબાજુમા તથા અમારા સગાવ્હાલમાઓમાં તપાસ કરેલ

તેવુ જણાવેલ છે પરંતુ તેઓના નામ જણાવેલ નથી. મે ફરીયાદ લીધા બાદ સી.ડબલ્યુ.સી. ને જાણ કરેલ નથી. મે હાલની ફરીયાદ નોંધતા પહેલા ફરીયાદી અને આરોપીના સગા વચ્ચે કોઈ બનાવ અંગે પુછપરછ કરેલી નહી. **એ વાત ખરી છે કે મે ફરીયાદીની ફરીયાદ તેના લખાવ્યા મુજબ લખી લીધેલ પરંતુ પ્રાથમિક તપાસ કરેલી નહી, સાહેદ જણાવે છે કે મારે ગુના અંગે ફરીયાદ લખી લેવાની હોય તેની કોઈ તપાસ મારે કરવાની હોતી નથી.** એ વાત ખરી છે કે મારે તપાસ કરવાની ન હોય**, મે ફરીયાદ હકીકત મુજબ ગુનો બનતો હોય ફરીયાદ નોંધી લીધેલી.** વધુ ઉલટતપાસ ડીનાઈલ સ્વરૂપની હોય તેની વિશેષ ચર્ચા કરવામાં આવતી નથી.

**૨૬.** ફરીયાદપક્ષ તરફે આ કામના **સાહેદ નં.૧૪ તપાસ કરનાર અમલદારશ્રી ભુપેન્દ્રસિંહ જયવંતસિંહ સરવૈયાને આંક : ૬૧** થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે, તેઓએ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, હું હાલમાં એલ.સી.બી.માં પી.આઈ તરીકે દેવભુમિ ધ્વારકા જીલ્લામાં ફરજ બજાવુ છુ. ગઈ **તા.૦૪/૦૯/૨૦૨૫ ના રોજ ખંભાળીયા પોલીસ સ્ટેશન ખાતે પી.આઈ. તરીકે ફરજમા હતા** તે દરમ્યાન પી.એસ.ઓ. ખંભાળીયા નાઓએ એ પાર્ટ ગુના રજીસ્ટર નં.૧૩૫૮/૨૦૨૫, બી.એન.એસ.ની કલમ–૧૩૭(૨), ૮૭ મુજબનો **ગુનો દાખલ કરી તપાસ અમોને સોંપતા તપાસ સંભાળી લીધેલ. તપાસના કામે અમોએ લાગતા વળગતા સાહેદોના નિવેદનો લીધેલ. બાદ આ કામે ભોગ બનનાર તથા આરોપી મળી આવતા ભોગ બનનારનું અમારા રૂબરૂનુ નિવેદન તેના લખાવ્યા મુજબનું લખી લીધેલ હતુ.** તપાસના કામે યાદી સાથે ભોગબનનારને સીવીલ હોસ્પીટલ ખંભાળીયા ખાતે મોકલી આપી તેની મેડીકલ તપાસણી કરાવેલ હતી. આ કામે આરોપી તથા ભોગ બનનારના સેમ્પલો સીવીલ હોસ્પીટલ ખંભાળીયા ખાતે લેવડાવવા તજવીજ કરેલી.

**તપાસના કામે ભોગ બનનારનું બી.એન.એસ.એસ. કલમ–૧૮૩ મુજબનું નિવેદન લેવડાવવા તજવીજ કરેલ હતી.** તપાસના કામે બી.એન.એસ.ની કલમ ૬૪(૧),૫૪ તથા પોક્સો એકટની કલમ ૪,૬,૧૭ મુજબનો ઉમેરો કરવા નામદાર કોર્ટમાં રીપોર્ટ કરેલ હતો. **તપાસના કામે આરોપીઓને અટક કરવા જેટલા પુરતા પુરાવા મળતા હોય બે પંચો રૂબરૂ અટક પંચનામું તૈયાર કરી આરોપીઓને અટક કરેલા.** તપાસના કામે આરોપી દ્વારા રજૂ કરવામાં આવેલ ગુન્હા સમયે તેણે પહેરેલ કપડાં તથા ગુનામાં ઉપયોગ કરેલ પલ્સર મોટર સાઈકલ નં.જી.જે.૩૭.એન.૪૧૦૮ નું વિગતવારનુ પંચનામું કરી કબ્જે કરેલ. તપાસના કામે બે સરકારી પંચોની હાજરીમાં તથા એફ.એસ.એલ. અધિકારી શ્રીની હાજરીમાં ગુન્હાવાળી જગ્યાનુ પંચનામું કરેલ તેમજ પંચનામા દરમ્યાન ગુન્હાવાળી જગ્યાએથી એક ચાદર(ઓછાળ) તથા ભોગ બનનારે ગુન્હા સમયે પહેરેલ કપડાં રજૂ કરતા વિગતવારનુ પંચનામુ કબ્જે લીધેલ. **તપાસના કામે ભોગ બનનાર જે સ્કૂલમાં .... અભ્યાસ કરેલ તે શાળા ખાતે ભોગ બનનારના જન્મ અંગેનો દાખલો મેળવવા તજવીજ કરેલી. તપાસના કામે ખંભાળીયા નગરપાલિકા ખાતેથી ભોગ બનનારના જન્મ નોંધણી પ્રમાણપત્ર મેળવવા તજવીજ કરેલી.** તપાસના કામે ફરીયાદીનું અમારા રૂબરૂનુ તેઓ ના લખાવ્યા મુજબનું વિશેષ નિવેદન લખી લીધેલું. તપાસના કામે ચાઈલ્ડ વેલફેર ઓફીસરની હાજરીમાં ભોગ બનનારનું તેઓના લખાવ્યા મુજબનું અમારા રૂબરૂનું નિવેદન લખી લીધેલ. **તપાસના કામે આરોપી તથા ભોગ બનનારના મેડીકલ તપાસણી કરાવી સેમ્પલ લેવડાવવા તજવીજ કરેલી. તપાસના કામે કબ્જે કરેલ મુદ્દામાલ રવાનગી ફોર્મ તૈયાર કરી એફ.એસ.એલ. રાજકોટ તરફ મોકલી આપવા તજવીજ કરેલી. આરોપીઓ વિરુધ્ધ પુરતા પુરાવા મળતા ચાર્જશીટ કરી નામદાર કોર્ટ તરફ મોકલી આપેલ** હોવાનો પુરાવો આપેલ છે.

**૨૬.૧.** સદર સાહેદની બચાવપક્ષ તરફે ઉલટતપાસ કરવામાં આવેલ છે જેમા એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તા.૪/૯/૨૦૨૫ ના રોજ ગુનો દાખલ કરવામાં આવેલ અને તે જ દિવસે મે તપાસ સંભાળી લીધેલ. મને ગુનો દાખલ થયા બાદ તુરત જ તપાસ મળેલી. **મને તપાસ મળી તે વખતે ભોગ બનનાર કે આરોપીઓ મળી આવેલા નહીં.** એ વાત ખરી નથી કે ભોગ બનનાર અને આરોપીઓનો કબ્જો જામનગર પો.સ્ટે.થી મેળવેલ સાહેદ જણાવે છે કે, જામનગર રેલ્વે સ્ટેશનેથી મળી આવેલ. **એ વાત ખરી છે કે હું જામનગર રેલ્વે સ્ટેશને ગયેલ ન હોવાથી ભોગ બનનાર અને આરોપીઓને મે સાથે જોયેલ નહીં.** મને તપાસ મળી તે વખતે ફરીયાદ અને ભોગ બનનારના જન્મના દાખલાની નકલ મળેલી. એ વાત ખરી છે કે ફરીયાદ મારા રૂબરૂની ન હતી. એવું મને જાણવા મળેલ કે ફરીયાદ પી.એસ.ઓ. રૂબરૂ લેવામાં આવેલ છે. **એ વાત ખરી છે કે મારી તપાસ દરમ્યાન મને જાણવા મળેલ કે આરોપી અને ભોગ બનનાર વચ્ચે મિત્રતાના સંબંધ હતા અને તેઓ એકબીજા ને ફોનના માધ્યમથી એકબીજાના સંપર્કમાં હતા.** એ વાત ખરી નથી કે મે ભોગ **બનનાર પોતાના કયા મોબાઈલ નંબર અને મોબાઈલથી વાતચીત કરતા હતા તે અંગેની તપાસ કરેલી નહીં. એ વાત ખરી છે કે ફરીયાદીની ફરીયાદ મુજબ બનાવ તા.૪/૯/૨૫ ના રોજ સવારે ૦૬:૦૦ કલાકે બનેલ છે અને બનાવ અંગેની ફરીયાદ તા.૪/૯/૨૫ ના ૧૩:૦૦ કલાકે આપેલ છે. એ વાત ખરી નથી કે ફરીયાદીએ ફરીયાદ મોડી કરવાનું કારણ તેમના વિશેષ નિવેદન માં સ્પષ્ટીકરણ કરેલ નથી કે મારી તપાસ દરમ્યાન કયાંય ખુલવા પામેલ નથી.** જન્મનુ અસલ પ્રમાણપત્ર ફરીયાદીએ ફરીયાદ સાથે શા માટે રજૂ રાખેલ ન હતું તે બાબતે મે ફરીયાદી પાસેથી કોઈ કારણ મેળવેલ નથી. મે પોકસોના કેસોની આ કેસ સિવાય અગાઉ તપાસ કરેલ છે. એ વાત ખરી છે કે હું પોકસોના કાયદાની જોગવાઈઓથી પરિચિત છું. એ વાત ખરી છે કે આરોપી

તરફે બચાવ અંગેની તપાસ પણ કરવી જોઈએ. મે બચાવ અંગે તટસ્થ સાહેદો ના નિવેદન લીધેલ છે. મને તપાસ મળ્યા બાદ ભોગ બનનાર મળી આવ્યા બાદ મે ભોગ બનનારનું નિવેદન લીધેલું. ભોગ બનનારનુ નિવેદન પોલીસ સ્ટેશનમાં લેવામાં આવેલું. એ વાત ખરી નથી કે ભોગ બનનારનું નિવેદન લેવામાં આવેલ તે વખતે હું તથા અન્ય પોલીસ વાળા યુનિફોર્મમાં હતા, સાહેદ જણાવે છે કે હું તથા ચાઈલ્ડ વેલફેર ઓફીસર સીવીલ યુનિફોર્મમાં હતા. **એ વાત ખરી છે કે ભોગ બનનારનું નિવેદન ચાઈલ્ડ ફ્રેન્ડલી એટમોસ્ફીયર માં લેવાનું હોય છે.** એ વાત ખરી નથી કે પોલીસ સ્ટેશન ચાઈલ્ડ ફ્રેન્ડલી એટમોસ્ફીયર ન હોય શકે. એ વાત ખરી છે કે મે ભોગ બનનારને કયાં રહેવુ છે તે અંગે મે લેખિતમાં નિવેદન લીધેલ નહીં, સાહેદ જણાવે છે કે નીવેદન લીધેલ. એ વાત ખરી છે કે એફ.આઈ.આર.માં જણાવેલ હકિકત કરતા વધારા ની હકિકત ફરીયાદીએ પોતાના વિશેષ નિવેદનમાં જણાવેલ છે. **એ વાત ખરી છે કે ભોગ બનનારે પોતાના નિવેદનમાં સુજલને ફોન કરેલ અને સુજલ ઘરે આવેલ તે બનાવ ચાર મહિના અગાઉનો હોવાનું જણાવેલ છે સ્પષ્ટ તારીખ જણાવેલ નથી.** એ વાત ખરી છે કે મારી તપાસ દરમ્યાન ભોગ બનનારે ચાર માસ દરમ્યાન પોતાના માતાપિતાને કે સગા સંબંધી તથા પાડોશીને આ બનાવ અંગેની હકિકત જણાવેલ હોય તેવું ખુલવા પામેલ નહીં. **એ વાત ખરી છે કે ચાર માસ અગાઉના બનાવ બાબતે પોલીસમાં જાણ કરેલ હોય કે અરજી કરેલ હોય તેવું બનેલ નથી.** એ વાત ખરી નથી કે ફરીયાદીએ જે જન્મનો દાખલો રજુ કરેલ તેના ઉપર જ આધાર રાખવામાં આવેલ. મે ખંભાળીયા નગરપાલિકામાં જાતે જઈ જન્મ નોંધણી રજીસ્ટ્રર તપાસેલું નહીં. **એ વાત ખરી છે કે મે જન્મ પ્રમાણપત્ર ઈસ્યુ કરનાર તથા રજીસ્ટ્રારનું કોઈ નિવેદન લીધેલ નહીં. ભોગ બનનારનો જન્મ કોઈ હોસ્પિટલમાં થયો તો તે હોસ્પિટલ પાસેથી કોઈ દસ્તાવેજી આધાર પુરાવાની માંગણી કરેલ નથી કે કોઈ ડોકટર કે નર્સનું**

**નિવેદન લીધેલ નથી. મે ઉંમરની ખરાઈ કરવા માટે ઓશીફીકેશન ટેસ્ટ કરાવવા માટે કોઈ કાર્યવાહી કરેલ નહીં. એ વાત ખરી છે કે જન્મના આધાર પુરાવા તરીકે મે ભોગબનનારના જન્મના પ્રમાણપત્ર તથા શાળાના વય પ્રમાણપત્ર મેળવેલ તે સિવાય અન્ય કોઈ આધાર પુરાવા મેળવેલ નહીં.** ભોગબનનારનું નિવેદન લેવામાં આવેલ તે વખતે મહિલા કાઉન્સીલર તથા ભોગ બનનારના માતા પણ હાજર હતા. એ વાત ખરી નથી કે ભોગ બનનારની માતાની હાજરીમાં નિવેદન લેવામાં આવેલ તેથી તેમની માતાનો ઈન્ફલ્યુઅન્સ (પ્રભાવ) નકારી શકાય નહીં. **એ વાત ખરી છે કે મે મારી તપાસ દરમ્યાન ભોગ બનનાર કે આરોપીના મોબાઈલની કોલ ડીટેઈલ્સ રીપોર્ટ મેળવેલ નથી. એ વાત ખરી છે કે મે બનાવ સ્થળના સીસીટીવી ફૂટેજ મેળવેલ નહીં, સાહેદ જણાવે છે કે બનાવ સ્થળ અને તેની આજુબાજુ કોઈ સીસીટીવી ન હતા. એ વાત ખરી છે કે મે મારી તપાસ દરમ્યાન ટ્રેનની ટીકીટ મેળવેલ નથી. એ વાત ખરી છે કે મે ભોગ બનનાર તથા આરોપીના ચાર મહિના અગાઉના કહેવાતા બનાવ સંદર્ભે સીડીઆર તથા લોકેશન મેળવેલ નથી, સાહેદ જણાવે છે કે બંને નજીકમાં રહેતા હોય લોકેશન એક જ આવે. એ વાત ખરી છે કે ભોગ બનનાર તથા બંને આરોપીઓને એક જ બાઈક ઉપર સાથે જતા હોય તે જોનાર કોઈ સાહેદનું નિવેદન તપાસ દરમ્યાન નોંધેલ નથી.** એ વાત ખરી છે કે ભોગ બનનારે પોતાના નિવેદનમાં આરોપીઓને પોતાની જન્મ તારીખ જણાવેલી હોય તેવું જણાવેલ નથી, સાહેદ જણાવે છે કે ભોગ બનનારે પોતાના નિવેદનમાં જણાવેલ કે આરોપી સુજલના કહેવાથી તે પોતાનું આધાર કાર્ડ અને જન્મતારીખનો દાખલો સાથે લઈને ગયેલી. એ વાત ખરી છે કે, આરોપીઓને અટક કર્યા તે વખતે આરોપી પાસેથી ભોગબનનારનું આધારકાર્ડ કે જન્મ તારીખનો દાખલો કબ્જે થયેલ નથી. **ભોગ બનનારને કલમ ૧૮૩ મુજબનું નિવેદન મેજીસ્ટ્રેટ સાહેબ સમક્ષ લેવડાવવા માટે હું ભોગ**

**બનનાર સાથે ગયેલો. મે ભોગબનનારનું નિવેદન લીધેલ તે વખતે કોઈ વિડિયોગ્રાફી કરેલી નહીં.** એ વાત ખરી નથી કે પોકસો એકટની જોગવાઈ મુજબ ભોગ બનનારનું નિવેદન પોલીસ સ્ટેશનની બહાર જ લેવું જોઈએ. **મે તપાસ દરમ્યાન મોટર સાઈકલ કબ્જે કરેલ છે તેની માલિકી અંગે ખરાઈ કરેલી. એ વાત ખરી છે કે શારીરિક નમૂના મેડીકલ નમૂના પોલીસને મળે તો તરત જ પૃથ્થકરણ અર્થે એફ.એસ.એલ.માં મોકલી આપવાના હોય છે.** વધુ ઉલટતપાસ ડીનાઈલ સ્વરૂપની હોય તેની વિશેષ ચર્ચા કરવામાં આવતી નથી.
હોવાનો પુરાવો આપેલ છે.

<u>ફરીયાદપક્ષની દલીલ</u> :-

**૨૭.** મુદ્દા નં.ર બાબતે સરકાર તરફે વિ.પી.પી.શ્રી એલ.આર.ચાવડા એ રજુ થયેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ ધ્યાને લઈ દલીલ કરેલ છે કે, હાલના કેસમાં ભોગ બનનાર સગીર છે અને આરોપીઓ વિરૂધ્ધ બી.એન.એસ. ની કલમ-૧૩૭(૧), ૮૭, ૬૪(૧), ૫૪ તથા પોકસો. એકટ-૨૦૧૨ ની કલમ-૪, ૬, ૧૭ મુજબના ગુનાનો આક્ષેપ છે, જે અંગે ફરીયાદપક્ષે ભોગ બનનારને આંક : ૩૪ થી સાહેદ નં.૬ તરીકે તપાસવામાં આવેલા છે, તેઓની જુબાની વંચાણે લઈ વિ.વ.શ્રીએ દલીલ કરેલ છે કે, ભોગ બનનાર એકલા હતા ત્યારે આરોપી ભોગ બનનારના ઘરે આવેલ અને શારીરીક સબંધ બાંધેલ. ભોગ બનનારે તા.૦૩/૦૯/૨૦૨૫ ના રોજ નકકી કરેલ કે, લગ્ન કરવા ઘરેથી સાથે જતા રહેવુ, આરોપીએ કાગળો લેવા ભોગ બનનારને જણાવેલ જે ઉપરથી સ્પષ્ટ થાય છે કે, ભોગ બનનાર સગીરાને લગ્ન કરવા માટે લાલચ આપી, ભોગ બનનારને લઈ ગયેલ અને આ માટે આરોપી નં.ર નાએ પણ ગુનાના કામે સાથ સહકાર આપેલ છે. ભોગ બનનારે વિ.મેજીસ્ટ્રેટશ્રી રૂબરૂના નીવેદનમાં

પણ શારીરીક સબંધ બંધાયેલાની તથા તા.૦૪/૦૯/૨૦૨૫ ના રોજ ભાગી જવાનુ નકકી કરેલાની હકીકત લખાવેલ છે. ભોગબનનારે ડો.યાત્રી શ્યારા, ડો.મીત કંડોરીયા સમક્ષ હીસ્ટ્રી લખાવેલ છે જેમાં પણ ભોગબનનારે આરોપી સાથે શરીર સબંધ બાંધેલાની હકીકત જણાવેલ છે અને ડોકટરશ્રીઓએ તે મુજબનો પુરાવો આપેલ છે.

**૨૭.૧.** સરકાર તરફે વિ.પી.પી.શ્રી એલ.આર.ચાવડાનાઓએ આંક : ૧૬ થી સાહેદ નં.૩ તરીકે ડો.મીત કંડોરીયા કે જેઓએ ભોગ બનનાર તથા આરોપીના નમુનાઓ લીધેલ છે તેઓની જુબાની વંચાણે લઈ દલીલ કરેલ છે કે, તેઓએ ભોગબનનાર તથા આરોપીના નમુનાઓ લીધેલ છે અને ભોગ બનનારે શરીર સબંધ બંધાયેલાની હીસ્ટ્રી જણાવતા તેઓએ લખી લીધેલ અને પુરાવામાં તે હકીકત જણાવેલ છે. તે જ રીતે આરોપીએ પણ હીસ્ટ્રીમાં પોતે એચ.આઈ.વી. પોઝીટીવ હોવાનુ જણાવેલ છે. ડો.મીત કંડોરીયાએ શારીરીક તપાસણી બાદ સેકસ્યુઅલ ઈન્ટરકોર્ષ કરવામાં આવેલ હોવાનુ તથા આરોપી શરીર સબંધ બાંધવા માટે સક્ષમ હોવાનો નિષ્ણાંત તરીકેનો અભિપ્રાય આપેલ છે, જે ઉપરથી ફરીયાદપક્ષ સ્પષ્ટપણે પુરવાર કરેલ છે કે, આરોપીએ ભોગ બનનાર સાથે શરીર સબંધ બાંધેલ છે અને આરોપી તથા ભોગ બનનાર ને જામનગર મુકામેથી પકડી પાડેલ, જેથી આરોપી વિરૂધ્ધનો ગુનો પુરવાર કરેલ હોય, આરોપીને તકસીરવાન ઠરાવવા દલીલ કરેલ છે.

**૨૭.૨.** વધુમાં વિ.પી.પી.શ્રીએ પોકસો એકટની કલમ–૨૯ અંગે અત્રેની કોર્ટનું ધ્યાન દોરી દલીલ કરેલ છે કે, પોકસો એકટની કલમ–૩, ૫, ૭ અને ૯ અન્વયે કોઈપણ ગુનો કરવો અથવા પ્રયત્ન કરવો તે સંજોગોમાં નામદાર કોર્ટ અનુમાન કરી શકે છે. આરોપીઓ પુખ્ત વયના છે તેથી પોકસો

એકટની કલમ–૩૦ મુજબ તેઓની ગુનાહીત માનસીક સ્થિતિ હોવા અંગે કોર્ટ અનુમાન કરી શકે, તે સંજોગોમાં રજુ થયેલ પુરાવો ઘ્યાને લઈ, આરોપીઓ વિરૂઘ્ધ ઉપરોકત બન્ને કાયદાકીય જોગવાઈઓને ઘ્યાને લઈ આરોપીઓ વિરૂઘ્ધનો ગુનો પુરવાર થાય છે. જેથી, કાયદા મુજબ વધુમાં વધુ સજા કરવા દલીલ કરેલ છે.

**૨૭.૩.** ફરીયાદપક્ષ તરફે વિ.પી.પી.શ્રી વધુમાં દલીલ કરેલ છે કે, ભોગ બનનાર તથા આરોપીઓની મેડીકલ તપાસણી કરવામાં આવેલ છે અને આરોપીઓ તથા ભોગ બનનારના લોહી, લાળ, વીર્ય, વજાઈનલ સ્વોબ, પ્યુબીક હેર, સલાઈવા સેમ્પલ, નેઈલ સેમ્પલ, સર્વાઈકલ સ્મીયર, સર્વાઈકલ સ્વોબ, વજાઈનલ સ્મીયરના નમુનાઓ લઈ એફ.એસ.એલ.માં પૃથ્થકરણ કરવા મોકલવામાં આવેલ અને આ પ્રક્રીયા ત.ક.અમલદારશ્રીની જુબાની ઉપરથી તથા એફ.એસ.એલ.ના બાયોલોજીકલ અને સીરોલોજીકલ પૃથ્થકરણ અહેવાલ અનુક્રમે આંક : ૭૩ થી રજુ થયેલ દસ્તાવેજી પુરાવાથી સાબિત થાય છે.

**૨૭.૪.** ફરીયાદપક્ષ તરફે વિ.પી.પી.શ્રીએ વધુમાં દલીલ કરેલ છે કે, તપાસ કરનાર અમલદારશ્રીની જુબાની, ફરીયાદપક્ષે ભોગ બનનાર, ભોગ બનનારના માતા/ફરીયાદી, સાહેદો તથા રજુ થયેલ તમામ દસ્તાવેજી પુરાવાઓથી, ફરીયાદપક્ષ પોતાનો કેસ નિ:શંક પણે પુરવાર કરી શકેલ હોય, આરોપીઓને તકસીરવાન ઠરાવી વધુમાં વધુ સજા કરવા માટે દલીલ કરેલ છે. ભોગ બનનારની જુબાનીથી બી.એન.એસ.એસ.ની કલમ–૧૮૩ મુજબના નીવેદનને સમર્થન પ્રાપ્ત થાય છે. રજુ થયેલ પુરાવા પરથી ભોગ બનનાર સગીર વયના હોય અને આરોપી નં.૧ દ્વારા સંભોગ કરવામાં આવેલ

છે અને આરોપી નં.ર નાઓએ આરોપી નં.૧ ને આ ગુનામાં મદદગારી કરેલ હોય. જેથી, આરોપીઓને તકસીરવાન ઠરાવવા દલીલ કરેલ છે.

**૨૭.૫.** સરકાર તરફે વિ.પી.પી.શ્રીએ વધુમાં દલીલ કરેલ છે કે, ફરીયાદ પક્ષે તપાસ કરનાર અમલદારને તપાસવામાં આવેલા છે તેઓએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં આરોપીઓ વિરૂધ્ધ તપાસ દરમ્યાન પુરતા પુરાવાઓ મળી આવેલ હોવાથી ચાર્જશીટ કરેલ છે અને પંચો રૂબરૂ ગુનાવાળી જગ્યાના પંચનામા તથા મુદ્દામાલ કબજે કરેલ હોવાનો પુરાવો આપેલ છે. વધુમાં પોતાની તપાસ દરમ્યાન જન્મનુ પ્રમાણપત્ર મેળવવા માટે યાદી કરેલ અને ભોગ બનનારના લોહી, લાળ વિગેરેના નમુનાઓ એફ.એસ.એલ.માં તપાસણી અર્થે મોકલી આપેલ. આંક : ૭૩ થી બાયોલોજીકલ અને સીરોલોજીકલ પૃથ્થકરણ અહેવાલ રજુ કરેલ છે જે વંચાણે લેતા આરોપીઓ વિરૂધ્ધ ગુનો પુરવાર થતો હોવાનુ તથા આરોપી નં.૧ નાઓએ સગીરાને લગ્ન ની લાલચ આપી, ફરીયાદીના કાયદેસરના વાલીપણામાંથી અપહરણ કરી લઈ જઈ, એકથી વધુ વાર શરીર સબંધ બાંધી, આરોપી નં.ર નાએ આ ગુનાના કામે મદદગારી કરેલ હોય, આરોપીઓને સખતમાં સખત સજા કરવા દલીલ કરેલ છે.

**૨૮.** મુદ્દા નં.ર સંદર્ભે આરોપીઓ તરફે વિ.વ.શ્રી ટી.જે.વિઠૃલાણી નાઓએ રજુ કરેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ વંચાણે લઈ લંબાણ પૂર્વકની મૌખિક દલીલ રજુ કરેલ છે, જે મુજબ ટુંકમાં મહત્વની દલીલ એવી છે કે, ફરીયાદપક્ષ ધ્વારા હાલના આરોપીઓ વિરૂધ્ધ બી.એન.એસ.ની કલમ–૧૩૭(૧), ૮૭, ૬૪(૧), ૫૪ તથા પોકસો. એકટ–૨૦૧૨ ની કલમ–૪, ૬, ૧૭ મુજબના ગુનાનો આક્ષેપ મુકેલ છે. જે અંગે ફરીયાદપક્ષ

ધ્વારા કુલ–૧૪ સાહેદોને તપાસવામાં આવેલ છે. વિ.વ.શ્રીએ દલીલ કરેલ છે કે, ગુનો તા.૦૪/૦૯/૨૦૨૫ ના રોજ સવારે છ કલાકે બનેલ છે, જયારે ગુનો તા.૦૪/૦૯/૨૦૨૫ ના રોજ બપોરના ક.૧૩/૩૦ વાગ્યે જાહેર કરેલ છે. ભોગ બનનારે પોલીસ રૂબરૂના નીવેદનમાં પોતાની સાથે બનેલ બનાવ અંગેની હકીકત જણાવેલ છે એ હકીકત ઉપજાવી કાઢેલ છે. કારણ કે શારીરીક સબંધ બંધાયો તે બાદ ભોગ બનનારે કોઈને પણ જણાવેલ નથી અને જે તે વખતે આ અંગે કોઈ જ ગુનો દાખલ કરવામાં આવેલ નથી. તે ઉપરથી એમ માનવુ જોઈએ કે, જો ગુનો બનેલ હોય તો તે જાહેર કરવામાં આવેલ નથી અને ત્યારબાદ જે ફરીયાદ કરવામાં આવેલ છે તે સંદર્ભમાં આવા શરીર સબંધ બાંધ્યા અંગેનો કોઈ જ ઉલ્લેખ નથી તેથી, પોકસોના ગુના અંગે સમયમર્યાદાના વિલંબ અંગે કોઈ જ ખુલાસો કરેલ નથી અને જો શરીર સબંધ બાંધવામાં આવેલ હોય અને ભોગ બનનારે જે તે સમયે જણાવેલ ન હોય તો તેમા તેની સંમતિ છે તેવુ માનવુ જોઈએ, આ બન્ને સંજોગોમાં પોકસો હેઠળનો ગુનો બનતો નથી તેવી દલીલ કરેલ છે.

**૨૮.૧.** આરોપીઓ તરફે વ.વ.શ્રી વિઠૃલાણીનાઓએ વધુમાં દલીલ કરેલ છે કે, આંક : ૧૨ થી સાહેદ નં.૧ તરીકે દિપેશભાઈ ગોકાણી અને આંક : ૫૨ થી સાહેદ નં.૧૨ તરીકે નાનજીભાઈ સોઢા કે જેઓ આરોપીને અટક કર્યાના પંચસાહેદો છે તથા આંક : ૩૯ થી સાહેદ નં.૮ તરીકે શબ્બીરભાઈ ભટ્ટી અને આંક : ૫૧ થી સાહેદ નં.૧૧ તરીકે મજીદભાઈ શેખ કે જેઓ આરોપીના કપડા તથા મોટર સાઈકલ કબજે કર્યાના પંચસાહેદો છે. આ તમામ પંચસાહેદો ની જુબાની વંચાણે લેતા આ પંચો પંચનામાની હકીકતને સમર્થન આપતા નથી. અટક પંચનામુ પેનથી લખવામાં આવેલ અને કયારે લખવામાં આવેલ તે યાદ નથી પરંતુ, પંચનામુ કોમ્પ્યુટરમાં ટાઈપ કરવામાં આવેલ છે. આમ,

ફરીયાદપક્ષે જે પંચસાહેદોને તપાસેલ છે તે ફરીયાદપક્ષના કેસને સમર્થન કરતા ન હોય, પંચનામાઓ પુરવાર થતા ન હોવાની દલીલ કરેલ છે.

**૨૮.૨.** આરોપીઓ તરફે વિ.વ.શ્રી વિઠ્ઠલાણીનાઓએ ભોગ બનનારની જુબાની વંચાણે લઈ દલીલ કરેલ છે કે, ભોગ બનનાર ધોરણ–૧૨ સુધી ભણેલ છે, ભોગ બનનારે જાતે આરોપી સુજલ ઉર્ફે ટકો પ્રવિણભાઈ રાઠોડ ને ફોન કરેલ અને પોતાના ઘરે બોલાવેલ, આ હકીકતને ધ્યાને લેવામાં આવે તો, ભોગ બનનારે આરોપીને ફોન કરીને બોલાવેલ છે. હવે આ સમયે જો ભોગ બનનાર સાથે શરીર સબંધ બાંધેલ હોય તો તે તેની મરજીથી બાંધેલ છે, જે હકીકત વિ.વ.શ્રીએ મેડીકલ ઓફીસરશ્રીની જુબાનીમાં જે હીસ્ટ્રીમાં લખાવેલ છે તે વંચાણે લઈ સ્વૈચ્છાથી શરીર સબંધ બાંધેલ છે. આમ, ભોગ બનનાર ઉપર બળજબરી કરવામાં આવેલ નથી તે અંગે મેડીકલ ઓફીસરશ્રીની જુબાનીમાં ઉલટતપાસ રીફર કરી ભોગ બનનાર તથા આરોપીને કોઈપણ શારીરીક ઈજા કે ગુપ્ત ભાગે ઈજા થયેલ હોવાનુ જણાવેલ નથી. આ સંજોગોમાં શરીર સબંધ બાંધવામાં આવેલ તે મરજીથી બાંધવામાં આવેલ. આમ, આરોપી અને ભોગ બનનાર વચ્ચે કન્સેન્સ્યુઅલ રીલેશન ગણાવી શકાય.

**૨૮.૩.** આરોપીઓ તરફે વિ.વ.શ્રી વિઠ્ઠલાણીનાઓએ ભોગ બનનારની જુબાની વંચાણે લઈ વધુમાં દલીલ કરેલ છે કે, ભોગ બનનારે આરોપી નં.૧ ને ફોન કરીને બોલાવેલ છે, ત્યારબાદ પોતાની મરજીથી ગાડીમાં બેસી રેલ્વે સ્ટેશન સુધી જાય છે અને ત્યાંથી રેલ્વેમાં જામનગર સુધી મુસાફરી કરે છે. આ દરમ્યાન તમામ જાહેર સ્થળે આરોપી સાથે હોવા છતાં ભોગ બનનારે કોઈ મદદ માટે પોકાર કરેલ નથી, તે જો માનવામાં આવે તો ભોગ બનનાર જાતે પોતાની મરજીથી આરોપી સાથે ગયેલ છે અને પ્રેમ સબંધ હોવાનુ સાબિત

થાય છે. વિ.વ.શ્રીએ વધુમાં ભારપૂર્વક દલીલ કરેલ છે કે, સવારે છ વાગ્યાથી લઈ ફરીયાદ જાહેર કરવામાં આવી તે સમયગાળા દરમ્યાન ભોગ બનનાર અને આરોપી વચ્ચે કોઈ શરીર સબંધ બંધાયેલ નથી. આથી, આ સમયગાળા દરમ્યાન આરોપી વિરૂધ્ધ પોકસો એકટ હેઠળનો ગુનો બનતો નથી. જયારે ભોગ બનનારે ૪–૫ મહીના અગાઉ શરીર સબંધ બાંધેલાની હકીકત જણાવેલ છે તે અંગે કોઈ જ ફરીયાદ કરવામાં આવેલ નથી અને ભોગ બનનારે જે તે વખતે તે હકીકત જાહેર કરેલ નથી તે સંજોગોમાં પણ આરોપી વિરૂધ્ધ પોકસો એકટ હેઠળનો ગુનો બનતો ન હોવાની દલીલ કરેલ છે.

**૨૮.૪.** આરોપીઓ તરફે વિ.વ.શ્રી વિઠ્ઠલાણીનાઓએ ભોગ બનનારની જુબાની વંચાણે લઈ વધુમાં દલીલ કરેલ છે કે, ભોગ બનનારની જુબાનીથી ભોગ બનનારને આરોપી સુજય ઉર્ફે ટકો પ્રવિણભાઈ રાઠોડ સાથે પ્રેમ સબંધ હોવાનુ તથા ભોગ બનનાર જ આરોપીને ફોન કરતા હતા, આરોપીએ કયારેય ફોન કે મેસેજ કરેલ નથી. બનાવના દિવસે આરોપી બળજબરીથી ભોગ બનનારને ભગાડી ગયેલ હોય તેવુ ભોગ બનનારની સમગ્રપણે જુબાની વંચાણે લેતા જણાય આવતુ નથી. બનાવના દિવસે ભોગ બનનારે ફોન કરીને આરોપીને બોલાવેલ તે હકીકત ઉલટતપાસમાં સ્વીકાર કરેલ છે. ભોગ બનનારે આરોપીને પોતાની જન્મ તારીખ જણાવેલ નથી. બનાવના દિવસે જાહેર સ્થળ ઉપર ટ્રેનમાં સાથે ગયેલ, આ સમયગાળા દરમ્યાન શરીર સબંધ બાંધેલ નથી. જેથી, ભોગ બનનાર અને આરોપી વચ્ચે પ્રેમ સબંધ હોય, આરોપીઓ વિરૂધ્ધ કોઈ ગુનો બનતો ન હોય, નિર્દોષ ઠરાવી છોડી મુકવા દલીલ કરેલ છે.

**૨૮.૫.** આરોપીઓ તરફે વિ.વ.શ્રી વિઠ્ઠલાણીનાઓએ વધુમાં દલીલ

કરેલ છે કે, ભોગ બનનાર સાથે બનાવ બન્યાના ૪–૫ મહીના અગાઉ શરીર સબંધ બંધાયેલ હતો, તે માત્ર ભોગ બનનારનુ એકમાત્ર કથન છે પરંતુ તે અંગે મેડીકલ ઓફીસરશ્રીની જુબાની તથા બાયોલોજીકલ અને સીરોલોજીકલ રીપોર્ટ ઉપરથી સાબિત થતુ નથી. વધુમાં એફ.એસ.એલ. રીપોર્ટ નેગેટીવ છે. આથી, આરોપીએ શરીર સબંધ બાંધેલ હોય તે હકીકત પુરવાર થતી ન હોય, ભોગ બનનારના વર્તન ઉપરથી કન્સેન્સ્યુઅલ રીલેશન હતો, આરોપીઓને તકસીરવાન ઠરાવી શકાય નહી. આથી, આરોપીઓ ને નિર્દોષ ઠરાવી છોડી મુકવા દલીલ કરેલ છે.

**૨૮.૬.** આરોપીઓ તરફે વિ.વ.શ્રી ટી.જે.વિઠ્ઠલાણીનાઓએ વધુમાં દલીલ કરેલ છે કે, તપાસ કરનાર અમલદારશ્રીએ જે નમુનાઓ એફ.એસ.એલ. ના પરીક્ષણ માટે મોકલેલ તેનો રીપોર્ટ આંક : ૭૩ થી રજુ કરવામાં આવેલ છે જે પરીક્ષણના રીપોર્ટમાં આરોપી નં.૧ નાઓએ ભોગ બનનાર સાથે બળજબરીપૂર્વક શરીર સબંધ બાંધેલ હોય તેવો કોઈ જ પુરાવો જણાય આવતો નથી. વધુમાં મેડીકલ ઓફીસરશ્રીની ઉલટતપાસમાં પુછવામાં આવેલ પ્રશ્નો ના જવાબ ઉપરથી ભોગ બનનાર સાથે તેની ઈચ્છા વિરૂધ્ધ બળજબરીપૂર્વક શરીર સબંધ બાંધવામાં આવેલ હોય તેવી કોઈ ઈજા ભોગ બનનારને તથા આરોપીને થયેલ હોય તેવો પુરાવો રજુ થયેલ નથી તે હકીકતને ધ્યાને લેતા પણ આરોપીઓ વિરૂધ્ધ ફરીયાદપક્ષે પોતાનો કેસ નિ:શંકપણે સાબિત કરવામાં નિષ્ફળ નીવડેલ છે. તેથી, આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવા દલીલ કરેલ છે.

**૨૮.૭.** આરોપીઓ તરફે વિ.વ.શ્રી ટી.જે.વિઠ્ઠલાણીનાઓએ વધુમાં દલીલ કરેલ છે કે, આ કામના આરોપી નં.૧ નાઓએ આ કામના ફરીયાદી

ની સગીર વયની દિકરી સગીર વયની હોવાનું જાણવા છતા તેણીની સાથે એકથી વધુ વાર શરીર સબંધ બાંધેલ અને આરોપી નં.૨ નાએ આ ગુનામાં મદદગારી કરી ગુનો કરેલ હોવાનો ફરીયાદપક્ષનો કેસ છે. પરંતુ બનાવવાળી જગ્યાએથી વીર્ય, લાળ કે લોહીના કોઈ નીશાન મળી આવેલ નથી કે તેનુ એફ.એસ.એલ.માં કોઈ પરીક્ષણમાં કોઈ પરીણામ આવેલ નથી. તે સંજોગોમાં પણ આરોપીઓને માત્ર શંકાના આધારે તકસીરવાન ઠરાવી શકાય નહી, જેથી આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવા દલીલ કરેલ છે.

**૨૯.** આરોપીઓ ઉપર બી.એન.એસ.ની કલમ–૧૩૭(૧), ૮૭, ૬૪(૧), ૫૪ તથા પોકસો. એકટ–૨૦૧૨ ની કલમ–૪, ૬, ૧૭ મુજબના ગુનાનો આક્ષેપ છે. જેથી, તે મુજબનો ગુનો પુરવાર થઈ શકે કે કેમ? તે હકીકત ધ્યાને લેવાની રહે છે. તે માટે સૌપ્રથમ બી.એન.એસ.ની કલમ–૧૩૭(૧), ૮૭, ૬૪(૧), ૫૪ તથા પોકસો. એકટ–૨૦૧૨ ની કલમ–૪, ૬, ૧૭ ની જોગવાઈઓ ધ્યાને લેવાની રહે છે.

***<u>B.N.S. Section 63</u> :- <u>Rape</u>.***

*'A man is said to commit "rape" if he -*

1. *penetrates his penis, to any extent, into the vagina, mouth, urethra or anus of a woman or makes her to do so with him or any other person; or*

2. *inserts, to any extent, any object or a part of the body, not being the penis, into the vagina, the urethra or anus of a woman or makes her to do so with him or any other person; or*

*3. manipulates any part of the body of a woman so as to cause penetration into the vagina, urethra, anus or any ~ of body of such woman or makes her to do so with him or any other person; or*

*4. applies his mouth to the vagina, anus, urethra of a woman or makes her to do so with him or any other person, under the circumstances falling under any of the following seven descriptions:—*

*First.—Against her will.*

*Secondly.—Without her consent.*

*Thirdly.—With her consent, when her consent has been obtained by putting her or any person in whom she is interested, in fear of death or of hurt.*

*Fourthly.—With her consent, when the man knows that he is not her husband and that her consent is given because she believes that he is another man to whom she is or believes herself to be lawfully married.*

*Fifthly.—With her consent when, at the time of giving such consent, by reason of unsoundness of mind or intoxication or the administration by him personally or through another of any stupefying or unwholesome Substance, she is unable to understand the nature and consequences of that to which she gives consent.*

*Sixthly.—With or without her consent, when she is under eighteen years of age.*

*Seventhly.—When she is unable to communicate consent.*

*Explanation I.—For the purposes of this section, "vagina" shall also include labia majora.*

*Explanation 2.—Consent means an unequivocal voluntary agreement when the woman by words, gestures or any form of verbal or non-verbal communication, communicates willingness to participate in the specific sexual act:*

*Provided that a woman who does not physically resist to the act of penetration shall not by the reason only of that fact, be regarded as consenting to the sexual activity.*

*Exception I.—A medical procedure or intervention shall not onstitute rape.*

*Exception 2.—Sexual intercourse or sexual acts by a man with his own wife, the wife not being under fifteen years of age, is not rape.'.*

**૨૯.૧.** બળાત્કાર માટેની સજાની જોગવાઈ ભારતીય ન્યાય સંહિતાની કલમ–૬૪ માં કરવામાં આવેલી છે. તે મુજબ આરોપીઓએ ભોગ બનનાર સ્ત્રી સાથે શારીરીક સંભોગ કરેલો હોવો જોઈએ અને તે કલમ–૬૩ માં દર્શાવેલા તમામ પૈકી કોઈ એક કે વધારે સંજોગોમાં હોઈ શકે. સામાન્ય રીતે સ્ત્રી તથા પુરૂષમાં એટલે કે માનવીમાં જાતિય વૃતિ હોવી એ સહજ વૃતિ ગણાય. જાતિય વૃતિનો સદંતર અભાવ તે શારીરીક રોગ, ખામી અથવા કયારેક માનસીક ગ્રથિ પણ હોઈ શકે. આ બાબત તમામ સમાજમાં સ્વીકાર્ય છે અને સર્વવ્યાપી છે. જાચિત વૃતિનો અતિરેક વાસના બની જાય છે અને તે વાસના સંતોષવા માટે પુરૂષ ગેરકાનૂની કૃત્ય કરે તો તેને ડામવા માટે આ કલમની રચના કરવામાં આવેલી છે. ઈ.પી.કો. કલમ–૬૩ માં જે સંજોગો વર્ણવવામાં આવેલા છે તેમાં પ્રથમ સ્ત્રીની ઈચ્છા વિરૂધ્ધ અને બીજામાં

સંમતિ વગર તેવા શબ્દોનું પ્રયોજન કરવામાં આવેલ છે. બન્ને શબ્દોમાં કોઈ તફાવત નથી, કારણકે ઈચ્છા વિરૂધ્ધ કરવામાં આવતા કૃત્યમાં સંમતિ હોતી નથી તેમજ જયારે સંમતિ ન હોય ત્યારે વ્યકિતની તેવા કૃત્ય માટે ઈચ્છા હોતી નથી. કયારેય સંમતિમાં છેતરપીંડીનું તત્વ પણ હોય છે. સદરહું હકીકતો ધ્યાને લઈ અને કાયદાકીય જોગવાઈઓ ધ્યાને લઈ હાલના કામે ભોગ બનનારનો બળાત્કાર કરવામાં આવેલ છે કે કેમ તેનો નિર્ણય કરવાનો રહે છે. તે માટે સૌથી મહત્વનો પુરાવો ભોગ બનનારનો પુરાવો કહી શકાય અને તેની સાથે સાથે રેકર્ડ ઉપર આવેલ મેડીકલ એવીડનસ પણ સમર્થનમાં મહત્વનો પુરાવો કહી શકાય.

**૨૯.૨.** હાલના કેસમાં પુરાવાની ચર્ચા કરીએ તો, ભોગ બનનારે બી.એન.એસ.એસ. ૨૦૨૩ ની કલમ–૧૮૩ મુજબનું મેજીસ્ટ્રેટશ્રી રૂબરૂ નીવેદન આપેલ છે. બી.એન.એસ.એસ. ૨૦૨૩ ની કલમ–૧૮૩ મુજબના નીવેદન બાબતે નામદાર સર્વોચ્ચ અદાલતનો, ૨૦૧૦(૩) એસસીસી (ક્રિમીનલ) ૨૨૨/૨૦૧૦(૩) સુપ્રિમ ૬૬૭ માં પ્રસિધ્ધ થયેલ બૈજનાથ સાહ વિ. બિહાર રાજયના ચૂકાદો માનસહ વંચાણે લેતાં નામદાર સર્વોચ્ચ અદાલતે ઠરાવેલ છે કે...,

> *“A statement of 164 Cr.P.C. is not substantive evidence and can be utilized only to corroborate or contradict witness vis-a-vis. statement made in Court. In other words, it can be only utilized only as a previous statement and nothing more. Evidence on record that victim was not produced as a witness as she had since been married in Nepal and her husband had refused to let her return to India for the evidence.In this light her statement under*

*Section 164 could not be used against appellant.”*

**૨૯.૩.** સદર ચૂકાદામાં પ્રસ્થાપિત કરવામાં આવેલ સિધ્ધાંત વંચાણે લેતાં નામદાર સુપ્રિમકોર્ટે ઠરાવેલ છે કે, બી.એન.એસ.એસ. ૨૦૨૩ ની કલમ–૧૮૩ મુજબનું નીવેદન આરોપીઓને સજા કરવા માટે પુરતુ નથી. સદરહું નીવેદન, સબસ્ટેન્ટીવ એવીડન્સ નથી અને તે માત્ર સમર્થન માટે અથવા તો કોન્ટ્રાડીકશન પુરવાર કરવા માટે ઉપયોગમાં લઈ શકાય.

**૨૯.૪.** નામદાર ગુજરાત હાઈકોર્ટે, ૨૦૧૫(૧) જીએલએચ ૪૪ ૪/૨૦૧૪(૦) સુપ્રિમ (ગુજરાત) ૮૩૪ માં પ્રસ્થાપિત થયેલ ગુજરાત રાજ્ય વિ. વિશેષભાઈ કાલી છગનભાઈ ગંગવાણેના ચૂકાદાના પેરા–૫ માં નામદાર ગુજરાત હાઈકોર્ટે એવુ ઠરાવેલ છે કે...,

> *5. “The reason why statement recorded under Section 164 is not substantive evidence is that the defense has no opportunity to cross-examine the witnesses whose statements have been recorded under Section 164, but the same can certainly be used for contradiction or corroboration of witnesses who made it. The correct use of the statement recorded under Section 164 is that it can be used by defense for the purpose of cross-examination of witnesses who made the said statements. It is always open to the defense to show that the statement so recorded was not correct or that it was contradictory to the statements made by the witnesses at a trial or that the witnesses rescind from their statements earlier recorded under Section 164.”*

**૨૯.૫.** સદરહું ચૂકાદામાં નામદાર ગુજરાત હાઈકોર્ટે ઠરાવેલ છે કે, ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૬૪ મુજબનું નીવેદન એ પુરતો પુરાવો નથી. પરંતુ, સત્ય હકીકત તપાસતી કાયદેસરની સક્ષમ સત્તા સમક્ષ કરવામાં આવેલ સામાન્ય નીવેદન છે અને તેટલા જ કારણસર તેવુ નીવેદન તે પુરતો પુરાવો નથી. આવુ નીવેદન, ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૧૫૭ મુજબ સમર્થન માટે અથવા તો એવીડન્સ એકટની કલમ–૧૪૫ મુજબ કોન્ટ્રાડીકશન પુરવાર કરવા માટે ઉપયોગમાં લઈ શકાય. આમ, નામદાર સર્વોચ્ચ અદાલત તથા ગુજરાત હાઈકોર્ટના ચૂકાદામાં પ્રસ્થાપિત કરેલા સિધ્ધાંતોને ધ્યાનમાં લેતાં સંપુર્ણપણે ફલિત થાય છે કે, બી.એન.એસ.એસ. ૨૦૨૩ ની કલમ–૧૮૩ મુજબનું નીવેદન એ સબ્સ્ટેન્ટીવ એવીડન્સ નથી. પરંતુ આ નીવેદનના સમર્થન માટે અથવા તો વિરોધાભાષ માટે ઉપયોગમાં લઈ શકાય અને એકમાત્ર તેવા નીવેદનના આધારે આરોપીઓને સજા કરવાના નિષ્કર્ષ ઉપર પહોંચી શકાય નહી.

**૨૯.૬.** નામદાર સુપ્રિમ કોર્ટે ૨૦૨૪(૦) એઆઈજેઈએલ–એસસી–૭૩૩૭૨ માં પ્રસિધ્ધ થયેલ નિર્મલ પ્રેમકુમાર વિ. રાજયનો ચુકાદો માનસહ વંચાણે લેતાં નામદાર સુપ્રિમકોર્ટે સદર ચુકાદાના પેરા–૧૧ માં એવુ ઠરાવેલ છે કે...,

> *"Law is well settled that generally speaking, oral testimony may be classified into three categories, viz.: (i) wholly reliable; (ii) wholly unreliable; (iii) neither wholly reliable nor wholly unreliable. The first two category of cases may not pose serious difficulty for the Court in arriving at its conclusion(s). However, in the third category of cases, the*

*Court has to be circumspect and look for corroboration of any material particulars by reliable testimony, direct or circumstantial, as a requirement of the rule of prudence."*

**૨૯.૭.** નામદાર સુપ્રિમકોર્ટે, ૨૦૧૧(૭) એસ.સી.સી. ૧૩૦ માં પ્રસિધ્ધ થયેલ ક્રિશન કુમાર મલીક વિ. સ્ટેટ ઓફ હરીયાણાનો ચુકાદો માનસહ વંચાણે લેતાં નામદાર સુપ્રિમકોર્ટે સદર ચુકાદામાં એવુ ઠરાવેલ છે કે...,

*"Although the victim's solitary evidence in matters related to sexual offences is generally deemed sufficient to hold an accused guilty, the conviction cannot be sustained, if the prosecutrix's testimony is found unreliable and insufficient due to identified flaws and lacunae. It was held thus, No doubt, it is true that to hold an accused guilty for commission of an offence of rape, the solitary evidence of the prosecutrix is sufficient provided the same inspires confidence and appears to be absolutely trustworthy, unblemished and should be of sterling quality."*

**૩૦.** બન્ને પક્ષોના વિ.વ.શ્રીનાઓની લંબાણપૂર્વકની દલીલો ધ્યાને લીધી. ફરીયાદપક્ષે રજુ કરવામાં આવેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ વંચાણે લીધા. ભોગ બનનાર સાથે શરીર સબંધ બાંધેલ છે કે કેમ? તે અંગે રજુ થયેલ પુરાવાઓની ચર્ચા કરીએ તો, ભોગ બનનારે ફરીયાદપક્ષે સાહેદ નં.૬ તરીકે આંક : ૩૪ થી તપાસવામાં આવેલ છે, તેમા ભોગ બનનારે પુરાવો આપેલ છે કે, ''બનાવ બન્યો તેના ચાર–પાંચ મહિના પહેલા મારા અદાના છોકરા ધર્મરાજનુ અકસ્માત થયેલુ જેથી તેને જામનગર હોસ્પીટલમાં દાખલ કરેલ. મારા માતા–પિતા તેની ખબર કાઢવા માટે જામનગર હોસ્પીટલમાં ગયેલા, ત્યારે ઘરે કોઈ ન હતુ અને ઘરે હુ એકલી હતી ત્યારે ઘરે સુજલ આવેલો

અને સુજલે મારી સાથે શરીર સબંધ બાંધેલો.'' જયારે ભોગ બનનારે પોતાની ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, મારા માતા–પિતા જામનગર ખબર કાઢવા માટે ગયેલા તે વખતે મે સુજલને ફોન કરેલો. આ ફોન કરેલો તે બનાવના ચાર પાંચ મહિના અગાઉ કરેલો. મે કઈ તારીખે, કયા કપડા પહેરેલ હોય તે યાદ ન હોય. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, મે અંદાજે કપડા આપેલા. આમ, ભોગ બનનારની જુબાની ઉપરથી બનાવ બન્યો તેના ૪–૫ મહીના અગાઉ ભોગ બનનારે જ આરોપી નં.૧ ને ફોન કરેલો અને આરોપી તે સમયે ઘરે આવેલ અને શરીર સબંધ બાંધેલ હોવાનુ જણાય આવે છે. પરંતુ, બનાવ ૪–૫ મહીના અગાઉ બનેલ છે. ભોગ બનનારે મેજીસ્ટ્રેટ રૂબરૂ બી.એન.એસ.એસ.ની કલમ–૧૮૩ મુજબના નીવેદનમાં પણ તેમના માતા–પિતા ધર્મરાજસિંહ ચુડાસમાનુ વાહન અકસ્માત થતા ખબર કાઢવા માટે ગયેલ તે વખતે સુજલને મારા ઘરે બોલાવેલ અને સુજલ સાથે શારીરીક સબંધ બાંધેલ તેવુ મેજીસ્ટ્રેટ રૂબરૂ જણાવેલ છે. ભોગ બનનારે ડો.યાત્રી શ્યારા કે જેઓ ગાયનેકોલોજીસ્ટ છે તેની રૂબરૂમાં પણ હીસ્ટ્રીમાં જણાવેલ છે તે મુજબ શરીર સબંધ મરજીથી બંધાયેલ અને કોન્ડોમ વાપરેલ હોવાનુ હીસ્ટ્રીમાં જણાવેલ. આ ડો.યાત્રી શ્યારાનાઓએ ફરીયાદપક્ષે સાહેદ નં.૯ તરીકે આંક : ૪૩ થી તપાસવામાં આવેલા છે, તેઓએ હીસ્ટ્રી મુજબનો પુરાવો આપેલ છે પરંતુ નિષ્ણાંત અભિપ્રાય રૂપે હાઈમેન જુનુ તુટેલ હતુ અને બળજબરીપૂર્વક શરીર સબંધ બાંધેલ હોય તેવુ કહી શકાય નહી તેવુ જણાવેલ છે. તે જ રીતે આંક : ૧૬ થી સાહેદ નં.૩ તરીકે ડો.મીત કંડોરીયા કે જેઓ ભોગ બનનાર તથા આરોપીના નમુનાઓ લેનાર ડોકટર છે, તેઓને તપાસતા એવો પુરાવો આપેલ છે કે, ભોગ બનનારે તેમની રૂબરૂ હીસ્ટ્રી લખાવેલ તેમા એક વખત શરીર સબંધ બાંધેલ હોવાનુ જણાવેલ છે અને તે મુજબ ડોકટરશ્રીએ પુરાવો આપેલ છે. જયારે આરોપીની હીસ્ટ્રીમાં પોતે એચ.આઈ.વી. પોઝીટીવ હોવાનુ

જણાવેલ. આ સાહેદે આરોપીની શારીરીક તપાસણી અંગે પોતાનો નિષ્ણાંત અભિપ્રાય આપેલ છે કે, ''આરોપી શરીર સબંધ બાંધવા માટે સક્ષમ છે'' ઉપરોકત રજુ થયેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ વંચાણે લઈ છણાવટ કરવામાં આવે તો, ભોગ બનનાર પોતે ઘરેથી ગયા તેના ૪–૫ મહીના અગાઉ આરોપી નં.૧ સાથે શરીર સબંધ બંધાયેલની હકીકત જણાવેલ છે. આ જ હકીકત મેડીકલ ઓફીસરશ્રીની રૂબરૂ તથા ગાયનેકોલોજીસ્ટ રૂબરૂ તથા મેજીસ્ટ્રેટશ્રી રૂબરૂ બી.એન.એસ.એસ.ની કલમ–૧૮૩ મુજબના નીવેદનમાં જણાવેલ છે. ભોગ બનનારના શારીરીક સબંધ બંધાયા અંગેના પુરાવામાં ભોગ બનનાર તથા આરોપીના કપડા કબજે કરવામાં આવેલ, તેના એફ.એસ.એલ. પરીક્ષણ પરીણામ નકારાત્મક આવેલ છે જે સ્વાભાવિક રીતે માની શકાય. કારણ કે, ભોગ બનનારે જે પુરાવો આપેલ છે તે મુજબ ૪–૫ મહીના અગાઉ બનાવ બન્યો છે અને સ્વાભાવિક રીતે તે અગાઉ નમુના મેળવી શકાય નહી. ભોગ બનનારે પોતાની જુબાનીમાં ૪–૫ મહીના અગાઉ શારીરીક સબંધ બંધાયાની હકીકત જણાવેલ છે તેમા ભોગ બનનારે એ હકીકત પણ જણાવેલ છે કે, આ શારીરીક સબંધ તેની મરજીથી બાંધવામાં આવેલ. આ ઉપરથી એમ માની શકાય કે ભોગ બનનાર, આરોપી નં.૧ સામે કોઈ આક્ષેપ કરતા નથી પરંતુ, ભોગ બનનારે આરોપીને પોતાના ઘરે બોલાવેલ અને પોતાના ઘરે શેટી ઉપર શરીર સબંધ પોતાની મરજીથી બંધાયેલ તે હકીકત માનવાને કારણ રહે છે. કારણ કે, ભોગ બનનારે આરોપી સાથે પ્રેમ સબંધ હોવાનુ ઉલટતપાસ માં સ્વીકાર કરેલ છે અને ભોગ બનનારે જ આરોપીને બનાવના દિવસે ફોન કરીને બોલાવેલ અને પોતાની મરજીથી આરોપી સાથે ગયેલ છે. આ તમામ હકીકતોને ધ્યાને લેતા જે શરીર સબંધ બંધાયેલ છે તે ભોગ બનનારની મરજીથી જ બંધાયેલ છે અને શરીર સબંધ બંધાયેલાની હકીકત સાબિત થાય છે.

૩૦.૧. ભોગ બનનારની જુબાની વંચાણે લેતા ભોગ બનનાર જો આરોપીઓ સાથે સ્વેચ્છાપૂર્વક ગયેલ હોય તો પણ, કોઈપણ સંજોગોમાં ભોગ બનનાર પોતે સગીર હોય કાયદાની જોગવાઈ મુજબ આવી ભોગ બનનારની સંમતિ, સંમતિ ગણાવી શકાય નહી અને શરીર સબંધ ભોગ બનનારની મરજીથી બાંધવામાં આવેલ હોવાનુ માની શકાય નહી તેવુ આ કોર્ટનું માનવુ છે. ફરીયાદપક્ષે મેડીકલ ઓફીસરશ્રીને આંક : ૧૬ થી સાહેદ નં.૩ તરીકે ડો.મીત કંડોરીયા કે જેઓ ભોગ બનનાર તથા આરોપીના નમુનાઓ લેનાર ડોકટર છે, તેઓને તપાસવામાં આવેલ છે તેઓએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં આરોપી નં.૧ શારીરીક સબંધ બાંધવા માટે સક્ષમ હોવાનો આરોપી નં.૧ ની શારીરીક તપાસણી કરી અભિપ્રાય આપેલ છે. ફરીયાદ પક્ષે આંક : ૪૩ થી સાહેદ નં.૯ ડો.યાત્રી શ્યારાની સોગંદ ઉપરની જુબાની વંચાણે લેતા ભોગ બનનાર સાથે શારીરીક સબંધ બાંધવામાં આવેલ હોવાનો પુરાવો આપેલ છે. જે ડોકટરશ્રીઓની જુબાની વંચાણે લેતા આરોપી નં.૧ નાઓએ ભોગ બનનાર સાથે શરીર સબંધ બાંધેલ તે હકીકતને ભોગ બનનાર ની જુબાનીથી સમર્થન મળે છે. અત્રે એ નોંધવુ જોઈએ કે, આરોપીઓ તરફે ડોકટરશ્રીની જુબાનીમાં કેટલાક સવાલો પુછી ભોગ બનનાર સાથે બળજબરી કરવામાં આવેલ નથી પરંતુ, તેની સંમતિ સાથે સંભોગ કરવામાં આવેલ તેવા પ્રશ્નો પુછવામાં આવેલ છે. પરંતુ, ભોગ બનનાર ત્યારે સગીર વયના હોય, ત્યારે તેની સંમતિ કોઈ જ સંમતિ ગણાવી શકાય નહી. ડોકટરશ્રીની જુબાની વંચાણે લેતા આરોપી નં.૧ શરીર સબંધ બાંધવા માટે સક્ષમ હતા તેવો પણ પુરાવો રેકર્ડ ઉપર આવેલ છે. આમ, ઉપરોકત જુબાની વંચાણે લઈ અરસપરસ મૂલ્યાંકન કરતા ભોગ બનનાર સાથે આરોપી નં.૧ નાઓએ શરીર સબંધ બાંધેલ તે હકીકત સંપુર્ણપણે પુરવાર થાય છે અને આ શરીર સબંધ બાંધતા અગાઉ આરોપી નં.૧ પ્રેમ કરતો હોવાનુ જણાવી

અને લગ્નની લાલચ આપી, શરીર સબંધ બાંધેલ છે તે હકીકત પણ પુરવાર થાય છે.

**૩૧.** આરોપીઓ વિરૂધ્ધ બી.એન.એસ.ની કલમ–૧૩૭(૧), ૮૭, ૬૪(૧), ૫૪ તથા પોકસો. એકટ–૨૦૧૨ ની કલમ–૪, ૬, ૧૭ મુજબના ગુનાનો આક્ષેપ છે. જેથી, બી.એન.એસ.ની કલમ–૧૩૭ વંચાણે લેતા તેમા કીડનેપીંગ (અપહરણ) ની વ્યાખ્યા કરવામાં આવેલ છે, જે નીચે મુજબ છે.

***B.N.S. Section : 137.* :- *Kidnapping***

"Kidnapping is defined as the unlawful removal of a person from India or from lawful guardianship without consent. It is categorized into two types: kidnapping from India (taking a person beyond national borders) and kidnapping from lawful guardianship (taking minors under 18 or persons of unsound mind)."

**૩૧.૧.** નામદાર સર્વોચ્ચ અદાલત તથા નામદાર ઉચ્ચ અદાલતના ચૂકાદાઓ વંચાણે લઈ, સગીરાની કાયદેસરની કસ્ટડી અંગે માર્ગદર્શન મેળવીએ તો, નામદાર ગુજરાત હાઈકોર્ટે ૨૦૧૬ (૦) એ.આઈ.જે.ઈ.એલ. એચ.સી. ૨૩૫૭૪૫ માં પ્રસિધ્ધ થયેલ હરીશભાઈ કાલાભાઈ બગડા વિ. ગુજરાત રાજયનો ચુકાદો માનસહ વંચાણે લેતાં, નામદાર ગુજરાત હાઈકોર્ટે સદર ચુકાદાના પેરા–૧૭ માં એવુ ઠરાવેલ છે કે...,

*"Therefore admittedly when the victim is below the age of 18 years, what would be relevant is consent of guardian and not the consent or voluntariness of the victim. The Legislature has provided that theminor may not be*

*competent to give consent as she may not have that maturity of understanding the consequences of the act. It is in these circumstances, the judgment and order recording conviction for the offence under Sections 363 and 366 of the Indian Penal Code cannot be said to be erroneous. However as the victim is above the age of 16 years as stated above and by conduct suggesting the consent, conviction for the offence under Section 376 of the Indian Penal Code may not be sustained."*

**૩૧.૨.** નામદાર સુપ્રિમકોર્ટના ૧૯૬૪ (૦) એ.આઈ.જે.ઈ.એલ. એચ.સી. ૨૪૮૩૧ માં પ્રસિધ્ધ થયેલ વરદરાજન વિ. મદ્રાસ રાજયનો ચુકાદો માનસહ વંચાણે લેતાં, નામદાર સુપ્રિમકોર્ટે સદર ચુકાદાના પેરા–૯ માં એવુ ઠરાવેલ છે કે...,

*"It must, however, be borne in mind that there is a distinction between "taking" and allowing a minor to accompany a person. The two expressions are not synonymous though we would like to guard ourselves from laying down that in no conceivable circumstances can the two be regarded as meaning the same thing for the purposes of sec. 361 of the Indian Penal Code. We would limit ourselves to a case like the present where the minor alleged to have been taken by the accused person left her father's protection knowing and having capacity to know the full import of what she was doing voluntarily joins the accused person. In such a case we do not think that the accused can be said to have taken her away from the keeping her lawful guardian. Something more has to be shown in a case of this kind and that is some kind of inducement held out by the accused person or an active*

*participation by him in the formation of the intention of the minor to leave the house of the guardian."*

વધુમાં નામદાર સુપ્રિમકોર્ટે પેરા-૧૦ માં એવુ ઠરાવેલ છે કે...,

*"It would, however, be sufficient if the prosecution establishes that though immediately prior to the minor leaving the father's protection no active part was played by the accused, he had at some earlier stage solicited or persuaded the minor to do so. In our opinion, if evidence o establish one of those things is lacking it would not be legitimate to infer that the accused is guilty of taking the mirror out of the keeping of the lawful guardian merely because after she has actually left her guardian's house or a house where her guardian had kept her, joined the accused and the accused helped her in her design not to return to her guardian's house by taking her along with him from place to place. No doubt, the part played by the accused could be regarded as facilitating the fulfillment of the intention of the girl. That part, in our opinion, falls short of an inducement to the manor to slip out of the keeping of her lawful guardian and is, therefore, not tantamount to "taking"."*

**૩૧.૩** ઉપરોકત ચૂકાદાઓ માનસહ વંચાણે લીધા બાદ, બી.એન.એસ.ની કલમ-૧૩૭ (ભારતીય દંડ સંહિતાની કલમ-૩૬૩) ની જોગવાઇ વંચાણે લેતા, અપહરણ અંગે કહી શકાય કે, આ કલમનો ઉદ્દેશ્ય સગીર બાળકોને અયોગ્ય હેતુઓ માટે લલચાવવામાં આવતા અટકાવવા જેટલો જ લાગે છે, જેટલો તેમના સગીર બાળકોનો કાયદેસર

હવાલો અથવા કસ્ટડી ધરાવતા વાલીઓના અધિકારો અને વિશેષાધિકારોનું રક્ષણ કરવાનો છે. આ ગુનાનો મુખ્ય ઉદ્દેશ્ય આ કલમમાં ઉલ્લેખિત ઉંમરથી ઓછી ઉંમરના સગીરને આવા વાલીની સંમતિ વિના કાયદેસર વાલીની જાળવણીમાંથી બહાર લઈ જવાનો અથવા લલચાવવાનો છે. કલમ-૩૬૧ માં "કોઈપણ સગીરને આવા સગીરના કાયદેસર વાલીની જાળવણીમાંથી બહાર લઈ જાય છે અથવા લલચાવે છે" શબ્દો નોંધપાત્ર છે. સંદર્ભમાં "રાખવું" શબ્દનો ઉપયોગ ચાર્જ, રક્ષણ, જાળવણી અને નિયંત્રણના વિચારને સૂચવે છે; વધુમાં, વાલીનો ચાર્જ અને નિયંત્રણ સગીરમાં ક્રિયા અને હિલચાલની સ્વતંત્રતા, વાલીનું રક્ષણ અને સગીરના નિયંત્રણ સાથે સુસંગત હોય તેવું લાગે છે, જ્યારે પણ જરૂર પડે ત્યારે ઉપલબ્ધ હોય છે. આ કલમના સ્પષ્ટ વાંચન પર, જે સગીરને લેવામાં આવે છે અથવા લલચાવવામાં આવે છે તેની સંમતિ સંપૂર્ણપણે અમૂર્ત છે: ફક્ત વાલીની સંમતિ જ કેસને તેના કાર્યક્ષેત્રની બહાર લઈ જાય છે તેમજ એવું પણ જરૂરી નથી કે લેવાનું કે લલચાવવાનું કામ બળજબરીથી કે છેતરપિંડી દ્વારા કરવામાં આવ્યું હોવાનું દર્શાવવું જોઈએ. આરોપી વ્યક્તિ દ્વારા સમજાવટ જે સગીરને કાયદેસર વાલીની દેખરેખમાંથી બહાર કાઢવાની ઈચ્છા પેદા કરે છે તે કલમને આકર્ષવા માટે પૂરતું હશે."

**૩૧.૪.** અપહરણ તથા કાનૂની વાલીપણામાંથી અપહરણ કોને કહેવાય તે માટે કલમ-૧૩૭ માં જોગવાઈ કરવામાં આવેલ છે. સગીરનું અપહરણ કરવાના કિસ્સામાં ઉંમર એ અગત્યનું પાસુ હોવાથી પુરાવાના મૂલ્યાંકન સમયે તે અંગે સભાનતા આવશ્યક છે તથા પુરાવા પરથી જે નિર્ણય શકય હોય તે નિષ્કર્ષ ચૂકાદામાં હોય તે આવશ્યક

ગણાય. ઉપરોકત કલમ–૧૩૭ વંચાણે લેતાં તેના આવશ્યક તત્વો નીચે મુજબ ગણાવી શકાય.

**૧.** જે વ્યકિતનું અપહરણ કરવામાં આવેલ તે સગીર વયની વ્યકિત હોવી જોઈએ.

**૨.** આરોપી ભોગ બનનાર વ્યકિતને કાનૂની વાલીપણામાંથી લઈ ગયેલ હોવા જોઈએ અથવા ફોસલાવીને લઈ ગયા હોવા જોઈએ.

**૩.** આવુ કૃત્ય આરોપીએ કાનૂની વાલી હોય તેની સંમતિ વગર કરેલ હોવુ જોઈએ.

**૩૧.૫.** સગીર વયની વ્યકિતને લઈ જવામાં આવે તે જ વખતે તે પાછળ રહેલ અપરાધનું તત્વ દર્શાવે છે અને કાનૂન એવુ અનુમાન કરે છે કે, પોતાનુ હિત સમજવા ક્ષમતા ન ધરાવતા સગીરને લઈ જવુ તે અપરાધની માત્રા અને સાથો સાથ ગુનાહિત માનસીક પ્રક્રીયા દર્શાવે છે. સામાન્ય રીતે આ કલમ સગીરના અપહરણને સ્પર્શે છે તે કારણે આ કલમના મહત્વના તત્વોમાં ઉંમર અગત્યનો ભાગ બની રહે છે. ઉંમર માટે દસ્તાવેજી પુરાવા, મૌખિક પુરાવા તથા તબીબી પુરાવો સામાન્ય રીતે ઉપલબ્ધ હોય. દસ્તાવેજી પુરાવામાં પ્રથમ સ્થાન જન્મના પ્રમાણપત્રને આપી શકાય. જન્મ સમયે હવે જન્મની નોંધણી ફરજીયાત છે. પંચાયત, નગરપાલીકામાં જન્મ રજીસ્ટરમાં જો જન્મ નોંધાયો હોય તો તે પુરાવો વિશ્વસનીય ગણી શકાય. ત્યારબાદ શાળામાં દાખલ થવા સમયે નોંધવામાં આવતી જન્મ તારીખ ઉપયોગી બની શકે. બાળકને શાળામાં દાખલ કરવા સમયે વાલી દ્વારા ઉંમર લખાવવામાં આવે છે. સામાન્ય રીતે ઉંમર માટે તે સમયે પણ કોઈક આધાર કે પ્રમાણપત્ર માંગવામાં

આવે છે જે ઉપલબ્ધ ન હોય ત્યારે માત્ર વાલીના શબ્દો પરથી જન્મ તારીખ નોંધાય છે, જે ચોકકસ ન પણ હોઈ શકે. પરંતુ, જન્મના પ્રમાણપત્રને આધારે શાળામાં દાખલ કરતા સમયે જન્મ તારીખની નોંધ જન્મના પ્રમાણપત્રને આધારે કરવામાં આવેલ હોય તો તે પણ માનવી યોગ્ય પુરાવો ગણી શકાય. ઉંમરની બાબતમાં છેવટે તબીબી પુરાવો અગત્યનો ભાગ ભજવે છે. તબીબી પુરાવો તે અભિપ્રાય છે તથા સંપુર્ણ વૈજ્ઞાનિક પધ્ધતિથી ઉંમરની ચકાસણી કરવામાં આવી હોય તો ચોકકસ વર્ષ, માસ કે દિવસ ન મળી શકે છતા નિકટતમ તારતમ્ય અવશ્યપણે મળી શકે છે. તબીબી વિજ્ઞાનમાં વિવિધ અંગો, ઉપાંગો તથા અસ્થિના વિકાસ દાંત, સાંધા વિગેરે પરથી ઉંમર નકકી કરવામાં આવે છે, જેમાં જેટલી ચોકસાઈ હોય એટલી ઉંમર બાબતે ચોકકસતા આવે. એકસ–રે ઓસીફીકેશન ટેસ્ટ એ વધારે પ્રચલિત તથા વધુ ચોકકસ રીતે ઉંમર નકકી કરવા માટે ગણવામાં આવે છે. મૌખિક પુરાવો તથા ઉપરોકત દસ્તાવેજી પુરાવાના મૂલ્યાંકન પરથી અદાલતે નિર્ણય કરવાનો રહે છે કે, ઉંમર શું હોઈ શકે.

***B.N.S. Section : 87.***

***Kidnapping, abducting or inducing woman to compel her marriage, etc.-***

*"Defines the offense of kidnapping, abducting, or inducing a woman to compel her marriage. It penalizes taking or enticing a woman with the intent to force her marriage against her will, or to seduce/force her into illicit intercourse, punishable by up to 10 years imprisonment and a fine."*

**૩૧.૬.** આ કલમ હેઠળ ભોગ બનનાર વ્યકિત માત્ર સ્ત્રી જ હોઈ

શકે તથા સ્ત્રીને ચોકકસ પ્રકારનું રક્ષણ આપવા માટે આ કલમની રચના કરવામાં આવેલી છે. આ કલમનું પ્રથમ મહત્વનું પાસુ એ છે કે, અપહરણનો ગુનો બન્યો હોવો જોઈએ અથવા અપનયનનું કૃત્ય હોવુ જોઈએ. આ બન્નેની ગેરહાજરી હોય ત્યારે આ કલમ અમલમાં આવશે નહી. આ કલમમાં ઈરાદો મહત્વનું પાસુ છે.

**૩૨.** બન્ને પક્ષોના વિ.વ.શ્રીનાઓની લંબાણપૂર્વકની દલીલો ધ્યાને લીધી. નામદાર સર્વોચ્ચ અદાલત તથા નામદાર ગુજરાત હાઈકોર્ટના ચૂકાદાઓ માનસહ વંચાણે લઈ, ફરીયાદપક્ષે રજુ કરવામાં આવેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ વંચાણે લીધા બાદ આરોપીઓ વિરૂધ્ધ બી.એન.એસ.ની કલમ-૧૩૭(૧), ૮૭ મુજબના ગુનાનો આક્ષેપ કરવામાં આવેલ છે, તે અંગે રજુ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ અરસપરસ છણાવટ કરવામાં આવે તો, ભોગ બનનારે પોતાની ઉલટતપાસમાં સ્વીકાર કરેલ છે કે, બનાવના દિવસે તેઓએ આરોપીને ફોન કરેલ. જેથી, બન્ને આરોપીઓ આવેલા અને તેની સાથે ભોગ બનનાર ખંભાળીયા રેલ્વે સ્ટેશને ગયેલા અને ત્યાંથી રાજકોટ જતા હતા તે દરમ્યાન જામનગર રેલ્વે સ્ટેશને પોલીસવાળાઓ એ પકડી લીધેલ. ભોગ બનનારની જુબાની વંચાણે લેતા સરતપાસમાં જ ભોગ બનનારે પુરાવો આપેલ છે કે, ગઈ તા.૦૩/૦૯/૨૦૨૫ ના રોજ અમે નકકી કરેલ કે, લગ્ન કરવા માટે ઘરેથી વહી જવુ છે. જેથી તે દિવસે સુજલને રાતના ત્રણ-સાડા વાગ્યે ફોન કરેલ ત્યારે સુજલે મને જન્મ તારીખના કાગળીયા લઈ લેવા માટે જણાવેલ. ત્યારબાદ સુજલ મારા ઘરથી આગળ મોટર સાઈકલ લઈને આવેલો અને તેની સાથે તેના મોટા બાપુનો છોકરો સંજય પણ આવેલો. આરોપીઓ તરફેની ઉલટતપાસમાં ભોગ બનનારે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, મે ત્રણ તારીખે રાત્રે સુજલને ફોન કરેલ. મારે સુજલ સાથેલગ્ન કરવા

હતા. સાહેદ જણાવે છે કે, બંનેની સહમતી હતી. હુ મારી મરજીથી બનાવની રાત્રે ઘરેથી બહાર નીકળેલ હતી. હુ મારી સ્વેચ્છાએ મોટર સાઈકલ ઉપર બેઠેલી. આમ, ભોગ બનનાર ઘરેથી નીકળેલ તે વખતે ભોગ બનનાર તથા આરોપી નં.૧ સુજલ ઉર્ફે ટકો પ્રવિણભાઈ રાઠોડનો ઈરાદો લગ્ન કરવાનો હતો. બન્ને એ હકીકતથી વાકેફ હતા કે લગ્નની ઉંમર નાની છે, આરોપીએ ભોગ બનનારને જન્મની તારીખના કાગળીયા લઈ લેવા માટે જણાવેલ તે હકીકતનો પુરાવો ભોગ બનનારે આપેલ છે તે ઉપરથી સ્પષ્ટ થાય છે કે, આરોપી નં.૧ નો ઈરાદો ભોગ બનનાર સાથે લગ્ન કરવાનો હતો અને લગ્ન કરવા માટે જ ઘરેથી નીકળેલ હતા. ભોગ બનનારે મેજીસ્ટ્રેટશ્રી રૂબરૂ બી.એન.એસ.એસ.ની કલમ-૧૮૩ મુજબનુ નીવેદન આપેલ છે જેમા પણ, ભોગ બનનારે પ્રેમ સબંધ હોવાનુ અને તા.૦૪/૦૯/૨૦૨૫ ના રોજ સાથે જવાનુ નકકી કરેલુ. આમ, ભોગ બનનાર અને આરોપીનો પ્રથમથી જ ઈરાદો ઘરેથી નીકળી લગ્ન કરવાનો હતો. પરંતુ, ઉપર ચર્ચા કરી તેમ ભોગ બનનાર સગીર હતા અને તે માટે ભોગ બનનારની સંમતિ, સંમતિ ગણાવી શકાય નહી. જોકે ભોગ બનનારે શારીરીક સબંધ તથા ઘરેથી જતા રહેવામાં પોતાની સંમતિ જણાવેલ છે. પરંતુ, આવી સંમતિ, સંમતિ ગણાવી શકાય નહી.

**૩૨.૧.** આરોપી નં.૨ પણ ભોગ બનનારને લઈ જવામાં આવેલ ત્યારે સાથે હતા અને ભોગ બનનાર તથા બન્ને આરોપીઓને જામનગર રેલ્વે સ્ટેશનેથી પકડેલ ત્યારે પણ સાથે જ હતા. આથી, આરોપી નં.૨ પણ અપહરણના ગુનામાં સામેલ હોવાનુ રજુ થયેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓથી સાબિત થાય છે.

૩૩. રજુ થયેલ તમામ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ પરથી આ કામના આરોપીઓએ ફરીયાદીની ભોગ બનનાર દિકરી સગીર વયની હોવાનુ જાણતા હોવા છતાં, લગ્ન કરવાની લાલચ આપી, લલચાવી, ફોસલાવી ફરીયાદીના કાયદેસરના વાલીપણામાંથી અપહરણ કરી લઈ જઈ તથા આરોપી નં.૧ સુજલ ઉર્ફે ટકો પ્રવિણભાઈ રાઠોડનાઓ પોતે એચ.આઈ.વી. પોઝીટીવ હોવાનુ જાણવા છતાં ભોગ બનનાર સગીરા સાથે શરીર સબંધ બાંધી, બન્ને આરોપીઓએ એકબીજાની મદદગારી કરેલ હોવાનુ ફરીયાદપક્ષ નિ:શંકપણે સાબિત કરી શકેલ છે. આથી, આરોપી નં.૧ વિરૂધ્ધ બી.એન.એસ.ની કલમ–૧૩૭(૧), ૮૭, ૬૪(૧), ૫૪ તથા પોકસો. એકટ–૨૦૧૨ ની કલમ–૪, ૬ મુજબ તથા આરોપી નં.૨ વિરૂધ્ધ બી.એન.એસ.ની કલમ–૧૩૭(૧) મુજબનો ગુનો બનતો હોવાનુ પુરવાર થાય છે. આમ, ઉપર મુજબની તમામ ચર્ચાને આધારે **મુદ્દા નં.૨** નો નિર્ણય ''**અંશત: હકાર**''માં ઠરાવી, **મુદ્દા નં.૩** અંગે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## –:: <u>હુકમ</u> ::–

- આ કામના આરોપી નં.**૨.સંજય ઉર્ફે ભમો કિશોરભાઈ વસંતભાઈ રાઠોડ,** ઉ.વ.**૧૮,** ધંધો–મજુરી કામ, રહે.સેન્ટર જેલની પાછળ, રૂખડીયાપરા હનુમાન મંદીર ની પાસે, શેરી નં.૮, રાજકોટવાળાને બી.એન.એસ. એસ.ની કલમ–૨૫૮(૧) હેઠળ **બી.એન.એસ.ની કલમ–૮૭, ૬૪(૧), ૫૪ તથા પોકસો. એકટ–૨૦૧૨ ની કલમ–૪, ૬, ૧૭** મુજબના શિક્ષાપાત્ર ગુના

માંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

➢ આ કામના આરોપી **નં.૧.સુજલ ઉર્ફે ટકો પ્રવિણભાઈ વસંતભાઈ રાઠોડ,** ઉ.વ.૧૯, ધંધો–મજુરી કામ, રહે.ગાયત્રીનગર, હનુમાન ડેરીની નજીક, શકિતનગર, તા.ખંભાળીયા, જી.દેવભૂમિ ધ્વારકાવાળાને બી.એન.એસ.એસ.ની કલમ–૨૫૮(૨) હેઠળ **બી.એન.એસ.ની કલમ–૧૩૭(૧), ૮૭, ૬૪(૧), ૫૪ તથા પોકસો. એકટ–૨૦૧૨ ની કલમ–૪, ૬** મુજબના ગુના સબબ તથા **નં.૨.સંજય ઉર્ફે ભમો કિશોરભાઈ વસંતભાઈ રાઠોડ,** ઉ.વ.**૧૮**, ધંધો– મજુરી કામ, રહે.સેન્ટર જેલની પાછળ, રૂખડીયાપરા હનુમાન મંદીરની પાસે, શેરી નં.૮, રાજકોટવાળાને બી.એન.એસ.એસ.ની કલમ–૨૫૮(૨) હેઠળ **બી.એન.એસ.ની કલમ–૧૩૭(૧)** મુજબના ગુના સબબ તકસીરવાન ઠેરવવામાં આવે છે અને આરોપીઓને સજા કરતા પહેલા સજાના મુદ્દે સાંભળવા જરૂરી હોય, સજા અંગે સાંભળવા કામ મુલત્વી.

**તા.૨૪/૦૩/૨૦૨૬**
**ખંભાળીયા.**

**(એસ.જી.મનસુરી)**
સ્પેશ્યલ જજ (પોકસો) અને
બીજા એડીશ્નલ સેશન્સ જજ
દેવભૂમિ ધ્વારકા, મુ.ખંભાળીયા
**Code No.G.J.00603**

*(વી.કે.જુંગી)*

## –:: સજા અંગે સાંભળ્યા બાદ વધુ હુકમ ::–

૧. સદર કામે આરોપીઓ પક્ષે દલીલ એવી છે કે, બન્ને આરોપીઓ સામે પ્રથમ ગુનો છે, આરોપીઓ ગરીબ અને યુવાન વયના છે અને વૃધ્ધ માતા–પિતાની જવાબદારી તેઓના શિરે છે, આરોપીઓ અપરીણીત છે, આરોપીઓને લાંબા સમય માટે જેલમાં મોકલવાથી ભવિષ્ય અંધકારમય બને તેમ છે, ગુનાહીત ભુતકાળ નથી. આથી, આરોપીઓ નાની વયના હોઈ, ભવિષ્ય અંધકારમય ન બને તે માટે મીનીમમ સજા તથા દંડ કરવા અરજ ગુજારેલ છે.

૨. આ કામે વિ.પી.પી.શ્રીએ આરોપીઓ સામે ૧૮ વર્ષથી ઓછી ઉંમરની સગીર બાળાનુ અપહરણ કરી, આરોપી નં.૧ નાઓએ પોતાને એઈડસ હોવા છતાં ભોગ બનનાર સાથે સંભોગ કરેલ અને ભોગબનનારના જીવને પણ જોખમમાં નાખી ગંભીર પ્રકારનો ગુનો કરેલ છે. હાલમાં સગીરા સાથે અપહરણ અને દુષ્કર્મના બનાવો અવાર–નવાર બનતા રહે છે અને તે સંજોગોમાં સમાજમાં દાખલો બેસે તે માટે, નાના બાળક ઉપર દુષ્કર્મના બનાવની ગંભીરતાને ધ્યાને લઈ કાયદામાં ઠરાવ્યા મુજબની મહત્તમ સજા અંગે હુકમ થવા વિ.પી.પી.શ્રીએ ભારપુર્વક રજુઆત કરેલ છે.

૩. ઉભય પક્ષકારોની દલીલો સાંભળી, પક્ષકારોની રજુઆત સાથે કાયદાકીય જોગવાઈ ધ્યાને લીધી. આ કામના આરોપીઓએ સગીર બાળાનુ અપહરણ કરી, આરોપી નં.૧ નાએ પોતાને એઈડસ હોવા છતાં ભોગ બનનાર સાથે સંભોગ કરેલાની હકીકત ફરીયાદપક્ષે સાબિત કરેલ છે, આરોપીઓએ ભોગ બનનાર સગીર વયની હોવાનું જાણવા છતાં તેન અપહરણ કરી, આરોપી નં.૧ નાએ દુષ્કર્મ કરેલ છે. વળી, સમાજમાં દિન–

પ્રતિદિન આવા ગુનાઓના પ્રમાણમાં નોંધપાત્ર વધારો થયેલ છે તેમજ આ બનાવમાં અઢાર વર્ષથી ઓછી ઉંમરની સગીરા સાથે અપહરણ અને બળાત્કાર નો બનાવ બનેલ છે.

૪. આ તમામ સંજોગો ધ્યાને લેતાં બાળકો સાથે જાતીય હુમલાથી રક્ષણ આપતા અધિનિયમની **કલમ–૪૨** વૈકલ્પિક શિક્ષાની તેમજ પોક્સો એકટ **કલમ–૪૨(એ)** ની જોગવાઈઓ ધ્યાને લીધી.

૪.૧. **કલમ–૪૨** માં એવી જોગવાઈ છે કે, જયારે કોઈ કૃત્ય અથવા કાર્યલોપ આ અધિનિયમ અને ઈન્ડિયન પીનલ કોડ ૧૮૬૦ની કલમો– ૧૬૬(એ), ૩૫૪(એ), ૩૫૪(બી), ૩૫૪(સી), ૩૫૪(ડી), ૩૭૦, ૩૭૦(એ), ૩૭૫, ૩૭૬, ૩૭૬(એ), ૩૭૬(સી), ૩૭૬(ડી), ૩૭૬ (ઈ) અથવા કલમ–૫૦૯ હેઠળ શિક્ષાને પાત્ર બનતુ હોય ત્યારે જે તે સમયે અમલ માં હોય તેવા કોઈ કાયદામાં ગમે તે સમાવિષ્ટ હોય તેમ છતા દોષિત ઠરાવેલ ગુનેગાર આ અધિનિયમ હેઠળ અથવા આઈ.પી.સી. હેઠળ તે ગુના માટે ઠરાવવામાં આવેલ શિક્ષામાંથી જે શિક્ષા વધુ હોય તેવી શિક્ષાને પાત્ર થશે.

૪.૨. **કલમ–૪૨(એ)** માં એવી જોગવાઈ કરેલ છે કે, આ અધિનિયમ ની જોગવાઈ વધારાની રહેશે અને જો કોઈ જોગવાઈમાં વિસંગતતા જણાય તો જયાં સુધી આ અધિનિયમ અસંગત હોય ત્યારે બીજા અધિનિયમની જોગવાઈ લાગુ પડે.

૪.3. આ કામના આરોપીઓએ સગીર બાળાનુ અપહરણ કરી, આરોપી નં.૧ નાએ પોતાને એઈડસ હોવા છતાં ભોગ બનનાર સાથે સંભોગ

કરેલાની હકીકત ફરીયાદપક્ષે સાબિત કરેલ છે. આરોપી નં.૧ નાએ ભોગ બનનાર સગીર વયની હોવાનું જાણવા છતાં તેની સાથે દુષ્કર્મ કરેલ છે. આ કામમાં ડોકટરી પુરાવાને ધ્યાને લઈએ તો ભોગ બનનારને કોઈ ઈજાઓ આવેલ ન હોય તથા આરોપીઓની ઉંમરને ધ્યાને લઈએ તો આ કામમાં અઢાર વર્ષથી ઓછી ઉંમર ની સગીરાના બળાત્કારના ગુનામાં કાયદાએ દર્શાવેલ લઘુત્તમ સજા કરવા માટે પુરતા અને યોગ્ય કારણ છે, આરોપીઓની ઉંમર, બનાવ ના સંજોગો જોતાં સજા અંગે કાયદાએ જણાવેલ ૧૦ વર્ષની લઘુત્તમ સજાનો હુકમ કરવો આ કામમાં યોગ્ય જણાય આવે છે.

૪.૪. **ઈ.પી.કો.કલમ–૩૭૬** માં સજાની જોગવાઈ **૧૦ વર્ષ** છે અને પોકસો એકટ કલમ–૪ અને ૬ ના સુધારા પ્રમાણે પણ લઘુત્તમ સજાની જોગવાઈ **૧૦ વર્ષ** છે જે ધ્યાને લીધી.

**૫.** આ કામે ગુજરાત વિકટીમ કમ્પેનસેશન સ્કીમ વંચાણે લીધી. આ કામે આ સ્કીમનું નિર્માણ દુષ્કર્મમાં ભોગ બનેલ સગીરને આર્થિક, સામાજિક અને શૈક્ષણિક વગેરે તમામ બાબતોમાં પુનર્વસન માટે તેણીને સહાય મળી રહે તે હેતુથી આ સ્કીમ બનાવેલ છે, આ કામે ભોગ બનનાર બનાવ સમયે અઢાર વર્ષથી ઓછી ઉંમરના હતા ત્યારે અપહરણ અને બળાત્કારનો કેસ હોય તે બનાવ ભોગ બનનારના માનસ ઉપર થતી અસર તેમજ તેમાંથી બહાર આવવા માટે વળતર આપવા તેમજ આર્થિક નિભાવ માટે ભોગ બનનારના પુનર્રવસન માટે તેને **રૂ.૫૦,૦૦૦/–** અંકે રૂપિયા **પચાસ હજાર** વળતરની રકમ વિકટીમ કમ્પેનસેશન સ્કીમ હેઠળ વળતર અપાવવા યોગ્ય કેસ અને સંજોગો ભોગ બનનારના જણાતા હોય, ભોગ બનનારને વિકટીમ કમ્પેનસેશન સ્કીમ હેઠળ સરકારશ્રીમાંથી

**રૂ.૫૦,૦૦૦/–** વળતર અપાવવા યોગ્ય અને ન્યાયોચિત કેસ જણાય આવે છે.

**૬.** આ કામના ગુનાનુ સ્વરૂપ જોઈએ તો આરોપીઓએ અઢાર વર્ષથી ઓછી ઉંમરની સગીરાનું અપહરણ કરી, આરોપી નં.૧ નાએ ભોગ બનનાર સાથે શારીરીક સંબંધ બાંધી બળાત્કાર કર્યા તે વાત ધ્યાને લીધી. આ સંજોગો ધ્યાને લેતા સજા અંગેનો નીચે મુજબનો હુકમ કરવો જરૂરી જણાય છે.

## –:: <u>વિશેષ આખરી હુકમ</u> ::–

- આ કામે આરોપી **નં.૧.સુજલ ઉર્ફે ટકો પ્રવિણભાઈ વસંતભાઈ રાઠોડ**નાઓને બી.એન.એસ.એસ.ની કલમ–૨૫૮(૨) હેઠળ **બી.એન.એસ.ની કલમ–૧૩૭(૧), ૮૭, ૬૪(૧), ૫૪ તથા પોકસો. એકટ–૨૦૧૨ ની કલમ–૪, ૬** મુજબના ગુનામાં સંયુકત રીતે તકસીરવાન ઠેરવી **૧૦ વર્ષની** સખત કેદની સજા તથા **રૂ.૨૦,૦૦૦/–** દંડ અને દંડ ન ભરે તો વધુ ૧ વર્ષની સાદી કેદની સજા કરવા આથી હુકમ કરવામાં આવે છે.

- આ કામે આરોપી **નં.૨.સંજય ઉર્ફે ભમો કિશોરભાઈ વસંતભાઈ રાઠોડ**નાઓને બી.એન.એસ.એસ.ની કલમ–૨૫૮(૨) હેઠળ **બી.એન.એસ.ની કલમ–૧૩૭(૧)** મુજબના ગુનામાં તકસીરવાન ઠેરવી **ત્રણ વર્ષની** સાદી

કેદની સજા તથા **રૂ.૨,૫૦૦/-** નો દંડનો અને દંડ ન ભરે તો વધુ **૩ માસની** સાદી કેદની સજા કરવા આથી હુકમ કરવામાં આવે છે.

- સદર કામે ભોગ બનનારની ઉંમર બનાવ સમયે અઢાર વર્ષ કરતા ઓછી હતી અને તેણી જાતિય હુમલાનો ભોગ બનેલ છે તેથી તેના સામાજીક, આર્થિક, માનસીક પુનર્વસન માટે ભોગ બનનારે વીકટીમ કમ્પેનસેશન સ્કીમ હેઠળ વળતર અપાવવા યોગ્ય અને ઉચિત કેસ જણાતો હોય, ભોગબનનારની નાની ઉંમરને ધ્યાને લેતાં ભોગબનનારને **રૂપિયા પચાસ હજાર**નું વળતર ચુકવવા હુકમ કરવામાં આવે તો યોગ્ય અને ન્યાયોચ્ચિત જણાશે આથી **રૂ.૫૦,૦૦૦/-** નું વળતર ચુકવવા આથી ડી.એલ.એસ.એ., દેવભૂમિ ધ્વારકાને હુકમ કરવામાં આવે છે.

- **બી.એન.એસ.એસ.ની કલમ-૪૬૮** ની જોગવાઈ મુજબ આરોપીઓ જેટલો સમય જ્યુડીશ્યલ કસ્ટડીમાં રહેલા હોય તેટલો સમય સજામાંથી મજરે આપવો.

- આરોપી નં.૧ સુજલ ઉર્ફે ટકો પ્રવિણભાઈ રાઠોડનાઓએ ઉપરોકત તમામ સજાઓ એકીસાથે ભોગવવાની રહેશે.

➢ **બી.એન.એસ.એસ.ની કલમ–૪૦૪(૧)** મુજબની જોગવાઈ હેઠળ આ ઠરાવની એક નકલ આરોપીઓ ને વિના મુલ્યે પુરી પાડવી.

➢ મુદ્દામાલ અપીલ સમય સુધી જાળવી રાખવો, જો અપીલ થાય તો નામદાર અપીલ અદાલતના હુકમ અનુસાર આગળની જરુરી કાર્યવાહી કરવી.

હુકમ આજ **તા.ર૪મી, માહે–માર્ચ, સને–૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**તા.ર૪/૦૩/૨૦૨૬**
**ખંભાળીયા.**

*(વી.કે.જુંગી)*

**(એસ.જી.મનસુરી)**
સ્પેશ્યલ જજ (પોકસો) અને
બીજા એડીશ્નલ સેશન્સ જજ
દેવભૂમિ ધ્વારકા, મુ.ખંભાળીયા
**Code No.G.J.00603**